વર્ષ-13 । અંક-119 । વિક્રમ સંવત-2080 । ફાગણ સુદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ

RNI No.GUJGUJ/2011/40654
THURSDAY | 14-03-2024 | Ahmedabad | PAGE 1




# આધુનિક રેલવે વિકસીત ભારત માટે મોદી સરકાર ની ગેરંટી










## સિદ્ધિઓની એક ઝલક

### પોષણક્ષમ પ્રવાસન

**ભારત ગૌરવ ટ્રેનો:** ફેબ્રુઆરી 2023 થી, 1 લાખથી વધુ મુસાફરોને પોસાય તેવા ભાવે પ્રવાસન અને તીર્થયાત્રાનો દિવ્ય અનુભવ આપવામાં આવ્યો છે.

'દેખો અપના દેશ' સૂત્ર પર આધારિત, આ ટ્રેનો IRCTC દ્વારા વિવિધ થીમ આધારિત સર્કિટ પર ચલાવવામાં આવી રહી છે. શ્રી રામાયણ યાત્રા, જૈન સર્કિટ, બૌદ્ધ સર્કિટ, ગરવી ગુજરાત, શ્રી જગન્નાથ પુરી યાત્રા, પ્રવાસી ભારતીય પ્રવાસ, ઉત્તર-પૂર્વ સર્કિટ વગેરે.

**આસ્થા ટ્રેનો:** દેશભરના 4.5 લાખથી વધુ શ્રદ્ધાળુઓને અયોધ્યા જવાની સુવિધા

સાંસ્કૃતિક સંગમ અને શૈક્ષણિક વિનિમય પર ધ્યાન કેન્દ્રિત કરતી કાશી તમિલ સંગમમ, સૌરાષ્ટ્ર તમિલ સંગમમ અને યુવા સંગમ પ્રવાસમાં 10000 થી વધુ પ્રતિનિધિઓ/વિદ્યાર્થીઓની સુવિધા

### ઈન્ટરનેટ ટિકિટિંગ - ડિજિટલ ઈન્ડિયા

દર 5માંથી 4 મુસાફરો IRCTCની સેવાઓનો ઉપયોગ કરીને ટિકિટ બુકિંગની સરળતાનો આનંદ માણી રહ્યા છે

પીક ટાઈમ ટિકિટ બુકિંગની માંગને પહોંચી વળવા IRCTCના પોર્ટલની ક્ષમતા 14 ગણી વધી

IRCTC દ્વારા 'આસ્ક દિશા' ચેટબોટ દ્વારા 24x7 ગ્રાહક સપોર્ટ માટે નવીન ઉકેલ

મોબાઈલ આધારિત પ્લેટફોર્મ દ્વારા 'ઓન ધ ગો' ટિકિટ બુકિંગ સુવિધાને સક્ષમ કરવી

IRCTC દ્વારા રિટાયરિંગ રૂમ, હોટલ, બસ, ફ્લાઈટ્સ, લાઉન્જ, બુકિંગ માટે ઓનલાઈન સેવાઓની જોગવાઈ લક્ઝરી ટ્રેનો અને કેદારનાથ હેલીયાત્રા


### કેટરિંગ - ખાસ ઉલ્લેખ


કોવિડ રોગચાળા દરમિયાન 21 લાખથી વધુ ફસાયેલા લોકોને IRCTC દ્વારા નિયુક્ત બેઝ કિચનમાંથી રાજ્ય, રેલવે અને અનેક NGOના સહયોગથી ભોજન પીરસવામાં આવ્યું હતું.

રેલ નીર પ્લાન્ટ્સમાં અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને મુસાફરોને આરોગ્યપ્રદ, સારી ગુણવત્તા અને પોષણક્ષમ પીવાના પાણીની ખાતરી કરવી

**IRCTCનું માર્કેટ કેપ લિસ્ટિંગની તારીખે (14.10.2019) INR 11,657 કરોડથી વધીને INR 73,652 કરોડ થયું છે (12.03.2024 ના રોજ) 532% નો વધારો નોંધાવ્યો, આમ રોકાણકારોની સંપત્તિમાં વધારો થયો**



## PUBG ગેમમાં થોડા દિવસ બંને વચ્ચે વાતચીત ચાલી. પછી સચિન યાદવે ફેસબુક આઇડી મગાવ્યો , જેના પર પણ તેણે રિક્વેસ્ટ મોકલી...

# PUBG ગેમથી જીવન ઝેર થઈ ગયું!

### દિલ્હીના શખસની માયાજાળમાં CA ભણતી યુવતી કેવી રીતે થાપ ખાઈ ગઈ? એક ફ્રેન્ડ રિક્વેસ્ટથી ન્યૂડ કોલ સુધીની કહાની...

રાજકોટ | રાજકોટમાં CAનો અભ્યાસ કરતી યુવતીને ભણીગણીને પરિવારનું નામ રોશન કરવું હતું, પણ એક ઘટનાએ તેના જીવતરને . સ્ટડીની સાથે સાથે નવરાશની પળોમાં યુવતી PUBG ગેમ રમતી હતી. એક વખત તેના મોબાઈલમાં ‘શેડો ડેડ’ નામથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી, જે તેણે એક્સેપ્ટ કરી હતી. એ વખતે યુવતીને જરાય અંદાજ નહોતો કે આ સિલસિલો ન્યૂડ કોલ પર જઈને અટકવાનો છે,
જે તેની જિંદગીને બરબાદ કરી નાખશે. જોકે સમગ્ર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચતાં રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી અને આખરે યુવતીની જિંદગી બરબાદ કરનાર દિલ્હીના શખસ સચિન યાદવની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આજથી ચાર વર્ષ પહેલાં, એટલે કે વર્ષ 2020માં રાજકોટના પોશ વિસ્તારમાં રહેતી, સુખી-સંપન્ન પરિવારની દીકરી, જે CAનો અભ્યાસ કરતી હતી. અભ્યાસની સાથે ફ્રીના સમયમાં તે ક્યારેક ક્યારેક મોબાઈલમાં PUBG ગેમ પણ રમતી હતી. દરમિયાન તેને ‘શેડો ડેડ’ નામથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી, જેને એક્સેપ્ટ કરી હતી, જોકે રિક્વેસ્ટ મોકલનાર યુવકનું સાચું નામ સચિન યાદવ હતું અને તે વેસ્ટ દિલ્હીના મંગોલપુરી સોસાયટીમાં રહેતો હતો.
PUBG ગેમમાં થોડા દિવસ બંને વચ્ચે વાતચીત ચાલી. પછી સચિન યાદવે ફેસબુક આઈડી મગાવ્યો , જેના પર પણ તેણે રિક્વેસ્ટ મોકલી. સચિન યાદવે ‘રોની રોય’ના નામથી તેની ફેસબુક આઈડી બનાવ્યું હતું. બાદમાં ફેસબુક મેસેન્જરમાં બંને વચ્ચે ઘણા દિવસો સુધી વાતચીત ચાલી. ત્યાં સુધી યુવતીને નહોતી ખબર કે તે જેની સાથે વાત કરી રહી છે એ એક વિકૃત શખસ છે.

**યુવતીને સચિન પર ભરોસો આવી ગયો :** લાંબી વાતચીત બાદ યુવતીને સચિન પર ભરોસો આવી ગયો હતો, આથી સચિન યાદવે વિશ્વાસમાં લઈને યુવતીના મોબાઈલ અને વ્હોટ્સઅપ નંબર માગ્યા હતા, જેના પર બંને રોજ કલાકો સુધી વાતો કરતાં રહેતાં. ચેટ બાદ બંને વચ્ચે વીડિયો કોલ પર વાત થવા લાગી, જોકે સચિનની ડિમાન્ડ ધીમે ધીમે વધતી ગઈ, એક દિવસ સચિને યુવતીને વીડિયો કોલમાં નિર્વસ્ત્ર થવા કહ્યું, આથી યુવતીએ આ વાતની સચિનને ચોખ્ખી ના પાડી દીધી હતી. આમ છતાં સચિન યાદવે ડિમાન્ડ ચાલુ જ રાખી હતી. ન્યૂડ ચેટનો ક્યાંય દુરુપયોગ નહીં કરું એવી વાતો કરી સચિને યુવતીને પહેલા વિશ્વાસમાં લીધી હતી.

### ફેસબુક મેસેન્જરમાં યુવતીના નિર્વસ્ત્ર સ્ક્રીનશોટ મોકલ્યા

અનેક રીતે પ્રયાસ કરવા છતાં યુવતીનો સંપર્ક ન થતાં સચિન રઘવાયો બન્યો હતો. સચિને યુવતીના ફેસબુક ફ્રેન્ડ લિસ્ટમાંથી તેના સગા કાકાનું એકાઉન્ટ શોધી ફેસબુક મેસેન્જરમાં યુવતીના નિર્વસ્ત્ર સ્ક્રીનશોટ મોકલ્યા હતા, સાથે એવો મેસેજ કર્યો હતો કે જે ન્યૂડ ફોટા મોકલ્યા છે એ છોકરીને તમે ઓળખો છો? એ મારા ફ્રેન્ડ દાનીશની ગર્લફ્રેન્ડ છે. આવો મેસેજ મળતાં જ કાકા ચોંકી ઊઠ્યા હતા. તેમણે પોતાની ભત્રીજીને આ અંગે પૂછ્યું. કાકાની વાત સાંભળીને યુવતી ચોધાર આંસુએ રડવા લાગી હતી અને આખી આપવીતી જણાવી હતી. અંતે, આ મામલો રાજકોટ સાયબર ક્રાઈમમાં પહોંચ્યો હતો.

---

### બુટલેગરની હોંશિયારી ન ચાલી: એક વોન્ટેડ જાહેર

## કારેલીબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ઘરમાંથી દારૂ સાથે એકની ધરપકડ કરી

વડોદરા | વડોદરા શહેર જિલ્લામાં અવાર નવાર ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપાઈ રહ્યો છે. સ્થાનિક પોલીસના નાક નીચે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા વિદેશી દારૂ મોટા પ્રમાણમાં ઝડપી લેવામાં આવી રહ્યો છે. ગત રોજ SMC દ્વારા શહેરના કારેલીબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ બુટલેગરના ઘરમાં ભોંયરામાં રાખેલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. ત્યારે સ્થાનિક પોલીસ સામે અનેક સવાલો થઈ રહ્યાં છે.
વડોદરા શહેરના કારેલીબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ પ્રકાશ નગર ઝૂપડપટ્ટી નાગરવાડા પાસે આવેલ ઘરમાં SMC દ્વારા બાતમીના આધારે રેડ કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં બુટલેગરની હોંશિયારી સ્થાનિક પોલીસને ગંધ ન આવે તે રીતે સંતાડેલો દારૂ SMC દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં 1019 બોટલ વિદેશી દારૂ જેની કિંમત રૂપિયા 1,65,080 સાથે એક ઈસમની ધરપકડ કરી છે. જ્યારે એક ઈસમને વોન્ટેડ જાહેર કર્યો છે. SMCની કાર્યવાહીમાં વિદેશી દારૂ, રોકડ રકમ, વાહન અને મોબાઈલ મળી કુલ રૂપિયા 2,14,180નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જેમાં



ઝડપાયેલ આરોપી નિખિલ રાજુભાઈ કહાર (રહે, પ્રકાશનગર ઝૂપડપટ્ટી, નાગરવાડા, કારેલીબાગ, વડોદરા શહેર) અને વોન્ટેડ આરોપી પ્રશાંત રાજુભાઈ જાદવ (રહે.માધવનગર, વાઘોડિયા-અજાવા રોડ, વડોદરા) (દારૂનો જથ્થો સફેદ કલરની હ્યુન્ડાઈ કારમા ભરી મોકલનાર) સામે કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી સ્થાનિક પોલીસ સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. કેમ કે બુટલેગરની કરામત સ્થાનિક પોલીસ સમજી શકતી નથી. ત્યારે એસએમસી ખેલ પાડી દે છે.

## રાજકોટમાં મજુરના બેન્ક ખાતામાંથી બારોબાર રૂા.3.80 લાખ ઉપડી ગયા

રાજકોટ | રાજકોટમાં સાયબર ફ્રોડના કિસ્સા હવે સામાન્ય બની ગયા છે. રૂખડિયા કોલોનીના રાજીવનગરમાં રહેતાં અને મજૂરી કરતાં રણજીત પુનાભાઈ જાખેલીયા (ઉ.વ.૪૬)ના બેન્ક એકાઉન્ટમાંથી ગઠીયાઓએ બારોબાર રૂા.૩.૮૦ લાખ ઉપાડી લીધાની સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં રણજીતભાઈએ જણાવ્યું છે કે એસબીઆઈની મુખ્ય શાખામાં તેનું સેવીંગ અને એફડી એકાઉન્ટ છે. તે બેન્કની ઓનલાઈન સેવાનો કયારેય ઉપયોગ કરતા નથી. ગઈ તા.૨૨-૭-૨૦૨૨નાં રોજ સેવીંગ એકાઉન્ટમાંથી રૂપિયા ઉપાડવા ગયા હતા. પરંતુ રૂપિયા ઉપડયા ન હતા. જેથી બેન્કે રૂબરૂ જઈ તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે તેના ખાતામાંથી ઓનલાઈન રૂા.૨.૩૦ લાખ અને રૂા.૧૯૯૦ ઉપડી ગયા છે. જેથી તે ચોંકી જતાં બેન્કના સ્ટાફને જણાવ્યું કે તેણે કોઈ ઓનલાઈન રૂપિયા ઉપાડયા નથી. આ સ્થિતિમાં તેણે પોતાના રૂપિયા પરત માંગતા બેન્ક તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. એટલું જ નહીં તેને સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ કરવાનું કહેતા તેણે ઓનલાઈન ફરિયાદ કરી હતી. ત્યારબાદ તેને રૂપિયાની જરૂર પડતાં એફડી એકાઉન્ટમાંથી પૈસા ઉપાડવા જતાં જાણવા મળ્યું હતું કે તેના આ એકાઉન્ટમાંથી પણ રૂા.૬૪ હજાર ઉપડી ગયા છે. એટલું જ નહીં તેનું ઓનલાઈન ઓડી લોન એકાઉન્ટ પણ બની ગયું છે. જેમાંથી રૂા.૨૫ હજાર અને રૂા.૪૫૫૦૦ ઉપડી ગયા છે. જેથી તેણે બેન્કના સ્ટાફને કોઈ લોન નહીં લીધાનું જણાવ્યું હતું.

### કાર્યવાહી કરવાની ખાતરી આપતા કન્વીનર પીયૂષ શાહ

## નોટરીના લાઇસન્સના નામે રાજકોટના વકીલો પાસેથી વચેટિયાએ રૂ.1.50 કરોડ ખંખેરી લીધા

રાજકોટ | સુરતમાં નોટરી બનાવવાના નામે વકીલોને ખંખેર્યાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ હવે તેના પડઘા રાજકોટમાં પણ પડ્યા છે અને રાજકોટમાં પણ વકીલાત કરતા 40 કરતા વધુ વકીલોને નોટરીનું લાઈસન્સ અપાવવાના બહાને વચેટિયાએ રૂ.1.50 કરોડ ખંખેરી લીધાની ચોંકાવનારી હકીકત પ્રકાશમાં આવી છે.
આ અંગે ભાજપ લીગલ સેલને મૌખિક ફરિયાદ મળતા વકીલોને લેખિત ફરિયાદ કરવા કન્વીનર પીયૂષ શાહે જણાવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા નોટરીની નિમણૂક માટે વકીલોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા જેમાં નોટરી એક્ટ મુજબ ઉમેદવારી કરતા 8086 જેટલા વકીલોની નોટરી તરીકે પસંદગી કરવામાં આવી હતી. જેમાં રાજકોટમાં પણ વકાલતની પ્રેક્ટિસ કરતા વકીલોએ નોટરી બનાવવા અરજી કરી હતી. રાજ્ય સરકારે રાજકોટ જિલ્લામાં કુલ 190 વકીલને નોટરી તરીકે માન્યતા આપી હતી.
દરમિયાનમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પ્રમુખપદે જે.જે.પટેલની નિમણૂક થયાના ગણતરીના કલાકો રાજ્ય સરકારે નોટરી તરીકેની અરજી કરનાર તમામ વકીલોને નોટરી તરીકે નિમણૂક આપી દેતા સુરતમાં વચેટિયાએ નોટરી બનાવવા માટે ઉઘરાણાનું કૌભાંડ અચાનક પ્રકાશમાં આવ્યું હતું અને સુરતની ઘટનાના પડઘા શમે તે પૂર્વે રાજકોટમાં પણ વચેટિયાઓ નોટરી બનવા માટે વકીલો પાસેથી રૂ.3.50 લાખથી 5 લાખ સુધીના ઉઘરાણા કર્યાની વિગતો પ્રકાશમાં આવી હતી.
ભાજપ લીગલ સેલના કન્વીનર પીયૂષ શાહે જણાવ્યું હતું કે, ચાર વકીલો મારી પાસે આવ્યા હતા અને તેમની પાસેથી એક વચેટિયાએ નોટરી તરીકેની માન્યતા અપાવવા રૂ.3.50-3.50 લાખમાં સોદો કર્યાનું અને એડવાન્સ પેટે રૂ.1.50-1.50 લાખ લઈ લીધાની મૌખિક ફરિયાદ કરી હતી. આ વચેટિયાએ નોટરી તરીકેની નિમણૂક થઈ જાય એટલે બાકીના રૂ.2-2 લાખ દેવાના નક્કી કર્યા હતા. આ ઉપરાંત અન્ય રેવન્યુ બારના અમુક વકીલો પાસે તો આ વચેટિયાએ રૂ.5-5 લાખ લઈ લીધાની ફરિયાદો પણ સાંભળવા મળી રહી છે, પરંતુ ફરિયાદ મૌખિક હોવાથી ભોગ બનનાર વકીલોને લેખિત ફરિયાદ કરવા જણાવાયું છે.

## યુવતીને ઉઠાવી ગયાની ઘટના બાદ વેર વાળવા સામા પક્ષની યુવતીનું અપહરણ

મોરબી | મોરબીના ફડસર ગામે રહેતો યુવાન એક પરિવારની દીકરીને ભગાડી ગયો હોય, જેનો ખાર રાખીને યુવતીના માતા અને મામા સાથે પાંચ ઈસમોએ બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો અને યુવતીને ગાડીમાં બેસાડી અપહરણ કરી લઇ જઈને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. મોરબીમાં રહેતી યુવતીએ આરોપીઓ કાનાભાઈ જીવાભાઈ સવસેટા, જયદીપભાઈ જીવણભાઈ સવસેટા, વિક્રમભાઈ રહે ત્રણેય દેવગઢ તા. માળિયા, જયલો બાબરિયા રહે કુન્તાશી અને મુન્નાભાઈ જીલરીયા એમ પાંચ વિરુદ્ધ મારામારી, અપહરણ અને ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે જેમાં જણાવ્યું છે કે ગત તા. ૧૦ માર્ચના સવારે પિતાએ વાત કરી હતી કે ફૂવા આહાભાઈ છગનભાઈ સવસેટાનો ફોન આવ્યો હતો કે ધરમ ઘરે છે કે નહિ જેથી તે બહાર હોય અને ઘરે જઈને તપાસ કરીને કહે ધરમ ક્યાં ગયો છે. પૂછતાં ફરિયાદી યુવતીએ પિતાને કહ્યું કે ઘરે નથી બહાર ગયો છે. ફોન આવતા દીકરો ધરમ કાનાભાઈ સવસેટાની દીકરી રિદ્ધિ બંને ભાગી ગયા છે તપાસ કરતા ફરિયાદીના ભાઈનો ફોન બંધ આવતો હતો. જેથી તપાસ કરી હતી પિતાજી ભાઈની તપાસમાં બહાર હોય જેથી ફરિયાદી અને તેની માતા બંને ઘરે એકલા હતા અને તા. ૧૦ ના સાંજે મામા વાસુર કાનાભાઈ સવસેટા અને ભરત દાનાભાઈ સવસેટા બંને ફડસર ગાડી લઈને યુવતી અને માતાને તેડવા આવ્યા હતા અને બંને મામાના ઘરે જતા રહ્યા હતા તા. કૌટુંબિક મામા કાનાભાઈ જીવાભાઈ સવસેટા, જયદીપ, વિક્રમભાઈ, જયલો બાબરિયા અને મુન્નાભાઈ ગાડીમાંથી ઉતર્યા અને તમામ પાસે તલવારો હતી.

### કાળમુખા અકસ્માતે બે પરિવારને ઉજાડ્યા..

## બાખલવડ ગામ પાસે કારે બાઇકને ઉલાળતાં મામા તેની બે માસૂમ ભાણેજનાં કમકમાટીભર્યાં મોત

રાજકોટ | જસદણના બાખલવડ ગામ નજીક રાત્રે કારે બાઈકને અડફેટે લેતાં મામા અને બે માસૂમ ભાણેજનાં કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં. રાજકોટ-ભાવનગર હાઈવે રાત્રે મરણચીસોથી ગુંજી ઊઠ્યો હતો. આ અકસ્માતમાં મામા અને તેની ચાર વર્ષની ભાણેજનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે આઠ વર્ષની ભાણેજને માથાના ભાગે ઈજા પહોંચતાં તેને વધુ સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી, જોકે તેણે પણ સવારે દમ તોડી દેતાં અરેરાટી મચી ગઈ હતી.
પ્રાપ્ત વિગત મુજબ, અજયભાઈ સદાસિયા (ઉં.વ.30) પોતાની બે ભાણેજ કિંજલ રણછોડભાઈ ઓળકિયા (ઉં.વ.8) અને માહી રણછોડભાઈ ઓળકિયા (ઉં.વ.4) પોતાની બાઈકમાં બેસાડીને બાખલવડ ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક કારે બાઈકને અડફેટે લેતાં મામા અને બે ભાણેજ ફંગોળાઈને રોડ પર પટકાયાં હતાં, જેમાં અજયભાઈ અને માહીનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે કિંજલને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જોકે આજે સવારે તેણે પણ દમ તોડી દીધો હતો.
અકસ્માતની જાણ થતાં જ અજયભાઈનાં અને તેની બે ભાણેજનાં પરિવારજનો ઘટનાસ્થળે દોડી ગયાં હતાં. ઘટનાસ્થળે બેનાં મોત જોતાં જ કલ્પાંત કર્યો હતો, જ્યારે ડચકા ભરી રહેલી કિંજલને 108 મારફત હોસ્પિટલ ખસેડી હતી, જ્યાં પણ પરિવારજનો અને સગાં-સંબંધીઓ દોડી



ગયાં હતાં. આખી રાત જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતી કિંજલે અંતે સવારે અંતિમ શ્વાસ લેતાં પરિવારજનો માનસિક રીતે તૂટી ગયાં હતાં.
ઘટનાની જાણ થતાં જ પોલીસ દોડી ગઈ હતી અને મૃતકોના મૃતદેહોને પીએમ માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. પીએમ બાદ ત્રણેયના મૃતદેહ પરિવારને સોંપાશે. હાલ પોલીસે કારચાલક સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. અકસ્માત કરનાર અલ્ટો કારના નંબર GJ-01-HS-7937 છે. અમદાવાદ પાસિંગની આ કાર કોની છે એ પોલીસે નંબરના આધારે તપાસ હાથ ધરી છે.

## કાર્યવાહી: વાઘોડિયા રોડના સર્વિસ સ્ટેશનમાંથી મોંઘાદાટ વિદેશી દારૂનો જથ્થો પકડાયો

વડોદરા | બાપોદ પોલીસે બે સ્થળે દરોડો પાડીને રૂ.3.87 લાખના વિદેશી દારૂનો જથ્થા પકડી પાડ્યો હતો. એક દરોડામાં એક શખ્સ પકડાયો હતો. જ્યારે અન્યમાં પોલીસે દારૂ રાખનાર શખ્સને વોન્ટેડ જાહેર કરી કાર્યવાહી હાથ ધરી હતી.
ધનલક્ષ્મી સોસાયટીમાં સાઈ ઓટો ડિલરની ઓફિસ પ્લોટની બાજુમાં આવેલા શટરવાળા સર્વિસ સ્ટેશન સર્વિસ સ્ટેશનમાં રવિ કનુભાઈ કહાર(રહે, સ્લમ કોટર્સ સુર્યનગરની નજીક વાઘોડિયા રોડ) એ વિદેશી દારૂનો જથ્થો મુકી રાખ્યો તેવી બાતમીથી બાપોદ પોલીસે સર્વિસ સ્ટેશનમાંથી વિદેશી દારૂ મળી કુલ રૂ. 2.76 લાખના મુદ્દામાલ કબજે કર્યો હતો. રવિ કહારને વોન્ટેડ જાહેર કરાયો હતો. આ ઉપરાંત ન્યુ વીઆઈપી રોડ પર રઘુકુળ સ્કૂલ પાસે દારૂ ભરેલી કાર



સાથે ધર્મેશ રામદાસ રાઠવાને રૂ.1.11 લાખના દારૂ સાથે પકડયો હતો ધર્મેશ અને માહિર સામે ગુનો દાખલ કરી એકને વોન્ટેડ જાહેર કર્યો હતો. વાઘોડિયા રોડના વાહન ધોવાનું શટરવાળુ સર્વિસ સ્ટેશનમાં પોલીસે દરોડો પાડતા તેમાંથી મોંઘીદાટ વિદેશી સ્કોચની બોટલો મળી આવી હતી. જેમાં સિવાસ રિગલ, બ્લેક લેબલ, દેવાર્સ, બેલેન્ટાઈન, જે એન્ડ બી, જેમસન, રેડ લેબલ સહિતની બોટલોનો સમાવેશ થાય છે.

---

### 18 વર્ષે સોનાની ચેઇન પરત મળી: 2006માં તાપી નદીનું વિનાશકારી પૂર આવ્યું હતું...

## 2006માં તાપીના પૂર વખતે ઘરમાંથી 12 હજારની સોનાની ચેઇન ચોરાઈ હતી, આજે પરત મળતાં 1.20 લાખની થઈ

સુરત | આજનો જમાનો એવો છે કે કોઈ વસ્તુ ખોવાઈ જાય તો પાછી મળે નહીં. પણ કહેવાય છે ને કે નસીબમાં હોય એ કોઈ છીનવી શકતું નથી. આ વાક્યને ચરિતાર્થ કરતો કિસ્સો સુરતમાં બન્યો છે. થયું એવું કે 2006માં તાપી નદીનું વિનાશકારી પૂર આવ્યું હતું. લોકો ઘર છોડીને ધાબે કે સગાં-વહાલાંને ત્યાં ચાલ્યા ગયા હતા. એ સમયે એક પટેલ પરિવારના ઘરમાંથી 12 હજારની સોનાની ચેઈન ચોરાઈ ગઈ હતી. પછી તો ચોર પકડાઈ ગયો ને છૂટી પણ ગયો. પણ પટેલ પરિવારે હાર ન માની. ચેઈન મેળવવા માટે કોર્ટના ધક્કા ખાધા ને 18 વર્ષ પહેલાં ચોરાયેલી સોનાની ચેઈન પરિવારને પરત મળી છે.
સુરતના વેડ રોડ વિસ્તારમાં રહેતા પટેલ પરિવારને ન્યાય મેળવામાં થયેલા વિલંબે ફાયદો કરાવી આપ્યો છે. વર્ષ 2006માં મહા વિનાશકારી પૂરમાં ઘરમાંથી 12 હજારની કિંમતની સોનાની ચેઈન ચોરી થઈ ગઈ હતી. જે પરત મળતા હવે તેની બજાર કિંમત 1 લાખ 20 હજાર થઈ ગઈ છે. આથી વિલંબમાં પણ પરિવારને ફાયદો થયો છે. સોનાની ચેઈન મળતાં જ મહિલાની આંખોમાં ખુશીના આંસુ સરી પડ્યા હતા. વાત એવી છે કે, વર્ષ



2006માં સુરતમાં ભયંકર પૂર આવ્યું હતું. વેડ રોડ ધ્રુવતારક સોસાયટીમાં રહેતાં અંજનાબેન હસમુખભાઈ પટેલના ઘરમાં પણ પાણી ઘૂસી જતાં મોટું નુકસાન થયું હતું. અધૂરામાં પૂરું તેમના ઘરને તસ્કરોએ નિશાન બનાવી જમાપૂંજી કે મિલકતના નામે બચેલી 12 હજારની કિંમતની બે તોલા વજનની સોનાની ચેઈન તસ્કરો ચોરી ગયા હતા.થોડા સમય બાદ ચોર ચેઈન સાથે પકડાઈ ગયો અને નિર્દોષ પણ છૂટી ગયો હતો, પરંતુ ચેઈન કોર્ટનાં આદેશ વિના આપી શકાય તેમ ન હતી. ચોકબજાર પોલીસ મથકની તિજોરીમાં મુદ્દામાલ તરીકે જમા રાખવામાં આવી હતી. આ વાતને આજે 18 વર્ષ વીતી ગયા હતા. એક તબક્કે ચેઈન મળવાની આશા ગુમાવી ચૂકેલાં પરિવારનાં ઘરે ગઈકાલે ટકોરા પડ્યા હતા, પરિવારે દરવાજો ખોલતાં જ સામે પોલીસ હતી. પોલીસે અંજનાબેનને પરખાવ્યું હતું કે, તમારા ઘરે ચોરી થઈ હતી તેના કામે તમારે પોલીસ મથકમાં આવવાનું રહેશે. ચેઈન પરત મળે તે માટે અંજનાબેને કોર્ટમાં અનેક વખત પ્રયાસ કર્યા હતા. 2022માં કોર્ટ દ્વારા ચેઈન અંજનાબેનને મળે તેવો આદેશ પણ કરાયો હતો, છતાં તેની પ્રોસિજર ક્યાંક અટકી પડી હતી, કચવાટ સાથે અંજનાબેન પોલીસ મથકે પહોંચ્યા હતા ત્યારે તેમને આશ્ચર્ય જોવા મળ્યું હતું. ઈન્સપેક્ટર વી.વી. વાગડિયાએ તેમના ઘરેથી ચોરી થયેલી બે તોલા વજનની સોનાનો ચેઈન પરત કરી હતી. 18 વર્ષે ચેઈન પરત મળતાં તેમની આંખમાંથી પોલીસ ઈન્સપેક્ટરની હાજરીમાં જ આંસુ આવી ગયા હતા. પોતે આ ચેઈન પરત મળવાની આશા એક તબક્કે ગુમાવી ચૂક્યા હતા. વિલંબના વસવસા વચ્ચે ચેઈન પરત મળી ત્યારે સોનાનો ભાવ 10 ગણો વધુ હોવાથી મન મનાવી લીધું હતું.

## દસ વર્ષ માટે દર વર્ષે આઠ દિવસ-સાત રાત્રિના હોલિડેઝ પેકેજના નામે 4 સાથે ઠગાઈ કરી

વડોદરા | વડોદરા શહેરમાં અવાર નવાર ઠગાઈની ફરિયાદો સામે આવી રહી છે. જેમાં વધુ એક ફરિયાદ વડોદરા તાલુકા પોલીસ મથકમાં નોંધાઈ છે. ફરિયાદીએ દસ વર્ષ માટે દર વર્ષે એક વાર હોલીડેઝ પેકેજના નામે ચાર ફરિયાદી સાથે રૂપિયા 5.18 લાખની ઠગાઈનો મામલો સામે આવે છે. જેમાં ફરિયાદીએ પાર્ક પ્રીવેરા કંપનીના ડાયરેક્ટ સહિત બે સામે ફરિયાદ નોંધાવી છે.
ફરિયાદમાં પાર્ક પ્રીવેરા હોલિડેઝ કંપનીના ડીરેક્ટર રાહુલ ગુપ્તા (રહે. મુળ, હમુરોડ શૈલ યામાહા ગલી સામે ભારતમાતા ચોક બાયપાસ હરમું રાચી, ઝારખંડ, હાલ રહે, 404 શ્રી નાથ દર્શન એપાર્ટમેન્ટ ઈલોરા મીલ્ક સેન્ટર સામે સુભાનપુરા વડોદરા) અને કંપનીના કર્મચારી સુયલ રાજપુત અને નીશીથ શ્રીવાસ્તવે ફરિયાદી સાથે દસ વર્ષે માટે દર વર્ષે એકવાર સાત રાત્રિ તથા આઠ દિવસનું એક હોલિડેઝ પેકેજ આપવાનું કહી ફરિયાદીને વિશ્વાસમાં લઈ ફરિયાદી પાસેથી રૂપિયા 1,17,000 પડાવી લીધા હતા.
બાદમાં બે વર્ષ દરમિયાન પેકેજમાં જણાવેલ સ્કીમ મુજબ કોઈ બુકીંગ નહી આપી તેમજ ફરિયાદીએ તેઓના મોબાઈલ નંબર ઉપર ફોન કરતા ફોન બંધ કરી દીધો હતો. સાથે કોઈ પણ જાતનો સંપર્ક થઈ શકતો ન હતો. સાથે આ ઠગાઈમાં ભોગ બનનાર



મયંક વિલાસરાય વૈધ્ય પાસેથી રૂપિયા 1,05,000, અમીત રમેશચંદ્ર શર્મા પાસેથી રૂપિયા 52,999, જીગ્નેશકુમાર ઈશ્વરભાઈ પટેલ પાસેથી 85,000 સાથે અલ્પાબેન સંદિપભાઈ દેસાઈ પાસેથી રૂપિયા 1,58,900 મળી કુલ રૂપિયા 5,18,899 રૂપિયાની ઠગાઈ આચરી હોવાથી ફરિયાદ નોંધાઈ છે.
આ બનાવને લઈ તાલુકા પોલીસે ઠગાઈ આચરનાર કંપનીના ડાયરેક્ટર રાહુલ ગુપ્તા (હરમુરોડ શૈલ યામાહા ગલી સામે ભારત માતા ચોક બાયપાસ હરમું રાચી, ઝારખંડ, હાલ રહે. 404થી નાથ દર્શન એપાર્ટમેન્ટ ઈલોરા મીલ સેન્ટર સામે સુભાનપુરા, વડોદશ શહેર) સાથે બે કર્મચારી સુયલ રાજપુત અને નીશીય શ્રીવાસ્તવ (જેના સરનામાની ખબર નથી) સામે ઠગાઈનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પાનવાડી ચોક પાસેથી એસઓજીએ 33.93 લાખનું પકડયું હતું

# મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપાયેલા 3 પેડલર બે દી'ના રિમાન્ડ પર

ભાવનગર | ભાવનગરના પાનવાડી ચોક પાસેથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે ૩૩.૯૩ લાખની કિંમતના મેફેડ્રોન ડ્રગ્સ સાથે પિતા-પુત્રી સહિત ચાર જણને ઝડપી લીધા હતા. જે તમામને ક્રાઈમ બ્રાંચે કોર્ટમાં રજૂ કરી ત્રણ પેડલરના બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. જ્યારે રિક્ષાચાલક શખ્સને જેલહવાલે કરી દીધો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મુંબઈથી ડ્રગ્સનો જથ્થો ખરીદી ભાવનગરમાં લાવવામાં આવ્યો હોવાની ચોક્કસ બાતમીના આધારે ગઈકાલે સોમવારે વહેલી સવારના સમયે ભાવનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે પાનવાડી ચોક પાસે વોચ ગોઠવી રિક્ષા નં.જીજે.૦૪.એયુ.૪૮૨૪માં સવારે રિક્ષાચાલક શખ્સ ઈબ્રાહીમ હુસેનભાઈ સિદ્દી, તેની પુત્રી સનાબેન મોહસીનખાન રોહિલા, રાહિલ ઉર્ફે સેહજાદ અબ્દુલભાઈ ડેરૈયા અને તેની ભાવિ પત્ની કનીઝફાતેમા ઉર્ફે સુમયાબેન હસનમિયા મૌલાખેલા સૈયદને ૩૩૯.૩૯ ગ્રામ નાર્કોટીક્સ મેફેડ્રોન ડ્રગ્સ (રૂા.૩૩,૯૩,૭૦૦), અતુલ રિક્ષા, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ, આરસી બુક, પાંચ મોબાઈલ ફોન, રોકડ રકમ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લઈ પૂછતાછ કરતા યુવતી, શખ્સ અને મહિલાએ મુંબઈના નાકુદા મોહલ્લા, મહમદઅલી રોડ, દરગાહ પાસે, મુંબઈ સેન્ટ્રલ વિસ્તારમાંથી એમ.ડી. ડ્રગ્સ ખરીદી ભાવનગરમાં ગ્રાહકોને વેચવા માટે લાવ્યાની કબૂલાત આપી હતી. જેના આધારે એસઓજી પીએસઆઈ મકવાણાએ ચારેય વિરૂધ્ધ નિલમબાગ પોલીસ મથકમાં નાર્કોટીક્સ ડ્રગ્સ પદાર્થ અધિનિયમની કલમ ૮ (સી), ૨૨ (સી), ૨૯ મુજબ ગુનો નોંધાવતા આગળની તપાસ એલસીબી પીએસઆઈ વી.વી. ધ્રાંગુએ હાથ ધરી ડ્રગ્સ સાથે ઝડપાયેલા માતા-પુત્ર, યુવતી અને શખ્સને આજે કોર્ટમાં રજૂ કર્યા હતા. જેમાં રિક્ષાચાલક વૃદ્ધ શખ્સ ઈબ્રાહીમ સિદ્દીનો રોલ રિક્ષામાં બેસાડી ઘર સુધી લઈ જવાનો હોય, તેને જેલહવાલે કરવામાં આવ્યો હતો.

લાભાર્થીને પોતાની અરજી મંજુર કે નામંજુર હોવાની પણ જાણ નથી

# માનવ કલ્યાણ યોજના અતંર્ગત મજુર લાભાર્થીને ટુલ કીટ નહી અપાતા વ્યાપક રોષ



ભાવનગર | માનવ કલ્યાણ યોજના અતંર્ગત મજુરો દ્વારા અરજી તો કરાઇ પરંતુ તે મંજુર થઇ કે નામંજુર થઇ તેની કોઇ માહિતી અપાઈ નથી કે નથી કોઇ મજુરોને ટુલ કીટ વિતરણ કરાય ત્યારે ગુજરાત મજદુર સંઘ દ્વારા સઘળી બાબતે રજૂઆત કરી પ્રશ્નોનો હલ લાવવા માંગ સાથે આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

ગુજરાત સરકાર દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફત માનવ કલ્યાણ યોજનાની અલગ અલગ અંદાજે અઢાર (૧૮) જેટલા ધંધાર્થીઓને અલગ અલગ ટુલ કીટ વિતરણ કરવામાં આવ છે પરંતુ ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૨ તથા વર્ષ ૨૦૨૩થી આજ સુધીની માનવ કલ્યાણ યોજનાની ઓનલાઇન અરજીઓ કરવામાં આવેલ છે. તે ટુલ કીટો લાભાર્થીઓને આજ દિન સુધી વિતરણ કરવામાં આવી ન હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

વધુમાં મજુરની પાસે પોતાના ધંધાને લક્ષીને ઓજાર (હથીયાર, સાધનો) ન હોય તો તેમને મજુરીએ જવામાં તકલીફો પડતી હોય છે અથવા તો સાધનો ભાડેથી લેવા પડતા હોય છે અને ગુજરાત સરકાર એવું ઈચ્છે છે કે કોઇ પણ મજુરી કામ કરતા મજુર પાસે પોતાની સાધન સામગ્રી હોવી જરૂરી છે. પરંતુ ભાવનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં વર્ષ-૨૦૨૨ થી આજ દિન સુધીની ઓનલાઇન કરેલ અરજીઓના ના તો કોઇ નામંજુર કરેલ કાગળ (પત્ર) મળેલ છે ના તો કોઇ મંજુર કરવા બાબત પણ પત્ર મળેલ છે. ત્યારે આવેલ અરજીઓ ઉપર શુ કાર્યવાહી કરવામાં આવી છે. તેવા પ્રશ્નો અરજદારોને મુંઝવણમાં મુકી રહ્યા છે અને જે મજુરોની અરજી મંજુર કરવામાં આવી હોય તો ફાળવણી કેમ નથી કરવામાં આવતી તે બાબતને લઇ ગુજરાત મજદુર સંઘ ભાવનગર દ્વારા રજૂઆત કરાઇ છે. સાથે જરૂરી કાર્યવાહી નહી થાય તો કલેક્ટર કચેરી ખાતે ઉપવાસ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારાઇ છે.

રાજુલા-જાફરાબાદ વચ્ચે લોઠપુર ગામ નજીક

# કોપર કંપનીના પ્લાન્ટ સામે સ્થાનિક લોકોના વિરોધ વચ્ચે સુનાવણી

રાજુલા | રાજુલા-જાફરાબાદ વચ્ચે લોઠપુર ગામ નજીક આવી રહેલ કોપર કંપનીના કારણે પર્યાવરણ સહિત સ્થાનિકોને નુકસાન જવાની ભીતિ હોવાનું જણાવી કેટલાક સંગઠન સંસ્થાના લોકો વિરોધનો સુર વ્યક્ત કર્યો છે. જોકે, અન્ય સ્થાનિકોએ કંપનીના સમર્થનમાં રાત્રે બેઠક યોજી હતી. આ સ્થિતિમાં હવે આવતીકાલ તા. ૧૩ના રોજ લોઠપુર ગામ નજીક લોક સુનાવણી થનાર છે.

ખેડૂતો સહિત પર્યાવરણ પ્રેમીઓ સંસ્થાના લોકો, રાજુલા કોપર હટાવો સમિતિ દ્વારા એક બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કંપની સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી અને રેલી સ્વરૂપે પોસ્ટર સાથે પ્રાંત અધિકારી સમક્ષ આવેદન પત્ર આપી રજૂઆતો કરવામાં આવી હતી. જેમાં મહુવા તાલુકાના ખેડૂત નેતા ભરતસિંહ વાળા, જયદીભાઈ ધાખડા, ભારતીય કિસાન સંઘ પ્રમુખ વિક્રમભાઈ ધાખડા, ચેતનભાઈ વ્યાસ, પર્યાવરણ પ્રેમી વિપુલ લહેરી, પર્યાવરણ પ્રેમી મનીષભાઈ ગૌસ્વામી, જોરુભાઈ ધાખડા, યુસુબભાઈ દરબાન, ધીરુભાઈ ધાખડા,અમરુભાઈ ધાખડા, ચેતનભાઈ વ્યાસ, ચંદુભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાનમાં, જાફરાબાદ તાલુકાના કાગવદર ગામ નજીક મોડી રાતે ખેડૂતો સ્થાનિકો કંપની વિરોધ કરનારા સામે સુર ઉઠાવી કંપનીને આવકારવા માટે બેઠક મળી હતી. જેમાં જિલ્લા પંચાયત સદસ્ય અને જિલ્લા કારોબારી ચેરમેન કરશનભાઇ ભીલ, કાગવદર પૂર્વ સરપંચ માહિપતભાઈ વરૂ, ઉંચેયા સરપંચ પ્રતાપભાઈ બેપારીયા, તાલુકા પંચાયત સદસ્ય શિવરાજભાઈ કોટીલા, કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળા, લોઠપુર સરપંચ રાણાભાઈ મકવાણા, કિસાન મોરચા નેતા કનુભાઈ વરૂ, ખેડૂત નેતા દિલુભાઈ વરૂ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆતો કરી હતી.પૂરતો પોલીસ બંદોબસ્ત રાખવા, સ્થાનિક હકારાત્મક લોકો માહિતી મેળવી શકે કોઈ બનાવ ન બને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે માટે પૂરતો બંદોબસ્ત ગોઠવવા માટે પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆતો કરવામાં આવી છે.

ચેનલમાં પાણી ઓછું હોવાથી ફેરી સર્વિસ અટવાતા 333 મુસાફરો પરેશાન

# 3 માસ બાદ રો-પેક્સ ફેરી સતત 3 કલાક સુધી મધદરિયે ફસાઈ!



ભાવનગર | સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચેનું ભૌગોલિક અંતર દૂર કરવા માટે શરૂ કરવામાં આવેલી ઘોઘા-દહેજ રો-પેક્સ ફેરી સર્વિસ આજે ફરી ઘોઘાના દરિયા કિનારાથી થોડે દૂર અટકી પડતા ફેરી સર્વિસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટયા હતા. ત્રણ મહિના બાદ ફરી વાર આ રીતે રો-પેક્સ ફેરી સર્વિસ દરિયામાં અધવચ્ચે અટકી પડી છે. અગાઉ નવેમ્બર માસમાં રો-પેક્સ ફેરી ઘોઘાના દરિયા કિનારેથી અડધો કિમી દૂર દરિયાના કાદવમાં ફસાઈ હતી. જે પછી આજે ફરી તેમાં વિક્ષેપ આવ્યો છે. આશરે ૩ કલાક સુધીની જહેમત બાદ શીપ બહાર નિકળી હતી.

દહેજથી ઘોઘા આવી રહેલું રો-પેક્સ ફેરી સર્વિસનું શીપ આજે બપોરે બાર કલાકે ઘોઘાની ચેનલમાં પ્રવેશ્યું હતું. બપોરે ૧૨.૧૮ કલાકે મુસાફરો ભરેલું શીપ દરિયામાં અટકી પડતા મુસાફરો ચિંતામાં મુકાયા હતા. શીપ ઘોઘાની સેન્ટર ચેનલમાં ટર્નિંગ સર્કલ પાસે ફસાઈ ગયું હતું. બીજી તરફ શીપને બહાર કાઢવા માટેની કામગીરી એજન્સી દ્વારા શરૂ કરી દેવામાં આવી હતી. રો-પેક્સ ફેરી સર્વિસ અટકી પડતા તુરંત ટગ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને મુસાફરોને આ અંગે જાણ કરવામાં આવી હતી. બીજી તરફ શીપને પુનઃ શરૂ કરવા માટેની કામગીરી શરૂ કરી દેવાઈ હતી. દહેજથી નિકળીને ઘોઘા આવી રહેલા રો-પેક્સ ફેરી સર્વિસના શીપમાં ૩૩૩ મુસાફરો ૧૮૦ વાહનો હતા. જે આશરે સાડા ત્રણ કલાક સુધી ઘોઘાના દરિયાકાંઠેથી દૂર દરિયામાં ફસાયેલા રહ્યાં હતા. જોકે બાદમાં બપોરે ૩.૦૨ કલાકે રો-પેક્સ ફેરી સર્વિસ ફરી પૂર્વવત થઈ હતી. જણાવ્યું છે કે પાણીના ઓછા પ્રવાહને કારણે વખતોવખત રો-રો ફેરીનું શિપ આવી રીતે ફસાઈ જાય છે. અગાઉ ૨૩ મી નવેમ્બરના રોજ સાંજે ૫.૩૦ કલાકે દહેજ જતી રો-રો ફેરી સવસ ઘોઘાના દરિયા કિનારેથી અડધો કિમી દુર કિચડમાં ફસાતા ફેરીમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટયા હતા. ત્યારે જહાજમાં આશરે ૫૦૦ મુસાફરો અને ૫૦ જેટલા વાહનો હતા.

# 4 દિવસ ભાવનગરમાં પાણી વિતરણ અનિયમિત રહેશે



ભાવનગર | હાલ ગરમી શરૂ થઈ ગઈ છે ત્યારે જ સરકારી તંત્રને પાણીને લગતી કામગીરી યાદ આવી છે. નાવડા પંપીંગ સ્ટેશનમાં એનસી૩૯ પ્રોજેક્ટ કાર્યરત કરવા જીડબલ્યુઆઈએલને કામગીરી કરવાની હોવાથી પાણી વિતરણને અસર થશે. આવતીકાલ બુધવારથી ચાર દિવસ સુધી ભાવનગરમાં પાણી વિતરણ અનિયમિત રહેશે, અમુક વિસ્તારમાં મહાપાલિકાનો પાણી સપ્લાય બંધ રહેશે. ભાવનગર શહેરને મહીપરી યોજના (જીડબલ્યુઆઈએલ) દ્વારા રો-વોટર પૂરું પાડતા નાવડા પંપીંગ સ્ટેશનમાં એનસી૩૯ પ્રોજેક્ટ કાર્યરત કરવા જીડબલ્યુઆઈએલને જરૂરી કામગીરી કરવાની હોવાથી આવતીકાલે તા. ૧૩ માર્ચને બુધવારથી આગામી તા. ૧૬ માર્ચને શનિવાર સુધી એમ કુલ ૪ દિવસ માટે નાવડા ખાતે પાણીના લેવલ અનુસાર નાવડાથી બી-નેટવર્ક તથા ડી-નેટવર્ક પાણીનો સપ્લાય અંશતઃ અસર પામવાની શક્યતા છે. આ શટડાઉનના સમયગાળા દરમિયાન ભાવનગર શહેરમાં આવતા રો-વોટરનાં દૈનિક પાણીના જથ્થાને પણ વિપરીત અસર થવાની શકયતા જણાય છે. જેથી આ સમયગાળા દરમિયાન ભાવનગર શહેરના જુદા જુદા વિસ્તારોમાં પાણી વિતરણ વ્યવસ્થા અનિયમિત રહી શકે છે તથા અમુક વિસ્તારોમાં પાણી સપ્લાય બંધ રહી શકે છે, જેની સર્વે શહેરીજનોએ નોંધ લેવા ભાવનગર મહાનગરપાલિકાએ અનુરોધ કરેલ છે. શહેરમાં ગરમીના દિવસોમાં જ ચાર દિવસ પાણી અનિયમીત રહેવાનુ હોવાથી લોકોની પરેશાની વધશે અને જે વિસ્તારને પાણી નહી મળે તે વિસ્તારમાં પાણીનો દેકારો થશે તેમ જણાય રહ્યુ છે.

શહેરના જળસ્ત્રોતમાં પ્રદુષિત પાણી ઠાલવવાનું બંધ કરવા માગ

# બોરતળાવમાં સિદસર-શામપરાથી ગટરનું ગંદુ પાણી ઠલવાતા લોકોમાં રોષ



ભાવનગર | ભાવનગર શહેરના બોરતળાવમાં સીદસર-શામપરાનુ ગટરનુ ગંદુ પાણી ઠલવાતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે અને આ બાબતે તત્કાલ યોગ્ય પગલા લેવા માંગણી કરવામાં આવી છે. ગંદુ પાણી પીવાથી બાળકો સહિતના લોકોના આરોગ્યને ખતરો રહેલો છે. આ બાબતને લઈ ૧૦ વર્ષના પાણી વેરાના પૈસા પરત આપવા માંગણી કરી છે. ભાવનગર શહેરના બોરતળાવમાં સીદસર-શામપરાની ગટરોનુ પાણી જાય છે અને તે પાણી પીવામાં ઉપયોગમાં લેવામાં આવે છે. સ્વચ્છતા અભિયાનની વાતો કરવામાં આવે છે પરંતુ લોકોને ગટરના પાણી પીવડાવવામાં આવી રહ્યા છે, જે ગંભીર બાબત છે. નાના બાળકો સ્કૂલે ભણવા માટે જતા હોય તો બાળકની માતા ઘરેથી બોટલમાં કોર્પોરેશનનુ પાણી ભરીને આપે છે પરંતુ આ ચોખ્ખુ નહી ગટરનુ પાણી હોય છે. સીદસરના મોટાભાગના વિસ્તારમાં હજુ ગટર કનેકશન નથી અને સીદસરના લોકો પાસેથી ગટર કનેકશનનો વેરો લેવામાં આવે છે. પહેલા બોરતળાવમાં માછલીઓ જોવા મળતી હતી પરંતુ હવે ગટરનુ તથા કેમીકલવાળું પાણી બોરતળાવમાં ઢલવાતુ હોવાથી માછલીઓ દેખાતી નથી. પાણી વેરાના ૧૦ વર્ષના પૈસા પરત આપવા માંગણી ઉઠી છે અને આ માંગણી નહી સ્વિકારય તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે અથવા હાઈકોર્ટમાં જશુ તેવી ચીમકી સીદસરના લલ્લુભાઈ બેલડીયાએ આપી છે. આ બાબતે જીપીસીબી, મહાપાલિકાના કમિશનર સહિતને આવેદન પત્ર આપવામાં આવેલ છે. જનતા અત્યાર સુધી બધુ સહન કરે છે, રોડ બનાવ્યો હોય તો ૬ માસમાં ગાબડા પડી જાય છે, નાળા બનાવાય તેમાં પણ ગાબડા પડી જાય છે, કરોડો રૂપીયાનુ ડ્રગ્સ પકડાય છે, દારૂ પકડાય છે, પાણી નહેર તૂટે છે વગેરે બાબત લોકો સહન કરે છે તેમ નાગરીકે અરજીમાં જણાવેલ છે.

## કપડવંજના ઈસ્લામપુરામાં પાણીજન્ય રોગચાળાની 50 સ્થાનિકોને અસર

કપડવંજ | કપડવંજ ઈસ્લામપુરામાં દૂષિત પીવાના પાણીથી પાણી જન્ય રોગની અસર થતા ૫૦ દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. ત્યારે ગટરની પાઈપમાં પંચર પડતા દૂષિત પાણી પીવાના પાણી સાથે ભળતા સમસ્યા સર્જાઇ હોવાનો લોકો આક્ષેપ કરી રહ્યા છે. પાલિકાતંત્ર પરિસ્થિતિને અહીં અટકાવે તો પાણીજન્ય રોગચાળો ફાટી નિકળવાની દહેશત વર્તાઇ રહી છે. કપડવંજ ઈસ્લામપુરા વિસ્તારમાં નગરપાલિકા દ્વારા પીવાનું પાણી પુરૂ પાડતી પાઈપ સાથે ગટરની પાઈપમાં પંચર થવાથી મિક્સ થવાના લીધે લગભગ ૫૦ જેટલા નાગરિકોને કમળાની અસર થવા પામતા શહેરની ખાનગી ધનુષ હોસ્પિટલ તેમજ સહયોગ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા તેમ વોર્ડ નં-૭ના રહીશ સૈયદ આશિફઅલી શૌકત અલીના જણાવ્યા અનુસાર આટલી વિકટ પરિસ્થિતિ હોવા છતાં નગરપાલિકા દ્વારા કોઈ ગંભીર નોંધ લેવામાં આવી નથી. ત્યારે વધુ રોગચાળો વકરે તે પહેલાં યોગ્ય નિકાલ કરવામાં નહિ આવે તો વધુ કમળાના દર્દીઓ વધી શકે તેવી પરિસ્થિતિ છે.

**આણંદ અને ખેડા જિલ્લાની 1200 થી વધુ શાળાના 1495 ઓરડા જર્જરિત |** આણંદ : ખેડા જિલ્લાના માતર તાલુકાની શેખુપુરા શાળામાં વર્ગખંડના પોપડા પડતા ચાર બાળકોને ઈજા પહોંચતા હરકતમાં આવેલ શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાની ૧૨૦૦ ઉપરાંત શાળાના ૧૪૯૫ જર્જરીત ઓરડા ઉતારી પાડવાની કાર્યવાહી કરવા લેખિત સૂચના આપવામાં આવી હતી. ઉમરેઠ તાલુકાના ફતેપુરા પ્રાથમિક શાળામાં જર્જરીત ઓરડા ઉતારી લીધા બાદ નવા ઓરડા તૈયાર કરવામાં વિલંબ થતા શાળાના ભુલકાંઓને શિયાલાની ઠંડીમાં ખુલ્લામાં બેસી ભણવાની ફરજ પડી હોવાના સમાચાર સોશિયલ મીડીયામાં વહેતા થયા હતા. આણંદમાં લગભગ ૧ હજાર શાળાઓમાં અંદાજે ૩૪૯ તથા ખેડા જિલ્લાની ૧૨૦૦ શાળાઓ પૈકી ૫૦૦ સરકારી શાળાઓમાં ૧૪૯૫ ઉપરાંત વર્ગખંડો જર્જરીત હાલતમાં હોવાનું જાણવા મળ્યું છે. જે અંગે જવાબદાર તંત્રમાં તપાસ કરતા ઉચ્ચ કક્ષાએ દરખાસ્તો કરાઈ હોવાનું અને ઉચ્ચ કચેરીએથી મંજુરી મળ્યા બાદ કામગીરી હાથ ધરાશે જેવા જવાબો આપવામાં આવે છે. બીજી તરફ કેટલા ઓરડાની દરખાસ્ત સરકારમાં મોકલવામાં આવી તેમજ કેટલાક જર્જરીત ઓરડા પેન્ડીંગ છે અને કેટલા ઓરડાના સમારકામ તથા નવા ઓરડા બનાવવા માટેના ટેન્ડર ભરાયા .

સિવિલ પ્રશાસને દર્દીઓને ફરી દાખલ કરવા પડયા

# મકાન ધરાશાયી થતાં ઘાયલ દર્દીઓની સારવાર બાબતે સિવિલમાં હોબાળો



નડિયાદ | નડિયાદ સિવિલ હોસ્પિટલ પ્રશાસન મકાન ધારાશાયી થવાની ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા દર્દીઓની યોગ્ય સારવાર ના આપવા મામલે ભીંસમાં મુકાયું છે. દર્દીઓની યોગ્ય તપાસ કરવાને બદલે માત્ર પ્રાથમિક સારવાર આપી કાઢી મૂક્યા હતા. ત્યારબાદ દર્દીઓને વધારે નુકશાન થયું હોવાની અસર જણાતા પુનઃ સિવિલમાં સારવાર માટે જતા તેમની સારવાર કરવામાં ન આવી હોવાથી મામલો ગરમાયો હતો. આ દરમિયાન મોડી સાંજે નડિયાદ કોંગ્રેસના અગ્રણીઓ પણ સિવિલમાં પહોંચ્યા હતા અને હોબાળો કર્યો હતો.નડિયાદમાં ગઈકાલે મરીડા ભાગોળ નજીક વિસ્તારમાં એક નિર્માણાધીન મકાનનો પહેલા માળનો સ્લેબ ધરાશાયી થતા ત્યાં કામ કરતા મજૂરો ઈજાગ્રસ્ત થયા હતા. જેથી તેમને તાત્કાલિક નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડયા હતા. જોકે ઘટનાની તુરંત બાદ તેમને સારવાર માટે ખસેડાયા હોવાથી સિવિલ પ્રશાસને માત્ર પ્રાથમિક સારવાર આપી મજૂરોને રજા આપી દીધી હતી અને તેમની કોઈ ખાસ તપાસ કે રિપોર્ટ કરાયો ન હતા. જેથી ઈજાગ્રસ્ત દર્દીઓ તેમને વધારે નુકસાન થયું હોવાનું જણાવતા આજે પુનઃ નડિયાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા માટે પહોંચ્યા હતા. દરમિયાન નડિયાદ સિવિલ પ્રશાસને બપોરથી માંડી મોડી સાંજે ૭ વાગ્યા સુધી આ દર્દીઓને કોઈપણ પ્રકારની સારવાર આપી ન હતી. તેમજ સિવિલ હોસ્પિટલની બહાર બેસી રહેવા માટે મજબૂર કરાયા હતા.

ત્યારે આ સમગ્ર ઘટના કોંગ્રેસ સહિતના લોકોને ધ્યાનમાં આવતા તમામ લોકો સિવિલ ખાતે પહોંચ્યા હતા. જ્યાં હોબાળો થતા નડિયાદ સિવિલ પ્રશાસન ભીંસમાં મુકાયું હતું. તેમજ દર્દીઓને જરૂરી તપાસ કર્યા વગર રજા આપી દેવા મામલે જવાબ આપવામાં સિવિલના જવાબદારો છટકબારી કરતા જોવા મળ્યા હતા. જેથી નડિયાદ શહેર કોંગ્રેસના હોદ્દેદારો સહિત કાર્યકરોએ હોબાળો કરતા સિવિલ હોસ્પિટલમાં આ દર્દીઓને ફરીથી દાખલ કરી તપાસ કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

ભળતા નામનો દૂરઉપયોગ કરી કરોડોની જમીન ખરીદી


# અમદાવાદના બિલ્ડરે ખેડૂત ન હોવા છતાં ઉત્તરસંડાની જમીન ખરીધાનો ઘટસ્ફોટ

નડિયાદ | અમદાવાદમાં રહેતા એક બિલ્ડરે નડિયાદના ઉત્તરસંડા ગામની એક જમીનના દસ્તાવેજોમાં પોતાના મળતા નામનો દૂરઉપયોગ કરી જમીનો ખરીદી હોવાનો ઘટસ્ફોટ થયો છે. બિલ્ડરે અનેક તાલુકાઓમાં જમીનો ખરીદી અને તેમાં પોતાના પરીવારજનોની વારસાઈ કરાવી ખેડૂત બનાવતા ચકચાર જાગી છે. આ મામલે કોર્ટમાં ફરિયાદ દાખલ થતા કોર્ટે પોલીસ ઈન્કવાયરી સોંપી હતી, જેમાં તપાસ દરમિયાન આ સમગ્ર ઘટસ્ફોટ થયો છે.

૬૩ વષય હરેશ કનૈયાલાલ શાહ હાલ અમદાવાદમાં જીવરાજપાર્ક સોસાયટીમાં રહે છે અને એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા હતા અને હાલ તેઓ નિવૃત છે. હરેશ શાહે ઉતરસંડાની એક જમીનમાં હરેશ કનુભાઈ પટેલ નામના વ્યક્તિની જમીનની નકલ કઢાવી હતી. આ જમીનની નકલમાં હરેશ કનુભાઈ નામ હતું, જે હરેશ શાહના નામમાં ભળતું નામ હતું. આ નકલનો ઉપયોગ કરી વર્ષ ૨૦૧૦-૧૧માં હરેશ શાહે અમદાવાદના વિરમગામમાં શાહપુર તાબે બ્લોક નં.૨૧૫/૭ અને ખાતા નં. ૧૧૦૭ની ક્ષેત્રફળ ૧-૫૦-૭૪વાળી જમીન ૪.૫૦ લાખ રૂપિયામાં વેચાણ કરાર કર્યો હતો.વિરમગામવાળી આ જમીન ખરીદી કર્યા બાદ હરેશ શાહે પોતાની પત્ની અને બે દિકરાના નામ આ જમીનમાં વારસાઈ કરાવ્યા હતા. ત્યારબાદ તબક્કાવાર હરેશ શાહે અન્ય કેટલાય તાલુકાઓમાં અને તેમાંય ખાસ કરીને ખેડા જિલ્લાના મહુધા તાલુકાના ગામોમાં લાખો રૂપિયાની જમીનો રાખી હતી. હરેશ શાહ સામાન્ય એકાઉન્ટન્ટની નોકરી કરતા હતા,


જો કે, આ નોકરી માત્ર ઓન રેકર્ડ દર્શાવી તેઓએ પોતે બિલ્ડર હોય અને પોતાની પાસે રહેલા અપ્રમાણસર નાણાંને બ્લેકમાંથી વ્હાઈટ કરવા માટે જમીનો ખરીદી લીધી હતી. આ અંગે નડિયાદના શૈલેષભાઈ પટેલ દ્વારા નડિયાદ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે અંગે કોર્ટે ઉતરસંડા હદ વિસ્તારના વડતાલ પોલીસ મથકને પોલીસ ઈન્કવાયરી કરવા આદેશ આપ્યા હતા.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

વૈવાહિક જીવન આનંદમય વિતશે. સંજોગોવસાત નાની-મોટી મુસાફરી કરવી પડી શકે છે. બિઝનેસમાં પ્રગતિથી ખુશીઓ મળશે.




**વૃષભ (બ,વ,ઉ)**

કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાંક ફેરફાર થઈ શકે છે. તમે તમારા વ્યવહારથી વાતાવરણને સામાન્ય બનાવવામાં સફળ રહેશો.




**મિથુન (ક,છ,ઘ)**

જેના કારણે સ્વાસ્થ્ય સંબંધી તમારા ખર્ચામાં વધારો થઈ શકે છે. કોઈ પણ પ્રોપર્ટીના ખરીદ વેચાણ પહેલાં તેના પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરી લેજો.




**કર્ક (ડ,હ)**

પરિવારના સભ્યો સાથે તમે સારો અને મનોરંજક સમય પસાર કરી શકશો. નસીબનો આજે સંપૂર્ણ સાથ મળશે અને બપોર સુધીમાં તમને કોઈ સારા સમાચાર મળી શકે છે.




**સિંહ (મ,ટ)**

દિવસ શુભ અને ફળદાયી બનશે. માનસિક પરેશાનીઓથી આજે તમે થોડી રાહત અનુભવી શકશો.




**કન્યા (પ,ઠ,ણ)**

વેપાર ક્ષેત્રમાં ધાર્યો લાભ થવાથી આનંદિત રહેશો. . વ્યવસાયમાં પરિવર્તનની યોજના બનાવી રહ્યા હોવ તો આ મામલે આજે આગળ વધવાનો દિવસ છે.




**તુલા (ર,ત)**

આકસ્મિક રીતે મોટી સંખ્યામાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે. મૂડી ભંડોળમાં વધારો થશે, સમજદારીથી સાથે કરવામાં આવેલું રોકાણ આજે સારો ફાયદો કરાવશે.




**વૃશ્ચિક (ન,ય)**

રાજકીય ક્ષેત્રમાં આજે વૃશ્ચિક રાશિના જાતકોને આશા કરતા પણ વધારે સફળતા મળશે. સંતાનો પ્રત્યેની તમારી ફરજો નિભાવી શકશો.




**ધન (ભ,ધ,ફ)**

આજે ઘર ઉપયોગી ચીજવસ્તુઓ પર ધનનો ખર્ચ થવાનો યોગ છે. સાંસારિક સુખ ભોગના સાધનોમાં વધારો થશે.




**મકર (ખ,જ)**

આજનો સમય વેડફશો નહીં. મહેનત અને અથાગ પરિશ્રમથી આજે તમને તમારા નસીબનો સંપૂર્ણ સાથ મળશે. સ્વજનો પાસેથી સુખ મળશે.



**કુંભ (ગ,શ,સ)**

આર્થિક પક્ષ આજે મજબૂત બની શકે છે. વ્યવસાયમાં તમને સારો એવો ફાયદો થશે. સન્માન, યશ, કિર્તીમાં પણ વધારો થવાનો યોગ દેખાઈ રહ્યો છે.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે શિક્ષણ અને પ્રતિયોગિતાના ક્ષેત્રમાં મીન રાશિના જાતકો સારી સફળતા મેળવી શકશો. આવકના નવા સ્ત્રોત ઊભા થશે. તમારી વાતચીતની શૈલી તમને ખાસ સન્માન અપાવશે.

### ભારતીય રિઝર્વ બેંકે પેટીએમ પેમેન્ટ બેંકની સેવાઓ માટે 15 માર્ચની સમયમર્યાદા નક્કી કરી હતી જે 15 માર્ચ બાદ સંપૂર્ણપણે બંધ થઈ જશે

# પેટીએમ યુઝર્સ માટે મહત્વના સમાચાર, બે દિવસ પછી તમે આ સુવિધાઓનો ઉપયોગ નહીં કરી શકો

નવી દિલ્હી | પેટીએમની મુશ્કેલી વધતી જ જઈ રહી છે. આરબીઆઈના પ્રતિબંધ બાદ પેટીએમના પેમેન્ટ્સ બેંકની ડેડલાઈન હવે બે દિવસમાં સમાપ્ત થઈ જશે. ભારતીય રિઝર્વ બેંકે પેટીએમ પેમેન્ટ બેંકની સેવા માટે 15 માર્ચની સમયમર્યાદા નક્કી કરી હતી જે 15 માર્ચ બાદ સંપૂર્ણપણે બંધ થઈ જશે. આરબીઆઈના નિર્દેશો પ્રમાણે પેટીએમ પેમેન્ટ્સ બેંક પર 15 માર્ચ 2024 બાદ કોઈ પણ ટ્રાન્જેક્શન એક્સેપ્ટ કરવામાં નહીં આવશે. આ સ્થિતિમાં બેંકે ગ્રાહકોને સલાહ આપી છે કે તેઓ પેટીએમ પેમેન્ટ બેંકમાં હાજર રકમ કોઈપણ અન્ય બેંક ખાતામાં ટ્રાન્સફર કરી દે. પેટીએમ પેમેન્ટ પર પ્રતિબંધ બાદ ઘણાં લોકો મૂંઝવણમાં છે કે કઈ સેવાઓ ચાલુ રહેશે અને કઈ સેવા બંધ થઈ જશે. જો કે કેટલીક સેવાઓ આ પછી પણ ચાલુ રહેશે. જેમ કે મની વિથડ્રોલ, રિફંડ અને કેશ બેક, UPI દ્વારા પૈસા ઉપાડવા, OTT પેમેન્ટ. ચાલો તમને વિગતવાર જણાવીએ કે કઈ સેવા કામ કરશે નહીં અને કઈ કામ કરશે.

**આ સેવા બંધ થઈ જશે**

- 15 માર્ચ બાદ યુઝર્સ પેટીએમ પેમેન્ટ્સ બેંકમાંથી તેમના એકાઉન્ટ, ફાસ્ટેગ અથવા વૉલેટને ટોપ-અપ નહીં કરાવી શકશે. આ સેવા 15 માર્ચ બાદ બંધ થઈ જશે.
- 15 માર્ચ બાદ યુઝર્સ પેટીએમ પેમેન્ટ્સ બેંક પર કોઈ પ્રકારની કોઈ પેમેન્ટ મેળવી નહીં શકશે.
- - જો યુઝરને સેલેરી અથવા કોઈ બીજો મની બેનિફિટ પેટીએમ પેમેન્ટ્સ બેંક પર મળી રહ્યો છે તો તેમને 15 ર્ચ બાદ આ લાભ નહીં મળશે.
- 15 માર્ચ બાદ પેટીએમ ફાસ્ટેગમાં રહેલા બેલેન્સને બીજા ફાસ્ટેગમાં ટ્રાન્સફર નહીં કરી શકાશે.
- UPI અથવા IMPS દ્વારા પેટીએમ પેમેન્ટ્સ બેંક એકાઉન્ટમાં કોઈ પણ પૈસા ટ્રાન્સફર નહીં થશે.
- આ સેવા 15 માર્ચ બાદ પણ ચાલુ રહેશે
- Money Withdrawal: Paytm પેમેન્ટ્સ બેંક યુઝર્સ પોતાના એકાઉન્ટ અથવા વૉલેટમાંથી હાલની રકમ ઉપાડી શકશે.
- રિફંડ અને કેશબેક: પેટીએમ પેમેન્ટ્સ બેંક ખાતામાંથી વ્યાજ પ્રાપ્ત કરી શકીએ છીએ, તેના પાર્ટર બેંકથી રિફંડ, કેશબેક અને સ્વીપ-ઈન કરી શકે છે.
- જ્યાં સુધી બેલેન્સ રકમ ઉપલબ્ધ છે ત્યાં સુધી પેટીએમ પેમેન્ટ્સ બેંક એકાઉન્ટમાંથી ઉપાડ અથવા ડેબિટ ઓર્ડર (જેમ કે NACH ઓર્ડર) કરી શકાય છે.
- મર્ચેન્ટ પેમેન્ટ: પેટીએમ પેમેન્ટ્સ બેંક વોલેટનો ઉપયોગ મર્ચેન્ટ પેમેન્ટ કરવા માટે થાય છે.
- તમે 15 માર્ચ બાદ પણ પેટીએમ પેમેન્ટ્સ બેંક વોલેટ બંધ કરી શકો છો. યુઝર પાસે વૉલેટ બંધ કરીને બેલેન્સને અન્ય બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનો વિકલ્પ હશે.
- 15 માર્ચ બાદ પણ ફાસ્ટેગ ઉપલબ્ધ રહેશે પરંતુ જ્યાં સુધી બેલેન્સ રહેશે ત્યાં સુધી. બેલેન્સ પૂરું થઈ ગયા બાદ યૂઝરને વધુ રકમ ઉમેરવાનો વિકલ્પ નહીં મળશે.
- યૂઝર પાસે UPI અથવા IMPSથી પોતાના પેટીએમ બેંક ખાતામાંથી પૈસા ઉપાડવાનો વિકલ્પ પણ હશે.
- હાલના રહેલા બેલેન્સનો ઉપયોગ માસિક ઓટીટી ચૂકવણી કરીને કરી શકાય છે. જો કે, 15 માર્ચ બાદ તેને કોઈ અન્ય બેંક ખાતા દ્વારા કરવાનું રહેશે.
- સેવાઓને કામ કરવા માટે યુઝર્સે સેલેરી ક્રેડિટ, ઈએમઆઈ પેમેન્ટ અને અન્ય ફાસ્ટેગને રિચાર્જની કરવાની સુવિધા માટે વધુ એક બેંક એકાઉન્ટ જોડવું પડશે અથવા પોતાના બેંક એકાઉન્ટને પેટીએમ પેમેન્ટ્સ બેંકમાંથી બીજા સપોર્ટેડ બેંક એકાઉન્ટમાં બદલવું પડશે.

# મ્યુ. ફંડમાં મહિલાઓની રૂચિ વધવા સાથે તેમનો હિસ્સો 21 ટકા વધ્યો

અમદાવાદ | જ્યારે પૈસા બચાવવાની વાત આવે છે, ત્યારે મહિલાઓ મોટે ભાગે સુરક્ષિત રોકાણ અથવા બચત તરફ વળતી જોવા મળે છે. પરંતુ હવે મહિલાઓએ માર્કેટમાં રસ દાખવ્યો છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ (એમ્ફી)ના ડેટા અનુસાર, મ્યુચ્યુઅલ ફંડમાં મહિલા રોકાણકારોનો હિસ્સો માર્ચ ૨૦૧૭માં ૧૫%થી વધીને ડિસેમ્બર ૨૦૨૩માં લગભગ ૨૧% થઈ ગયો છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં, મ્યુચ્યુઅલ ફંડ્સમાં મેનેજમેન્ટ હેઠળની કુલ સંપત્તિ રૂ. ૫૦ લાખ કરોડના આંકડાને વટાવી ગઈ હતી, તેનું કારણ એ પણ માનવામાં આવે છે કે મોટી સંખ્યામાં નિષ્ક્રિય રોકાણકારો બચત અને કમાણી કરવાના ઉદ્દેશ્ય સાથે મ્યુચ્યુઅલ ફંડ તરફ વળ્યા છે.

બીજી મહત્વની બાબત એ છે કે આ સમયગાળા દરમિયાન વિકાસની ગતિ શહેરી કેન્દ્રો કરતાં અવિકસિત અથવા અવિકસિત કેન્દ્રોમાં વધુ હતી. મૂ-૩૦ શહેરોમાં મહિલાઓનો પોર્ટફોલિયો અને મિલકતનો હિસ્સો અનુક્રમે ૧૫% થી વધીને ૧૮% અને ૧૭% થી વધીને ૨૮% થયો છે.આ રિપોર્ટ જણાવે છે કે લગભગ ૫૦% મહિલા રોકાણકારો ૨૫-૪૪ વર્ષની વય જૂથમાં આવે છે, જ્યારે વ્યક્તિગત રોકાણકારોના કુલ જૂથમાં તે લગભગ ૪૫% છે. મોટાભાગની મહિલાઓ રેગ્યુલર પ્લાન રૂટ હેઠળ રોકાણ કરે છે.ગોવામાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં મહિલાઓનો સૌથી વધુ હિસ્સો ૪૦% છે, ત્યારબાદ ઉત્તર-પૂર્વના રાજ્યો ૩૦% છે. ચંડીગઢ, મહારાષ્ટ્ર અને નવી દિલ્હીમાં પણ મેનેજમેન્ટ હેઠળની સંપત્તિમાં મહિલાઓનો હિસ્સો ૩૦% કરતા વધુ છે. આ ઉપરાંત મહિલા મ્યુચ્યુઅલ ફંડ વિતરકોની સંખ્યામાં પણ વધારો થયો છે.

### અંબુજા સિમેન્ટ્સ વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા

# મહિલાઓને સશક્ત બનાવીને સામાજિક પરિવર્તન લાવી

ચંદીગઢ | સામાજિક જવાબદારી પ્રત્યે તેની પ્રતિબદ્ધતા સાથે આગળ વધતી ડાયવર્સિફાઈડ અદાણી ગ્રુપની સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ કંપની અંબુજા સિમેન્ટ્સ તેની સીએસઆર પાંખ, ખાસ કરીને સેલ્ફ-હેલ્પ ગ્રુપ્સ (એસએચજી)ને ટેકો પૂરો પાડીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોનું પુનરુત્થાન કરવાનું ચાલુ રાખે છે. તાજેતરમાં જ દેવાર સમુદાયની મહિલાઓના પૂજા એસએચજીને અંબુજા સિમેન્ટ્સ તરફથી 300 ટન પ્લાસ્ટિક વેસ્ટ સપ્લાય કરવા માટેનો નોંધપાત્ર ઓર્ડર મળ્યો હતો.

છત્તીસગઢમાં બલોદા બજાર તાલુકાના રાવન ગામના દેવાર સમુદાય લાંબા સમયથી સામાજિક રીતે હાંસિયામાં ધકેલી દેવાયેલો હતો અને આર્થિક રીતે ઘણી હાડમારી વેઠતો હતો. આ સમુદાય તેમની આવક માટેના મુખ્ય સ્ત્રોત તરીકે મુખ્યત્વે કચરો વીણવા પર જ આધાર રાખતો હતો. અંબુજ સિમેન્ટ્સના મહિલા સશક્તિકરણ કાર્યક્રમે આ પડકારોનો સામનો કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે અને પ્લાસ્ટિકનો કચરો વીણવા દ્વારા આવક મેળવીને મહિલાઓને સશક્ત કરી છે તેમજ વૈકલ્પિક કચરો પૂરો પાડવા માટે અંબુજા સિમેન્ટ્સની વેસ્ટ મેનેજમેન્ટ આર્મ સાથે જોડી દીધી છે.

અંબુજા સિમેન્ટ્સ અને તેની વેસ્ટ મેનેજમેન્ટ આર્મ વચ્ચેના આ સહયોગાત્મક પ્રયાસ વેસ્ટ મેનેજમેન્ટ માટે એક નિરાકરણ કરતાં કંઈક સવિશેષ રજૂ કરે છે. દેવારની મહિલાઓને વધુ આજીવિકા માટેની તકો પૂરી પાડીને તથા વધારાની આવક મેળવી આપીને તેમનું ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત કરીને તે તેમનામાં આશાનું એક કિરણ જગાવે છે. આ સપોર્ટ સાથે તેઓ હવે તેમના પરિવારો માટે વધુ સારું ભોજન, શિક્ષણ અને આવશ્યક સંસાધનો પૂરા પાડી શકે છે જેથી તેઓ મુખ્ય પ્રવાહના સમાજમાં વધુ સારી રીતે ભળી શકે.

# પેસેન્જર વાહનોનું ફેબ્રુઆરીમાં અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ



**કંપનીઓ દ્વારા ગયા મહિને 3,70,786 પેસેન્જર વાહનોની ડીલીવરી,જે વર્ષ અગાઉના સમાન સમયમાં 3,34,790 યુનિટ**

નવી દિલ્હી | ભારતમાં પેસેન્જર વાહનોના જથ્થાબંધ વેચાણમાં ફેબ્રુઆરીમાં વાર્ષિક ધોરણે ૧૧ ટકાનો વધારો થયો છે. આ માહિતી આપતાં ઈન્ડસ્ટ્રી બોડી સિયામે કહ્યું હતું કે સ્પોર્ટ યુટિલિટી વ્હીકલ (એસયુવી) માર્કેટ પર તેમની પકડ મજબુતાઈ જાળવી રાખે છે.ઓટો કંપનીઓએ ગયા મહિને કુલ ૩,૭૦,૭૮૬ પેસેન્જર વાહનો ડીલરોને મોકલ્યા હતા, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં ૩,૩૪,૭૯૦ યુનિટ હતા.સિયામે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ વર્ષે ફેબ્રુઆરીમાં પેસેન્જર વાહનોનું અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ નોંધાયું છે. ફેબ્રુઆરી ૨૦૨૩ની સરખામણીમાં આ આંકડો ૧૦.૮ ટકા વધીને ૩.૭ લાખ યુનિટ થયો છે.સમીક્ષા હેઠળના મહિનામાં, ટુ-વ્હીલરનું કુલ વેચાણ ૩૫ ટકા વધીને ૧૫,૨૦,૭૬૧ યુનિટ થયું છે, જે ગયા વર્ષના સમાન મહિનામાં ૧૧,૨૯,૬૬૧ યુનિટ હતું. એ જ રીતે થ્રી-વ્હીલરનું જથ્થાબંધ વેચાણ ફેબ્રુઆરીમાં ૫૪,૫૮૪ યુનિટ થયું હતું, જે ગયા વર્ષના સમાન મહિનામાં ૫૦,૩૮૨ યુનિટ હતું.ગયા વર્ષની સરખામણીમાં ફેબ્રુઆરી ૨૦૨૪માં પેસેન્જર વાહનો, ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલરનું વેચાણ વધ્યું હતું, જ્યારે કોમર્શિયલ વાહનોના વેચાણમાં થોડો ઘટાડો થયો હતો.

# ધોરણ 12 પછી ઓછા ખર્ચે કરો આ શોર્ટ ટર્મ કોર્સ, મળશે લાખો રૂપિયાનો પગાર

મુંબઈ | ધોરણ12 પછી ઈવેન્ટ મેનેજમેન્ટ (ઈવેન્ટ મેનેજમેન્ટ કેરિયર) કોર્સ કરવાનો વિકલ્પ પણ પસંદ કરી શકો છો. આ એક શોર્ટ ટર્મ કોર્સ છે, જેને કર્યા પછી કોન્ફરન્સથી લઈને વેડિંગ અને કોર્પોરેટ ઈવેન્ટ્સ વગેરેને મેનેજ કરવાનું શીખી જાઓ છો. કોર્સ દરમિયાન એ શીખવવામાં આવે છે કે ઈવેન્ટને કેવી રીતે પ્લાન અને ઓર્ગનાઈઝ કરવી. આજના સમયમાં જ્યારે લોકો તેમની કોઈપણ ઈવેન્ટને પરફેક્ટ રીતે પ્લાન કરવા માંગે છે, ત્યારે આવામાં તેઓ પ્રોફેશનલ ઈવેન્ટ મેનેજરની સર્વિસ લે છે.આ દિવસોમાં ડિજિટલ માર્કેટિંગ કોર્સની ખૂબ જ ડિમાન્ડ છે. આજના સમયમાં દરેક વ્યક્તિ ઓનલાઈન દુનિયા તરફ વળી રહ્યા છે. આવી સ્થિતિમાં ડિજિટલ માર્કેટિંગ એક્સપર્ટની જરૂરિયાત પણ ખૂબ વધી ગઈ છે. બિઝનેસ નાનો હોય કે મોટો, લોકો પોતાની ઓનલાઈન હાજરી બનાવી રહ્યા છે.

# ચોખાના કુલ ઉત્પાદનમાં પશ્ચિમ બંગાળનો હિસ્સો ઘટયો: તેલંગણાની આગેકૂચ



મુંબઈ | દેશમાં ચોખાના ઉત્પાદનમાં પ્રવાહો પલ્ટાતા જોવા મળ્યા છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં ચોખા ઉત્પાદનના સમીકરણોમાં ખાસ્સો બદલાવ જોવા મળ્યો છે. ભારતમાં જે વિવિધ રાજ્યોમાં ચોખાનું ઉત્પાદન થાય છે એ પૈકી સૌથી વધુ ચોખાનુ ઉત્પાદન પશ્ચિમ બંગાળમાં થતું હતું અને ચોખાના ઉત્પાદનમાં રાજ્યવાર ગણીએ તો પ્રથમ ક્રમાંકે આવતું પશ્ચિમ બંગાળ હવે ત્યાં ચોખાનું ઉત્પાદન ઘટતાં પશ્ચિમ બંગાળ હવે ક્રમાંકમાં નીચે ઉતરતાં છેક ચોથા ક્રમાંકે આવી ગયાનું અનાજ બજારના જાણકારોએ જણાવ્યું હતું. એક બાજુ પશ્ચિમ બંગાળ ચોખાના ઉત્પાદનમાં પીછેહટ બતાવી રહ્યું છે ત્યારે બીજી તરફ તેલંગણામાં ચોખાનું ઉત્પાદન વધતાં ચોખા ઉત્પાદક રાજ્યોમાં તેલંગણા પ્રથમ ક્રમાંકે આવી ગયાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. દેશમાં ચોખાના ઉત્પાદનમાં ઉત્તર પ્રદેશ પ્રથમ નંબરે તથા તેલંગણા બીજા નંબરે આવ્યું છે ત્યાર પછી ત્રીજા નંબરે પંજાબ તથા ચોથા નંબરે પશ્ચિમ બંગાળ આવી ગયું છે. પશ્ચિમ બંગાળ પછી ચોખાના ઉત્પાદનમાં દેશમાં ઓરીસ્સા, છત્તીસગઢ, આંધ્ર-પ્રદેશ, મધ્ય-પ્રદેશ વિ. રાજ્યોનો ક્રમાંક અનુક્રમે આવે છે. દરમિયાન, તેલંગણામાં ચોખાનું ઉત્પાદન દર વર્ષે વધતું જોવા મળ્યું છે. ચોખાના વાવેતરનો વિસ્તાર તથા હેકટરદીઠ પેદાશને લક્ષમાં રાખીએ તો પશ્ચિમ બંગાળમાં ઉત્પાદન નીચે ઉતરી રહ્યાના નિર્દેશો મળ્યા છે. ૨૦૧૯- ૨૦ના પાક વર્ષમાં જોકે પશ્ચિમ બંગાળ ચોખાના ઉત્પાદનમાં ટોપ પર હતું. એ વર્ષમાં દેશના ચોખાના કુલ ઉત્પાદનમાં પશ્ચિમ બંગાળના ઉત્પાદનની ટકાવારી ૧૩.૩૬ ટકા નોંધાઈ હતી. જે ટકાવારી ઘટતી રહી ૨૦૨૩- ૨૪ના પાક વર્ષમાં આશરે ૯.૩૦ ટકાના મથાળે ઉતરી છે.પશ્ચિમ બંગાળમાં ૨૦૧૯-૨૦માં ચોખાનું ઉત્પાદન ૧૫૮.૮૦ લાખ ટન થયું હતું તે ઘટી ૨૦૨૩- ૨૪માં ૧૧૫.૨૦ લાખ ટન આસપાસ નોંધાયું છે. ડાંગરના વાવેતરનો વિસ્તાર આ ગાળામાં ત્યાં ૫૪.૯૦ લાખ હેકટર્સથી ઘટી ૫૦ લાખ હેકટર્સ નોંધાયો છે.પશ્ચિમ બંગાળમાં પલ્ટાતા હવામાનનો સામનો કરી શકે એવા પ્રકારના બિયારણનો વપરાશ ઓછો રહ્યો છે. તેલંગણા, આંધ્રપ્રદેશ, ઓરીસ્સા, છત્તીસગઢ વિ. રાજ્યોમાં સિંચાઈનો વ્યાપ વધ્યો છે.

# ડુંગળીના ભાવ નહિ વધે, સરકારે બનાવી કંઈક આવી યોજના

મુંબઈ | ડુંગળીના ભાવ નહીં વધે! સરકાર તેના બફર સ્ટોક માટે આ વર્ષે પાંચ લાખ ટન ડુંગળી ખરીદવાની યોજના બનાવી રહી છે. જો ભાવ વધે તો તેને નિયંત્રિત કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય છે. સૂત્રોએ શુક્રવારે જણાવ્યું હતું કે NCCF (નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિ.) અને NAFED (નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા લિ.) જેવી એજન્સીઓ સરકાર વતી ડુંગળીની ખરીદી કરશે. ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રાલયે ગયા વર્ષે પાંચ લાખ ટનનો બફર સ્ટોક બનાવ્યો હતો. તેમાંથી એક લાખ ટન હજુ ઉપલબ્ધ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે તેના 'બફર સ્ટોક'માંથી રાહત દરે ડુંગળી વેચવાના સરકારના નિર્ણયથી કિંમતોને નિયંત્રિત કરવામાં મદદ મળી છે. સરકાર આ મહિનાના અંતમાં ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવવા અંગે નિર્ણય લેશે.

# SME IPO ઈન્ડેક્સમાં 2590 પોઈન્ટનો કડાકો




મુંબઈ | મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના ચેરપરસન માધબી પુરી બુચ દ્વારા ગઈકાલે એસએમઈ આઈપીઓ અને કંપનીઓના શેરોના લિસ્ટિંગ બાદ શેરોના ભાવમાં મેનીપ્યુલેશન થઈ રહ્યાને રેગ્યુલેટરી ઓથોરિટી ગંભીરતાથી લઈ રહી હોવાનું જણાવતાં આજે એસએમઈ કંપનીઓના શેરોમાં વધુ મોટા ગાબડાં પડયા હતા. બીએસઈ એસએમઈ આઈપીઓ ઈન્ડેક્સ આજે વધુ ૨૫૯૦ પોઈન્ટ એટલે કે ૪.૬૭ ટકા તૂટયો હતો. જે બે દિવસમાં આઠ ટકા તૂટયો છે.બીએસઈ એસએમઈ આઈપીઓ ઈન્ડેક્સ આજેમંગળવારે વધુ ૨૫૮૯.૪૮ પોઈન્ટ એટલે કે ૪.૬૭ ટકા તૂટીને ૫૨૮૬૪.૪૩ના તળીયે આવી ગયો હતો. જે ગઈકાલે ૧૮૭૮.૩૩ પોઈન્ટ એટલે કે ૩.૨૮ ટકા તૂટયો હતો. આમ બે દિવસમાં એસએમઈ આઈપીઓ ઈન્ડેક્સમાં ૭.૯૫ ટકા એટલે કે ૪૪૬૭.૮૧ પોઈન્ટનો તોતીંગ કડાકો બોલાઈ ગયો છે.સંખ્યાબંધ એસએમઈ કંપનીઓના શેરોના ભાવોમાં ગાબડાં પડયા હતા. બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર અત્યારે લિસ્ટેડ કુલ ૩૦૦ સ્ક્રિપો-કંપનીઓ પૈકી આજે ૧૯૦ સ્ક્રિપોમાં ટ્રેડીંગ થયું હતું. જે પૈકી ૧૫૫ કંપનીઓના શેરોના ભાવો તૂટીને નેગેટીવ બંધ રહ્યા હતા. જ્યારે માત્ર ૩૦ શેરો પોઝિટીવ બંધ રહ્યા હતા.અત્યાર સુધીમાં બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર કુલ ૪૮૩ કંપનીઓ લિસ્ટ થઈ છે. જે પૈકી ૧૮૩ સ્ક્રિપો મેઈનબોર્ડમાં શીફ્ટ થઈ છે અને ૩૧ શેરોમાં ટ્રેડીંગ સસ્પેન્ડ થયું છે. ટ્રેડીંગ માટે અત્યારે ૨૫૮ સ્ક્રિપો માન્ય છે.ઉલ્લેખનીય છે કે, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈસીઝ (એસએમઈ) આઈપીઓમાં અને તેના લિસ્ટિંગ ભાવમાં ચાલતાં બેફામ તોફાનને લઈ આખરે સેબીની આંખ રહી રહીને ઉઘડતાં એસએમઈ કંપનીઓમાં આઈપીઓ અને તેના ભાવમાં થતાં મેનીપ્યુલેશન મામલે સેબી વધુ ડિસ્કલોઝર ફરજિયાત કરવા પર વિચારણા કરી રહ્યાનું સેબી ચેરપરસન માધબી પુરી બુચે તાજેતરમાં જણાવ્યું હતું. આ દરમિયાન સેબી ચેરપરસને ૧૫, માર્ચ સુધીમાં સેબી સ્મોલ અને મિડ કેપ ફંડો માટે સ્ટ્રેસ ટેસ્ટ-તાણ પરીક્ષણ માટે ડિસ્કલોઝરનું માળખું પણ જાહેર કરનાર હોઈ આજે સ્મોલ, મિડ કેપ શેરોમાં વ્યાપક ગાબડાં પડયા હતા.

# એચડીએફસી નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ ફંડ શરૂ કરાયો

મુંબઈ | ભારતના અગ્રણી મ્યુચ્યુઅલ ફંડ હાઉસિસ પૈકીના એક એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડના ઈન્વેસ્ટમેન્ટ મેનેજર એચડીએફસી એસેટ મેનેજમેન્ટ કં. લિ.દ્વારા એચડીએફસી નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ ફંડ શરૂ કરવામાં આવ્યો છે. આ ફંડનો એનએફઓ 7મી માર્ચ 2024ના રોજ ખુલ્યો છે અને 21મી માર્ચ,2024ના રોજ બંધ થશે.

રિયલ્ટી સેક્ટર અર્થતંત્ર માટે અત્યંત મહત્વનું છે, કારણ કે તે કેટલાક સેક્ટર પૈકીનું એક સેક્ટર છે કે જે આર્થિક વૃદ્ધિ, રોજગારી તથા સરકારી આવકો માટે ચાલકબળ છે. રેસિડેન્શિયલ, કોમર્શિયલ, રિટેલ, હોસ્પિટાલિટી તથા એસઈઝેડ પ્રોજેક્ટોનાં વ્યાપક પ્રમાણમાં વિકાસ સાથે રિયલ્ટી સેક્ટર લાંબા ગાળાની વૃદ્ધિને લગતી સંભાવના ધરાવે છે. અફોર્ડેબિલિટીમાં સુધારો, વધેલા શહેરીકરણ તથા સરકારની વિવિધ પહેલો મારફતે પારદર્શિતામાં જે સુધારો આવ્યો છે તેને લીધે આવનારા વર્ષો માટે વૃદ્ધિને વેગ મળી શકે છે. આ ઉપરાંત,છેલ્લા 6-7 વર્ષ દરમિયાન લેવરેજીસમાં ઘટાડો તથા ઊંચી નફાકારકતા સાથે સેક્ટરના ફોર્મલાઈઝેશનની ચાલતી પ્રક્રિયા સાથે લિસ્ટેડ કંપનીઓના ફંડામેન્ટલ્સમાં ખૂબ જ સારો સુધારો થયો છે. એચડીએફસી નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ ફંડ વ્યક્તિગત રીતે શેરની પસંદગી કરવા માટેની જરૂરિયાતને ખતમ કરીને સિંગલ ઈન્સ્ટ્રુમેન્ટ મારફતે રિયલ એસ્ટેટ સ્ટોક્સના વૈવિધ્યસભર પોર્ટફોલિયોમાં રોકાણ કરવા રોકાણકારોને ઉત્તમ તકની ઓફર કરે છે.આ એક ઓપન-એન્ડેડ સ્કીમ છે, જેનો ઉદ્દેશ નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સને રિપ્લિકેટ કરવાનો છે. આ ફંડ એવા રોકાણકારો માટે અનુકૂળ હોઈ શકે છે કે જેઓ રિયલ્ટી સેક્ટરની વિકાસ ક્ષમતામાં વિવિધ રીતે રોકાણ કરવા ઈચ્છે છે તથા ભારે અફરા-તફરીભરી સ્થિતિને લઈ એકંદરે સહનશીલતા ધરાવે છે.

### છેલ્લા ચાર મહિનામાં મોંઘવારીનું આ સૌથી નીચું સ્તર છે

# મોંઘવારીમાં મળી રાહત, ફેબ્રુઆરીમાં ફુગાવાનો દર ઘટીને 5.9 ટકા થયો




મુંબઈ | જોકે, નિષ્ણાતોના મતે સેન્ટ્રલ બેન્કની એપ્રિલની બેઠકમાં નાણાકીય નીતિમાં કોઈ ફેરફારની શક્યતા નથી કારણ કે સ્થાનિક અર્થતંત્ર મજબૂત રહે છે અને ફુગાવો 4 ટકાના લક્ષ્યાંકથી ઉપર રહે છે. CPI ફુગાવો છૂટક ફુગાવાના સમાચાર અને અપડેટ્સ તમારે ફેબ્રુઆરી રિટેલ ફુગાવા વિશે જાણવાની જરૂર છે. જાન્યુઆરી 2024માં છૂટક મોંઘવારી દર ઘટીને 5.09 પર આવી ગયો છે. છેલ્લા ચાર મહિનામાં આ સૌથી નીચું સ્તર છે. જાન્યુઆરીમાં મોંઘવારી દર 5.1 ટકા હતો. ડિસેમ્બર મહિનામાં રિટેલ મોંઘવારી દર 5.69% હતો. ડિસેમ્બર 2023માં રિટેલ ફુગાવો આધારિત કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ડેક્સ (CPI) 5.69% હતો. જાન્યુઆરી 2023માં આ આંકડો 6.52% હતો. રિટેલ ફુગાવો ઓગસ્ટ 2023માં 6.83%ના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો હતો. કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ડેક્સ (CPI) પર આધારિત ફુગાવો જાન્યુઆરીમાં 5.1 ટકા અને ફેબ્રુઆરી 2023માં 6.44 ટકા હતો. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) એ આ આંકડા જાહેર કર્યા છે. તેણે જણાવ્યું હતું કે ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવો 8.66 ટકા હતો, જે અગાઉના મહિનાના 8.3 ટકા કરતાં નજીવો વધારે હતો. ગયા મહિને, મધ્યસ્થ બેન્કે ચાલુ નાણાકીય વર્ષ (2023-24) માટે CPI ફુગાવો 5.4 ટકા અને જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં 5 ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો.જોકે, નિષ્ણાતોના મતે સેન્ટ્રલ બેન્કની એપ્રિલની બેઠકમાં નાણાકીય નીતિમાં કોઈ ફેરફારની શક્યતા નથી કારણ કે સ્થાનિક અર્થતંત્ર મજબૂત રહે છે અને ફુગાવો 4 ટકાના લક્ષ્યાંકથી ઉપર રહે છે.દરમિયાન, નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસે પણ ઔદ્યોગિક ઉત્પાદન સંબંધિત નવા ડેટા જાહેર કર્યા છે. એવું કહેવામાં આવ્યું છે કે જાન્યુઆરી 2024માં ભારતના ઔદ્યોગિક ઉત્પાદનમાં 3.8 ટકાનો વધારો થયો છે.નેશનલ સ્ટેટિસ્ટિકલ ઑફિસ (NSO)દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, જાન્યુઆરી 2024માં ઉત્પાદન ક્ષેત્રનું ઉત્પાદન 3.2 ટકા વધ્યું હતું. જાન્યુઆરી-2023માં તે 4.5 ટકા હતો. જણાવવામાં આવ્યું છે કે આ વર્ષે જાન્યુઆરીમાં માઈનિંગ પ્રોડક્શનમાં 5.9 ટકા અને ઈલેક્ટ્રિસિટી પ્રોડક્શનમાં 5.6 ટકાનો વધારો થયો છે. NSO દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા આંકડા અનુસાર, એપ્રિલ 2023થી જાન્યુઆરી-2024 દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંકમાં 5.9 ટકાનો વધારો થયો છે.

# ASK ઇન્વેસ્ટમેન્ટ મેનેજર્સે તેની પહેલી સેટેલાઇટ PMS – ASK લાઇટહાઉસ પોર્ટફોલિયો લોન્ચ કર્યો

મુંબઈ | ASK ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ લિમિટેડે ("ASK") ASK લાઈટહાઉસ પોર્ટફોલિયો લોન્ચ કર્યાની જાહેરાત કરી છે. આ ASKનો પહેલો સેટેલાઈટ પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસીઝ (પીએમએસ) ઈન્વેસ્ટમેન્ટ અપ્રોચ છે. રોકાણકારોને વિશાળ તથા મોટી તકો પૂરી પાડતા હોય તેવા સેક્ટર્સના ઊંચા વિકાસના તબક્કાની તક ઝડપવા આ અપ્રોચ મુખ્યત્વે એક સમયે ચોક્કસ પસંદગીની થીમ કે સેક્ટર્સમાં રોકાણ કરશે જેમાં માળખાકીય પરિવર્તન ચાલી રહ્યું હોય. સમયાંતરે ગતિશીલતામાં સંભાવના રહેલી છે એટલે કે થીમ્સ બદલવા માટેની ફ્લેક્સિબિલિટી છે જે વ્યાપક રોકાણ ફિલસૂફીને યથાવત રાખે છે. થીમ્સ ટોપ-ડાઉન કે બોટમ-ડાઉન બેસિસ પર રાખી શકાય છે જ્યારે બિઝનેસીસની પસંદગી બોટમ-અપ બેસિસ પર રહેશે. આ પ્રોડક્ટનો બેન્ચમાર્ક બીએસઈ 500-ટીઆરઆઈ રહેશે.

પોર્ટફોલિયો યુએચએનઆઈ (અલ્ટ્રા હાઈ નેટવર્થ ઈન્ડિવિડ્યુઅલ), એચએનઆઈ (હાઈ નેટ વર્થ ઈન્ડિવિડ્યુઅલ), ફેમિલી ઓફિસીસ, કોર્પોરેટ ટ્રેઝરી અને પ્રાઈવેટ ફેમિલી ટ્રસ્ટ માટે યોગ્ય છે જેઓ તેમના પોર્ટફોલિયોમાં ડાયવર્સિફિકેશન સોલ્યુશન્સ ઈચ્છે છે. આ પ્રસંગે ASK એસેટ એન્ડ વેલ્થ મેનેજમેન્ટ ગ્રૂપના એમડી અને સીઈઓ શ્રી સુનિલ રોહોકાલેએ જણાવ્યું હતું કે, "અમે વિભિન્ન ઓફરિંગ સાથે આગળ વધવાનું ચાલુ રાખીએ છીએ અને અમે પીએમએસ અને એઆઈએફ માર્કેટની મજબૂત વૃદ્ધિનો લાભ ઉઠાવી રહ્યા છીએ. છેલ્લા 5 વર્ષમાં પીએમએસ ઉદ્યોગ લગભગ બમણો થયો છે, જે લગભગ રૂ. 2.5 લાખ કરોડથી વધીને આશરે રૂ. 4.9 લાખ કરોડ થયો છે.

# ખુશ ખેડૂતો યુપીની ઓળખ



### પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિમાંથી
## 2.68 કરોડ ખેડૂતોને રૂ. 68,139 કરોડ ટ્રાન્સફર

- ભારતના ફૂડ બાસ્કેટ તરીકે ઉત્તર પ્રદેશની ઓળખ
- દૂધ, શેરડી, બટાકા, કેરી અને આમળાના ઉત્પાદનમાં દેશમાં નંબર 1
- નંદ બાબા મિલ્ક મિશન હેઠળ 585 દૂધ સમિતિઓની રચના
- PM કુસુમ યોજના હેઠળ ખેડૂતોને 51,774 સોલાર પંપની ફાળવણી
- ઉત્તર પ્રદેશ બાજરી પુનરુત્થાન કાર્યક્રમ અનાજને પ્રોત્સાહન આપવા માટે હાથ ધરવામાં આવ્યો
- આંતરરાષ્ટ્રીય બાજરીને ધ્યાનમાં રાખીને વિવિધ બાજરી પાકોના 43,000 થી વધુ બીજ વર્ષ 2023 મિની કિટ્સનું વિતરણ
- 7,239 ગાય આશ્રયસ્થાનોની સ્થાપના, 14.38 લાખથી વધુ ગાયોનું રક્ષણ
- 3,421 FPO ની રચના
- 49 જિલ્લામાં 85710 હેક્ટર જમીનમાં કુદરતી ખેતીને પ્રોત્સાહન
- ખાદ્ય ઉત્પાદનનો વિકાસ દર 5 ટકાથી વધુ અને હાંસલ 625 લાખ મેટ્રિક ટન અનાજ અને 21.57 લાખ મેટ્રિક ટન તેલીબિયાંનું ઉત્પાદન
- 125 મંડીઓની સ્થાપના
- નેશનલ એગ્રીકલ્ચરલ માર્કેટ (e-NAM) ને અમલમાં મૂકીને રૂ. 3,468 કરોડનો ડિજિટલ વેપાર
- એગ્રીટેક સ્ટાર્ટઅપ/ફાર્મ ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના
- મુખ્યમંત્રી ખેત સુરક્ષા યોજના પ્રારંભ







## ખેડૂતોને મદદગાર ડબલ એન્જિન સરકાર

સુચના અને જનસંપર્ક વિભાગ યુપી

# Destination Uttarakhand

## Leading the way



"Under the visionary leadership of Hon'ble Prime Minister Narendra Modi, we are committed to the holistic development of our state, leveraging its natural beauty, rich cultural heritage, and immense potential. Through sustainable policies and strategic initiatives, we aim to foster economic growth, improve infrastructure, and enhance the quality of life for all our citizens. Our goal is to make Uttarakhand a model of progress, where tradition meets innovation, and every individual can thrive in a conducive environment for prosperity and well-being."

**-Pushkar Singh Dhami,**
Chief Minister, Uttarakhand

## Uttarakhand shines as the ultimate wedding destination


### Under the visionary guidance of Prime Minister Narendra Modi, Uttarakhand is poised to become the next premier destination for weddings worldwide

Uttarakhand, which lies amidst the magnificent Himalayas, is a northern state known for its spiritual importance, spectacular terrains, and rich cultural legacy. Also known as the land of gods – 'Devbhoomi', Uttarakhand has forever known as one of the most revered pilgrimage destinations for lakhs of devotees. The state has, however, seen a change in recent years, developing much more than a spiritual destination. In a recent development, Uttarakhand is on the path of emerging as the next best destination when it comes to the world of destination weddings; all thanks to the visionary guidance of Prime Minister Narendra Modi.

The notion of Prime Minister Narendra Modi to make Uttarakhand the next best wedding destination reflects the views of numerous who acknowledge the state's endless prospects. The Prime Minister encouraged the youth to embark upon the campaign 'Wed in India' at the inauguration of the Uttarakhand Global Investors Summit in Dehradun back in December 2023. During his address, he urged wealthy families to pick Uttarakhand as the destination for their celebrations.

The distinctive natural magnificence and myriad cultural tapestry depict the charm of Uttarakhand as the perfect wedding destination. From the serene lake of Nainital to the snow-capped mounts of Auli, each part of the state exhibits a feel of charisma and allure. Partners looking for a truly memorable experience can host their marital ceremonies amid the serene lake in Tehri, the beautiful hills of Mussoorie, or the age-old temples of Haridwar.

## Boosting spiritual tourism in Uttarakhand through Badrinath and Kedarnath



PM Narendra Modi along with Pushkar Singh Dhami, CM, Uttarakhand, visiting Badrinath Dham

PICS: DIPR, UTTARAKHAND

The picturesque northern state of Uttarakhand is well-known for its spiritual importance and stunning natural magnificence. Among the various destinations that attract devotees and visitors alike, Badrinath and Kedarnath stand out as embodiments of devotion and serenity. At the vanguard of restoring these consecrated places and utilizing their prospect for spiritual tourism is Prime Minister Narendra Modi, whose relentless dedication and commitment have prompted transformative tasks in Uttarakhand.

Prime Minister Narendra Modi shares a deep-rooted affinity with Uttarakhand, especially Badrinath and Kedarnath, and this is apparent through his multiple visits and visionary endeavours desired to uplift these venerated pilgrimage sites. His spiritual reverence for Baba Kedar, exemplified through periodic visits to Kedarnath Dham, highlights his dedication to the spiritual and cultural legacy of the region. The aspirations of PM Modi are much more than only reverence; he foresees a new individuality for Uttarakhand by promoting Badrinath and Kedarnath Dham to international importance.

The most important aspect of this vision of PM Narendra Modi is the complete reconstruction of Kedarnath Dham, an undertaking close to his heart since the beginning of his tenure as the Prime Minister. The wrecking floods of 2013 initiated a revitalised emphasis on revamping Kedarnath, with PM Modi spearheading measures to assure that the reconstruction showcases brilliance and divinity befitting its essence. From building the statue of Adi Guru Shankaracharya to observing the progress firsthand, PM Modi's hands-on strategy highlights his dedication to maintaining the sanctity of Kedarnath.

Furthermore, strategic endeavours by PM Modi spread beyond Kedarnath to enclose the holistic growth of the spiritual infrastructure of Uttarakhand. Projects such as the Badrinath Dham Master Plan modelled after the Kashi Vishwanath Corridor, seek to remake Badrinath into a smart spiritual hilltown, portraying the vision of PM Modi for incorporating tradition with modernity. The Delhi-Dehradun Economic Corridor and the Rishikesh Karnprayag Rail Project additionally highlight his dedication to improving connectivity and accessibility to these holy places.

> The reconstruction measures, associated with PM Modi's focus on maintaining its spiritual significance, have reformed Kedarnath to its previous glory, drawing pilgrims from across the world

The result of these endeavours by Prime Minister Modi is discernible, with Uttarakhand seeing a revival in spiritual tourism and pilgrimage footfall. The All Weather Road Project, also known as the Chardham Road Project, seeks to link the four Dhams of Uttarakhand, enabling seamless journeys for devotees and visitors alike. Likewise, the Rishikesh Karnprayag Rail Project, with its enterprising timeline and ingenious technique, vows to improve accessibility to Kedarnath and adjacent areas.

The importance of Kedarnath and Badrinath surpasses spiritual borders, echoing with believers and nature lovers globally. Situated amid the snow-capped peaks of the Himalayas, Kedarnath carries a unique place as one of the 12 Jyotirlingas and an essential visit during the esteemed Chardham Yatra. The reconstruction measures, associated with PM Modi's focus on maintaining its spiritual significance, have reformed Kedarnath to its one-time glory, drawing pilgrims from across the world.

The recent inauguration of pivotal infrastructure projects by Prime Minister Modi emphasises the continuous renewal measures in Kedarnath. From unveiling the statue of Adi Guru Shankaracharya to inaugurating essential projects like the Saraswati retaining wall and Teerth Purohit houses, the visit of Prime Minister Narendra Modi signifies a revived dedication to promoting the spiritual legacy of Uttarakhand.



"I congratulate the Uttarakhand government on the remarkable progress achieved in the last few years. This has been made possible by sustained policy push and focus on key sectors such as tourism and renewable energy. Alongside, the state has made significant strides in infrastructure development, setting new benchmarks for sustainable growth. Uttarakhand's commitment to harnessing its natural resources and promoting tourism has not only bolstered its economy but also showcased its potential on the global stage. I applaud the state's dedication to inclusive development and look forward to its continued success in the years ahead."

**-Narendra Modi,**
Prime Minister

## PM Modi's visit strengthens tourism and socio-economic growth in Uttarakhand

The visit of PM Narendra Modi to Pithoragarh district in October 2023 has memorialised an important landmark in the history of Uttarakhand, along with highlighting the cultural and spiritual richness of the state. The PM's journey included visits to religious sites like Parvati Kund and Adi Kailash Parvat, depicting the deep-rooted spiritual inheritance of the land and emphasizing its possibility for expansion and tourism.

PM Modi initiated his spiritual journey at Parvati Kund, a venerated pilgrimage place ensconced amid the scenic landscapes of Uttarakhand. Attired in traditional local dress, the Prime Minister engaged himself in the spiritual aura, offering devotions with utmost reverence. His participation in the traditions, including playing the power drum and conch shell, demonstrated his respect for the local customs and rituals, resounding with the beliefs of the local people.



PM Narendra Modi on his Pithoragarh visit along with CM Pushkar Singh Dhami

The visit of the Prime Minister to Parvati Kund was not just a symbolic gesture but also a testament to the dedication to maintaining and encouraging India's cultural legacy. By performing 'aarti' at the Shiva-Parvati temple and meditating before the Adi Kailash peak, PM Modi observed the sacredness of the land and sought blessings for the prosperity and well-being of the country.

Moreover, PM Modi's exchange with the residents, both at Parvati Kund and in the border village of Gunji, echoed his compassion and consideration for their welfare. Engaging with the locals, he listened to their grievances, shared their pleasures, and reaffirmed his government's commitment to their upliftment. This personal touch endeared him to the individuals as well as facilitated a feeling of belonging and solidarity among them.



PM Narendra Modi meditating at Parvati Kund, district Pithoragarh, during his visit to Uttarakhand

In addition to the spiritual essence, the visit of PM Modi also had substantial importance for the socio-economic growth of Uttarakhand. The inauguration and laying of the foundation of development projects worth Rs 4,200 crore in Pithoragarh highlighted the government's dedication to infrastructure growth and employment generation in the region. These endeavours are aimed at boosting development, improving connectivity, and enhancing the quality of life for the citizens of Uttarakhand.

Moreover, the historic visit of Prime Minister Modi to Adi Kailash Parvat carries huge importance for the tourism sector of Uttarakhand. Being the first Indian Prime Minister to visit this sacred site, PM Modi has attracted awareness to the area's untapped prospect as a tourist destination. His exploration of the local art, craft, and products, as well as his arrangement with the Indo-Tibetan trade center in Gunji village, has demonstrated the cultural multiplicity and commercial possibilities of Uttarakhand.

## Scouring Uttarakhand's untapped tourism potential: Uttarakhand Tourism Policy 2030

### With the introduction of the Uttarakhand Tourism Policy 2030, the state sketches a transformative approach towards recognition at a global level as a diverse tourism hotspot while prioritising sustainable development and inclusive growth

Uttarakhand is famous among tourists for its abundance of natural wonders. Even today, the state holds an untapped potential ready to be utilised. With the introduction of the Uttarakhand Tourism Policy 2030, the state sketches a transformative approach towards recognition at a global level as a myriad tourism hotspot while prioritising sustainable development and inclusive growth.

The main principle of the Uttarakhand Tourism Policy 2030 lies in empowering all stakeholders within the tourism sector, assuring that each contributes to and benefits from Uttarakhand's journey towards evolution. By means of a suitable framework, the policy seeks to facilitate goals and interests, promoting holistic expansion.

Apart from its traditional essence of a spiritual and wellness destination, Uttarakhand strives to present its multifaceted allure. From heritage and nature tourism to wilderness adventures and wellness retreats, the state pledges memorable experiences for every visitor. Further, the focus on all-weather tourism, including winter and Alpine ventures, seeks to draw tourists all year long.

Foremost to the Uttarakhand Tourism Policy 2030 is the making of authentic and genuine experiences, leveraging Uttarakhand's cultural and natural wealth. Tourism clusters and circuits will be designed to present new destinations, catering to various interests and likes.

The Uttarakhand Tourism Policy 2030 also prioritises sustainability with an emphasis on conserving the state's environmental and cultural legacy. Measures to preserve natural resources, wilderness, and cultural assets are vital, assuring Uttarakhand stays unsoiled and inviting for years.

In line with the digital era, Uttarakhand seeks to fulfill growing visitor anticipations through technology integration. Online platforms will be operated for advertising, bookings, and data dissemination, improving comfort and trust for visitors.

Private sector involvement is promoted, with the government encouraging ease of doing trade for hospitality and tourism undertakings. This combined strategy is anticipated to propel innovation and development.

The Uttarakhand Tourism Policy 2030 also emphasises high-value tourism to minimise adverse effects on the environment and civilisation while spreading benefits to local neighborhoods. The Hub & Spoke model strives for balanced regional growth, improving infrastructure and conveniences to enhance the overall visitor experience.




CM Pushkar Singh Dhami interacting with officials at an MoU event to promote tourism in Uttarakhand



CM Pushkar Singh Dhami on his visit to Corbett National Park

With enterprising targets to contribute USD 10 billion yearly to the economy and draw private investment, Uttarakhand seeks to build a sustainable tourism ecosystem. Job prospects and foreign traveller visits are anticipated to grow, firming the state's position as an exclusive destination.

The idea is transparent – establish tourist-friendly infrastructure, develop new destinations, and offer world-class experiences. With a dedication to innovation, sustainability, and inclusivity, Uttarakhand arises as a shining light of reliable tourism, tempting tourists worldwide.

## PM Modi's 'Vibrant Village Programme' bolsters Uttarakhand's rural economy

### PM Modi's enterprising 'Vibrant Village Programme' has arisen as a silver lining for the isolated border villages, marking a transformative period of comprehensive growth and economic upliftment

Spanning across 19 border regions, including Uttarakhand, the programme strives to revive 3,000 villages over a 10-year-long course. It bears an important goal of preventing migration by furnishing fundamental conveniences and promoting socio-economic sustainability. In the infancy stage of the program, 662 villages with a total population of 1,42,000 are being supported by means of an investment of Rs 4,800 crore.

Focus on infrastructure and connectivity growth is one of the key elements of the Vibrant Village Programme. The allotment of Rs 2500 crore for building roadways and improving connectivity will give a boost to economic activities in various villages across the country where the geographical landscape constantly poses difficulties. It will foster access to markets, and enhance the overall quality of life for locals.

Along with bolstering the nation's financial stability, the programme also supports the importance of inclusive growth as a cornerstone of India's advancement by prioritising the development of border villages.



PM Modi and CM Dhami with local people during their visit to district Pithoragarh

With the launch of the Vibrant Village Programme, the border villages in Uttarakhand and as well as other states will benefit greatly, eventually steering in a fresh phase of endless possibilities for the rural economy while reflecting the spirit of Sabka Saath, Sabka Vikas.

## Homestays in Uttarakhand: Bridging tradition with modern travel trends

### With the advent of the 'work from anywhere' culture, homestays in Uttarakhand provide an ideal setting for the millennials, as well as an idyllic break to those in their golden years

The Government of Uttarakhand is poised to provide the necessary support to proliferate homestays in all districts of the state with a focus on providing alternative sources of employment to the villagers and preventing migration from the original place of dwelling. At present, there are more than 5,000 homestays registered with Uttarakhand Tourism Development Board. The department provides necessary support in terms of marketing and training to the homestay owners. The Government also provides financial support to Homestay owners through the Deen Dayal Upadhyay Grih-Awas (Homestay) Yojana, through which local residents get financial support in rebuilding/renovating rooms to upgrade them for use by tourists.



Meenakshi Sadan Homestay based at Mussoorie under Uttarakhand Government scheme



CM Pushkar Singh Dhami at one of the homestays

Homestays in Uttarakhand have also been recognised by the Ministry of Tourism, Government of India. In the year 2022, Sarmauli Village in Pithoragarh district was awarded the Best Rural Homestay by the Ministry of Tourism, Government of India. Several initiatives such as the Goat Villages, Sendul Village (Tehri Garhwal), and homestays in the Kumaon region have also won accolades. The Government has realised that with increasing awareness about hygiene and, the diverse food habits of travellers, it is essential that the homestays of Uttarakhand constantly upgrade themselves to provide the required services to the tourists. Hence, in addition to developing homestay infrastructure, the Government is also providing training to the local youth in the management and upkeep of these Homestays through professional agencies.

Text input: Sumit Pant, director, Tourism

## Boosting tourism in lesser-known Uttarakhand destinations

### The combined initiative by UTDB and IRCTC seeks to highlight the lesser-known treasures of the state


The Uttarakhand Tourism Development Board (UTDB) and Indian Railways Catering and Tourism Corporation (IRCTC) have come to a remarkable understanding to further enhance tourism in the picturesque state of Uttarakhand. This endeavour seeks to highlight the lesser-known treasures of the state, like Manaskhand, by launching special tourist trains from different regions of the country.

This special tourist train is intended to begin operations in April 2024 and will accommodate up to 500 tourists per journey in Second AC coaches, providing an easy-going travel experience. The tourists will benefit from the numerous extensive excursion packages which will have everything from onboard conveniences to lodging, transportation, and sightseeing, and will be meticulously handled by IRCTC. The endeavour by UTDB and IRCTC seeks to exhibit the vast cuisine of the state during travels, along with generating occupation prospects for residents by giving them an opportunity to work as guides.

Text: Taresh Dutta

**CONSUMER CONNECT INITIATIVE**

પ્રિયંકા ચોપરાની પિતરાઈ બહેન મીરા ચોપરાના લગ્ન મંગળવારે જયપુરમાં થયા, બોલિવૂડના દરેક લગ્નમાં દુલ્હન પેસ્ટલ રંગના લહેંગામાં જોવા મળી રહી છે



# પ્રિયંકા ચોપરાની બહેન મીરા ચોપરાના લગ્ન થયા

## અભિનેત્રી તેની બહેનના રસ્તે ચાલી, દુલ્હને ટ્રેન્ડ તોડીને લગ્નમાં પહેર્યો લાલ લહેંગા



પ્રિયંકા ચોપરાની પિતરાઈ બહેન મીરા ચોપરાના લગ્ન મંગળવારે જયપુરમાં થયા. 40 વર્ષીય અભિનેત્રી મીરાએ તેના લાંબા સમયના બોયફ્રેન્ડ અને બિઝનેસમેન રક્ષિત કેજરીવાલ સાથે જયપુર-દિલ્હી હાઈવે પર બુએના વિસ્ટા લક્ઝરી ગાર્ડન સ્પા રિસોર્ટમાં સાત ફેરા ફર્યાં . આ લગ્નમાં સંદીપ સિંહ, આનંદ પંડિત, અર્જન બાજવા અને ગૌરવ ચોપરા સહિત મીરાના ઘણા નજીકના ઈન્ડસ્ટ્રીના મિત્રોએ હાજરી આપી હતી.

છેલ્લા કેટલાક સમયથી બોલિવૂડના દરેક લગ્નમાં દુલ્હન પેસ્ટલ રંગના લહેંગામાં જોવા મળી રહી છે. પછી તે રકુલ પ્રીત હોય કે કિયારા અડવાણી. પછી તે આથિયા શેટ્ટી હોય કે આલિયા ભટ્ટ. જોકે આ ટ્રેન્ડ અનુષ્કા શર્માએ તેના લગ્નથી શરૂ કર્યો હતો. મીરાના કઝીન્સ વિશે વાત કરીએ તો પરિણીતીએ પેસ્ટલ લહેંગા પસંદ કર્યો હતો, જ્યારે પ્રિયંકાએ લાલ રંગનો લહેંગા પસંદ કર્યો હતો. આવી સ્થિતિમાં મીરા પણ પ્રિયંકા ચોપરાના રસ્તે ચાલતી જોવા મળી હતી. ફોટો શેર કરતી વખતે મીરા ચોપરાએ કેપ્શન લખ્યું - 'હવે હંમેશ માટે ખુશી, ઝઘડા, હાસ્ય, આંસુ અને જીવનભરની યાદો.. દરેક જન્મ તમારી સાથે..' મીરાએ તેના સોશિયલ મીડિયા પર લગ્નની તસવીરો પોસ્ટ કરતાની સાથે જ ચાહકોએ તેને અભિનંદન આપવાનું શરૂ કરી દીધું હતું. યુઝર્સે મીરા અને રક્ષિતને તેમના લગ્ન માટે શુભેચ્છા પાઠવી હતી. કેટલાક ફેન્સે મીરાના લુકના વખાણ પણ કર્યા હતા. એક યુઝરે લખ્યું- 'કોઈ એવું છે જેણે લગ્નમાં યોગ્ય લહેંગા પહેર્યો હોય.'



**મારે પણ સ્થિર જીવન જોઈએ છે :** મીરાએ પોતાના લગ્ન વિશે ખૂલીને વાત કરી હતી. જો કે, તે સમયે તેણે તેના જીવન સાથી વિશે કંઈપણ કહેવાનો ઈનકાર કર્યો હતો. મીરાએ કહ્યું- 'હું મારા જીવનના આ તબક્કા માટે ખૂબ જ ખુશ છું. મને લાગે છે કે લગ્ન છોકરા અને છોકરીના જીવનમાં સ્થિરતા લાવે છે. બીજા બધાની જેમ મને પણ સ્થિર જીવન જોઈએ છે. મને એવો જીવન સાથી જોઈએ છે જે હંમેશા મારી સાથે હોય.' 'હું 15 વર્ષથી મુંબઈમાં એકલી રહું છું. આ પહેલા હું મારી કારકિર્દી બનાવવા માટે દક્ષિણમાં રહેતી હતી અને તે પહેલા હું અમેરિકામાં અભ્યાસ કરતી હતી. તેથી, મેં એકલા ખૂબ જ લાંબુ જીવન જીવ્યું છે. ચોક્કસ, તે કોઈપણ વ્યક્તિના જીવનમાં એક નવો તબક્કો લાવે છે.'

# રણદીપ હુડ્ડા અંકિતા લોખંડેને કાસ્ટ કરવા માંગતો નહોતો

## રણદીપને યમુનાબાઈ સાવરકરના રોલ માટે અંકિતા વધુ પડતી સુંદર લાગતી હતી...




મુંબઈ | અંકિતા લોખંડે તેની આગામી ફિલ્મ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' માટે ચર્ચામાં છે. આ ફિલ્મમાં અંકિતા રણદીપ હુડ્ડા સાથે જોવા મળશે. એક ઈન્ટરવ્યુ દરમિયાન અંકિતાએ જણાવ્યું કે, રણદીપ હુડ્ડા તેને આ ફિલ્મમાં કાસ્ટ કરવા માંગતા ન હતા. વાસ્તવમાં, રણદીપને યમુનાબાઈ સાવરકરના રોલ માટે અંકિતા વધુ સુંદર લાગતી હતી.અંકિતા અને રણદીપ આ દિવસોમાં ફિલ્મનું જોરશોરથી પ્રમોશન કરી રહ્યા છે. દરમિયાન અંકિતાએ કહ્યું,'રણદીપે મને કહ્યું હતું કે મને નથી લાગતું કે હું તને ફિલ્મમાં લેવા માંગુ છું. તો મેં પૂછ્યું કેમ? તો તેણે કહ્યું કે તું પાત્ર માટે વધારે સુંદર છે. તો મેં કહ્યું કે મહેરબાની કરીને એવું ના બોલો'. પોતાની વાતને આગળ વધારતા અંકિતાએ કહ્યું,'રણદીપે ફિલ્મ માટે ઘણું સંશોધન કર્યું છે. તેને ખબર હતી કે તે ફિલ્મ માટે શું ઈચ્છે છે'.

અંકિતા આ ફિલ્મમાં યમુનાબાઈ સાવરકરનું પાત્ર ભજવી રહી છે. તે જ સમયે, આ ફિલ્મ રણદીપ હુડા દ્વારા નિર્દેશિત કરવામાં આવી છે અને તે રણદીપ અને ઉત્કર્ષ દ્વારા સંયુક્ત રીતે લખવામાં આવી છે. આ ફિલ્મ 22 માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. રણદીપ ડિરેક્ટર તરીકે ડેબ્યૂ કરી રહ્યો છે. અંકિતાના ફિલ્મી કરિયરની વાત કરીએ તો તેણે કંગના રનૌતની ફિલ્મ મણિકર્ણિકાથી ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મમાં તેણે ઝલકારીબાઈની ભૂમિકા ભજવી હતી. આ સિવાય તે 'બાગી-3' ફિલ્મમાં જોવા મળી હતી. અંકિતા બિગ બોસ-17માં પતિ વિકી જૈન સાથે જોવા મળી હતી. તે પોતાના અંગત જીવનને લઈને ઘણી ચર્ચામાં રહી હતી. અંકિતા અને તેના પતિ વિકી વચ્ચે ઘણા ઝઘડા થયા હતા. પરંતુ સિઝનના અંત પછી, તેમની વચ્ચે બધું સામાન્ય દેખાયું.

# જેકી ભગનાનીનો પિતા સાથે પરિચય કરાવતી વખતે રકુલ નર્વસ હતી...!



મુંબઈ | રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાનીએ 21 ફેબ્રુઆરીએ ગોવામાં લગ્ન કર્યા હતા. આ કપલે વર્ષ 2021માં તેમના સંબંધોને સત્તાવાર જાહેર કર્યા હતા. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં રકુલે તેના પતિ જેકી અને તેના પિતાની પ્રથમ મુલાકાતનો ઉલ્લેખ કર્યો હતો. રકુલે જણાવ્યું કે આ મીટિંગ પહેલા તે ખૂબ જ નર્વસ હતી.

એક ઈન્ટરવ્યુમાં રકુલે કહ્યું, 'આ મીટિંગ પહેલા હું સૌથી વધુ નર્વસ હતી. મેં મારા પિતા સાથે વાત કરી અને તેમને કહ્યું કે જેકી તમને મળવા આવી રહ્યો છે અને તે તમને પહેલીવાર મળવા જઈ રહ્યો છે તેથી તેને સારી રીતે મળજો. તે આર્મી પર્સન ન હોવાથી તેને આર્મી ઓફિસરની જેમ નહીં પણ પિતાની જેમ મળજો. પરંતુ પિતા હોવાને કારણે તેમણે તરત જ જેકીની પૂછપરછ શરૂ કરી. સારી વાત એ હતી કે જેકી પણ સંપૂર્ણ રીતે તૈયાર હતો.

### અભિનેત્રીએ કહ્યું, પપ્પાનો સવાલ સાંભળીને કોળિયો ગળામાં અટકી ગયો હતો '

વર્ષ 2021ની એક ઘટના શેર કરતા રકુલે કહ્યું, 'જેકી મારી માતાના જન્મદિવસ પર દિલ્હી આવ્યો હતો. મેં પપ્પાને કહ્યું કે મહેરબાની કરીને કંઈ બગાડતા નહીં કારણ કે અમે બંનેએ થોડા સમય પહેલા એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યું હતું. મેં તેમને કહ્યું કે ફક્ત છોકરાને જુઓ મેં જેકીને કહ્યું કે તેણે ચિંતા કરવાની જરૂર નથી કારણ કે પપ્પા કંઈ પૂછશે નહીં.

રકુલે વધુમાં કહ્યું, 'જ્યારે અમે બધા સાથે લંચ કરી રહ્યા હતા ત્યારે પિતાએ જેકીને તેના પ્લાન વિશે પૂછ્યું. જેકીએ કહ્યું કે આ દિવસોમાં તે તેની આગામી ફિલ્મ 'મિશન રાનીગંજ'ની તૈયારીમાં વ્યસ્ત છે. મારા પપ્પાએ તરત જ કહ્યું,'કામ તો ઠીક છે પણ મારી દીકરી સાથે તમારો શું પ્લાન છે?' આ સાંભળીને મારો ખોરાક મારા ગળામાં અટકી ગયો.

# ખુશી અને જૂનૈદની રોમાન્ટિક ફિલ્મનું શૂટિંગ આવતા મહિનેથી



મુંબઈ | ખુશી કપૂર અને જુનૈદ ખાનની રોમાન્ટિક ફિલ્મનું શૂટિંગ આવતા મહિને શરુ થશે. આ ફિલ્મ મૂળ તમિલ 'લવ ટૂડે'ની હિંદી રિમેક હશે. ફિલ્મનું શૂટિંગ લાલસિંહ ચઢ્ઢાનો ડાયરેક્ટર 'અદ્વૈત ચંદન' કરવાનો છે. આ ફિલ્મ ફલોપ થઈ હોવા છતાં પણ આમિરે દીકરાની ફિલ્મ માટે તેના પર ભરોસો રાખ્યો છે. ફિલ્મની સ્ક્રિપ્ટ ફાઈનલ થઈ ગઈ છે. શૂટિંગ આવતા મહિને શરુ થશે. પહેલું શિડયૂલ દિલ્હીમાં યોજાવાનું છે.

ખુશી કપૂરની પહેલી ફિલ્મ 'આર્ચીઝ' ઓટીટી પ્લેટફોર્મ પર રજૂ થઈ હતી. જોકે, આ ફિલ્મમાં તેની એક્ટિંગની બહુ ટીકા થઈ હતી. તેની ઈબ્રાહિમ અલી ખાન સાથેની એક ફિલ્મ પણ ઓટીટી પર આવવાની છે. બીજી તરફ જૂનૈદ ખાનની ફિલ્મ 'મહારાજા' બહુ લાંબા સમયથી તૈયાર છે અને તે પણ સીધી ઓટીટી પર જ રીલીઝ થવાની છે.

# આશા ભોસલેની પૌત્રી જનાઈને અંતે બોલીવૂડમાં બ્રેક મળ્યો



મુંબઈ | લિજન્ડરી સિંગર આશા ભોસલેની પૌત્રી જનાઈને આખરે બોલીવૂડમાં બ્રેક મલ્યો છે. તે 'છત્રપતિ શિવાજી મહારાજ' ફિલ્મમાં શિવાજી મહારાજનાં પત્ની રાની સાઈ ભોસલેની ભૂમિકામાં જોવા મળશે.

જનાઈ આ ફિલ્મથી ડેબ્યૂ કરી રહી હોવાની માહિતી ખુદ આશા તાઈએ સોશિયલ મીડિયા પર આપી હતી. આ ફિલ્મ નિર્માતા સંદિપ સિંઘ બનાવી રહ્યા છે. ફિલ્મ આગામી ૨૦૨૬માં રજૂ કરવાનું પ્લાનિંગ છે. જનાઈ બહુ સારી ડાન્સર અને સિંગર પણ છે. સોશિયલ મીડિયામાં તેની ખૂબસુરતીના અનેક ચાહકો છે. આશા ભોસલેના કોન્સર્ટમાં મોટાભાગે જનાઈનાં પરફોર્મન્સ જોવા મળે છે. જનાઈ આશા તાઈની બહુ લાડલી છે અને તે લગભગ તેમની સાથે ને સાથે જ જોવા મળતી હોય છે.

આશા ભોસલેએ પોતાના બોલીવૂડના સંપર્કો થકી જનાઈને કોઈ મોટા પ્રજેક્ટ થકી લોન્ચ કરવા માટે છેલ્લા કેટલાક સમયથી અનેક પ્રયાસો કર્યા હતા. તેમણે સંજય લીલા ભણશાળી સહિતના ફિલ્મ સર્જકોને પણ જનાઈને તક આપવા જણાવ્યું હોવાનું કહેવાય છે. જનાઈ શ્રદ્ધા કપૂરની કઝિન પણ થાય છે. શ્રદ્ધાએ જનાઈની બોલીવૂડમાં એન્ટ્રી નિમિત્તે તેને શુભેચ્છા પાઠવી હતી.

# સિંગર દિલજિતે બૌદ્ધ ભિક્ષુઓ પાસે આધ્યાત્મ રસનું પાન કર્યું

મુંબઈ |અભિનેતા-ગાયક દિલજિત દોસાંઝ હાલમાં હિમાચલપ્રદેશમાં વેકેશન પર છે. તે દરરોજ સોશિયલ મીડિયા પર તેની ટ્રિપનો વીડિયો શેર કરી રહ્યો છે. તાજેતરમાં તે ત્યાંના એક મઠમાં બૌદ્ધ સાધુઓને મળ્યો હતો. આ મુલાકાતનો વીડિયો શેર કરતા દિલજિતે લખ્યું 'દરેકને પ્રેમ.' વીડિયોમાં દિલજિત બૌદ્ધ સાધુઓ સાથે સમય વિતાવતો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન તેણે એક યુવાન સાધુને પોતાનો સ્વેટશર્ટ પણ ભેટમાં આપ્યો હતો. આ સમય દરમિયાન સાધુઓ પણ તેમનું સન્માન કરતા જોવા મળ્યા હતા. વિદાય વખતે દિલજિતે બધા સાથે તસવીરો ખેંચાવી હતી. આ પહેલાં પણ દિલજિતે એક વીડિયો શેર કર્યો હતો જેમાં તે તેના મિત્રો સાથે બરફમાં મસ્તી કરતો જોવા મળ્યો હતો. તેણે મેગી પણ જાતે પહાડોમાં બનાવી હતી. અન્ય એક વીડિયોમાં ગાયક પહાડી લોકો સાથે પણ પરંપરાગત ગીતો ગાતો જોવા મળ્યો હતો.




# લાહોર 1947માં સની પછી પુત્ર કરણ દેઓલની પણ એન્ટ્રી થઇ

મુંબઈ | આમિર ખાન દ્વારા પ્રોડયૂસ કરવામાં આવી રહેલી ફિલ્મ 'લાહોર ૧૯૪૭'માં પિતા સની દેઓલ પછી હવે પુત્ર કરણ દેઓલની પણ એન્ટ્રી થઈ છે.


આ ફિલ્મ માટે કરણ દેઓલનું ઓડિશન થોડા દિવસો પહેલા લેવામાં આવ્યું હતું. હવે આમિર ખાને કરણ દેઓલને આ ફિલ્મમાં સાઈન કર્યો હોવાની પુષ્ટિ કરી છે. આમિરે જણાવ્યા મુજબ કરણે ખરેખર આ રોલ મેળવવા માટે વફાદારીથી મહેનત કરી હતી. તેણે મુંબઈના એક થિયેટર ગ્રુપ સાથે વર્કશોપ કર્યો હતો. તેણે આ ફિલ્મના દિગ્દર્શક રાજકુમાર સંતોષી સાથે પણ રિહર્સલ કર્યું હતું.

રાજકુમાર સંતોષીની 'ઘાયલ' અને 'દામિની' જેવી ફિલ્મોથી સની દેઓલની કારકિર્દીને બહુ ફાયદો થયો હતો. હવે સનીને પોતાના દીકરા માટે પણ રાજકુમાર સંતોષી દિગ્દર્શિત ફિલ્મ ફળદાયી નિવડશે તેવી આશા છે. રાજકુમાર સંતોષી પિતા સનીની જેમ પુત્રની કારકિર્દી માટે પણ ચમત્કાર કરે તેવી આશા...



# કરિશ્મા કપૂરે કર્યો ખુલાસો

## '90ના દાયકામાં મારા દિલની વાત સાંભળીને ફિલ્મો પસંદ કરતી હતી, 'હીરો નંબર 1' એ મારી જિંદગી બદલી નાખી




મુંબઈ | હાલમાં કરિશ્મા કપૂર તેની આગામી ફિલ્મ 'મર્ડર મુબારક'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન તેણે 90ના દાયકાની ફિલ્મો વિશે વાત કરી.

કરિશ્મા કપૂરે કહ્યું,- '90ના દાયકામાં હું મારા મનને અનુસરીને ફિલ્મો પસંદ કરતી હતી. તે સમયે અમે બધા કામ કરતા હતા. કોઈ હિસાબ રાખ્યો નથી. અમે ઊર્જા અને જુસ્સા સાથે આગળ વધતા હતા. અમે ક્યારેય એવી ગણતરી નહોતા કરતા કે 'ઓહ, હું આ ગીત કરીશ, આ ફિલ્મ કરીશ તો થશે. અમને કહેવા કે સલાહ આપનાર કોઈ નહોતું. ત્યાં ન તો કોઈ PR ટીમ હતી કે ન તો કોઈ સ્ટાઈલિશ. અમે ફક્ત સેટ પર રહેતા અને ફિલ્મોમાં કામ કરતા.'

કરિશ્મા કપૂરને પૂછવામાં આવ્યું કે, કઈ ફિલ્મથી તેને લાગ્યું કે તેના જીવનમાં બદલાવ આવ્યો છે? તેના પર કરિશ્માએ કહ્યું,- 'સાચું કહું તો મને લાગે છે કે 'હીરો નંબર 1'થી પ્રોફેશનલી બદલાવ લાવ્યો છે. 'હીરો નંબર 1' પછી મેં આમિર ખાન સાથે 'રાજા હિન્દુસ્તાની', શાહરુખ ખાન સાથે 'દિલ તો પાગલ હૈ' જેવી ફિલ્મો કરી. એટલા માટે હું અંગત રીતે હીરો નંબર 1 ને એ બદલાવ લાવનાર ફિલ્મ માનું છું.

'મર્ડર મુબારક' ફિલ્મ સિવાય કરિશ્મા કપૂર બ્રાઉન સિરીઝમાં પણ જોવા મળશે. બ્રાઉન વિશે વાત કરતાં કરિશ્માએ કહ્યું,- 'આ સિરીઝમાં મારું પાત્ર કોઈ સામાન્ય હિરોઈન જેવું નથી. આ એક પાત્ર છે જે ખૂબ જ અસામાન્ય અને અલગ છે.' 'આ એક મહિલાની વાર્તા છે જે ખૂબ જ વાસ્તવિક અને જમીન સાથે જોડાયેલી છે. તેણીએ ઘણું સહન કર્યું છે. તેને માર મારવામાં આવ્યો છે, તેણે પોતાની અંદર ચાલતી લાગણીઓની ઊથલપાથલ અનુભવી છે. અલબત્ત, આ સિરીઝ ક્રાઈમ-ડ્રામા છે. પરંતુ તેના કરતાં પણ વધુ, તે સ્ત્રીની મુસાફરી વિશે છે.

# કોહલીનો વિરાટ રેકોર્ડ

## વિરાટ કોહલી T20 ક્રિકેટમાં રચશે ઈતિહાસ

IPL 2024 શરૂ થવામાં હવે થોડો સમય બાકી છે. પ્રથમ મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને RCB વચ્ચે રમાશે. ચેન્નાઈ સુપર કિંગ્સે પાંચ વખત IPL ટ્રોફી જીતી છે. જ્યારે RCB ટીમ એક પણ વખત ટાઈટલ જીતી શકી નથી. CSK સામેની મેચમાં વિરાટ કોહલી માત્ર 6 રન બનાવીને ઈતિહાસ રચશે.




### આ ખેલાડીએ T20 ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવ્યા

- ક્રિસ ગેલ- 14562 રન
- શોએબ મલિક- 13338 રન
- કિરોન પોલાર્ડ- 12899 રન
- એલેક્સ હેલ્સ- 12295 રન
- ડેવિડ વોર્નર- 12065 રન
- વિરાટ કોહલી- 11994 રન

### આ ખાસ સિદ્ધિ હાંસલ કરશે

વિરાટ કોહલીની ગણતરી વિશ્વના શ્રેષ્ઠ બેટ્સમેનોમાં થાય છે. જો તે IPL 2024ની પ્રથમ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે 6 રન બનાવશે તો તે T20 ક્રિકેટમાં તેના 12000 રન પૂરા કરશે. તે T20 ક્રિકેટમાં 12000 રન બનાવનાર પ્રથમ ભારતીય બનશે. તેના પહેલા કોઈ ભારતીય T20 ક્રિકેટમાં આ કારનામું કરી શક્યું નથી. વિરાટ કોહલીએ અત્યાર સુધી 376 T20 મેચમાં 11994 રન બનાવ્યા છે જેમાં 8 સદી સામેલ છે. આ સિવાય તેના નામે 91 ફિફ્ટી સામેલ છે. T20 ક્રિકેટમાં ક્રિસ ગેલે સૌથી વધુ રન બનાવ્યા છે. ગેલના નામે 14562 રન છે.

### IPL મેચમાં 7 સદી ફટકારી

વિરાટ કોહલી IPLમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે. જો તે ક્રિઝ પર હાજર હોય તો ફેન્સને મેચ જીતવાની આશા રહે છે. તેણે ઘણી વખત RCB ટીમને મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બચાવી છે. કોહલીએ 2008 થી 2023 સુધી IPLની 16 સીઝન માત્ર RCB ટીમ માટે રમી છે. આવું કરનાર તે પ્રથમ ખેલાડી છે. કોહલીએ IPLમાં 7263 રન બનાવ્યા છે જેમાં 7 સદી સામેલ છે.

---

**T20-વર્લ્ડકપ 1 જૂનથી શરૂ થશે : આ ટૂર્નામેન્ટ યુએસ અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાશે**

# T20 વર્લ્ડકપ 2024માં આ 3 ખેલાડીઓને રમાડવાની ભૂલ નહીં કરે રોહિત શર્મા!

નવી દિલ્હી | તા.13

ICC T20 વર્લ્ડકપ 1 જૂનથી શરૂ થવા જઈ રહ્યો છે. ભારતીય ટીમ આ ટૂર્નામેન્ટમાં ક્યારેય તે જ ભૂલો કરવા માંગશે નહીં જે તેણે ICC ODI વર્લ્ડકપ 2023માં કરી હતી. આવા ઘણા ખેલાડીઓને ODI વર્લ્ડ કપમાં ટીમનો ભાગ બનાવવામાં આવ્યા હતા, જેમના પર કેપ્ટન અને સિલેક્ટરે ઘણો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, પરંતુ તેઓ વિશ્વાસ પર ખરા ઉતરી શક્યા ન હતા. આવી સ્થિતિમાં, રોહિત શર્મા ભૂલથી પણ T20 વર્લ્ડકપ 2024માં ભારતીય ટીમની ટીમમાં સામેલ આ 3 ખેલાડીઓને તક આપવા માંગશે નહીં. આ ખેલાડીઓએ તેમના પ્રદર્શનથી ઘણી નિરાશ કરી હતી, જેના કારણે આ ખેલાડીઓ T20 વર્લ્ડકપમાંથી બહાર થઈ જશે તે નિશ્ચિત છે.



### ફાસ્ટ બોલર પણ થશે બહાર

ભારત તરફથી અન્ય એક ઝડપી બોલર પ્રસિદ્ધ કૃષ્ણા છે, જેને ICC વર્લ્ડકપ 2023માં ટીમનો ભાગ બનાવવામાં આવ્યો હતો. જોકે, ખેલાડીને એક પણ મેચ રમવાની તક મળી ન હતી. તે સમયે ભારતીય ટીમને રિપ્લેસમેન્ટ માટે ફાસ્ટ બોલરનો વિકલ્પ હોવો જરૂરી હતો. આ કારણથી કૃષ્ણાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. પરંતુ હવે રોહિત શર્મા ક્યારેય T20 વર્લ્ડકપમાં આ ટેસ્ટ કરવા ઈચ્છશે નહીં.

### સ્પિન બોલરને તક નહીં મળે

દિગ્ગજ ભારતીય ખેલાડી રવિચંદ્રન અશ્વિનને ICC વર્લ્ડકપ 2023 દરમિયાન ભારતીય ટીમનો ભાગ બનાવવામાં આવ્યો હતો, પરંતુ ખેલાડીએ કંઈ ખાસ પ્રદર્શન કર્યું ન હતું. જો કે, T20 વર્લ્ડકપમાં અશ્વિનની ઉંમર પણ આડે આવવાની છે. અશ્વિન 37 વર્ષનો થઈ ગયો છે. આટલી મોટી ઉંમરે ખેલાડીને T20 વર્લ્ડકપ માટે ટીમનો ભાગ બનાવવામાં આવશે નહીં. જો કે, તે લાંબા સમયથી T20 ક્રિકેટ રમ્યો નથી. આ કારણથી રોહિત તેને ક્યારેય વર્લ્ડકપ ટીમ માટે પસંદ કરવા માંગતો નથી.

### ઓલરાઉન્ડર ખેલાડી પણ થશે બહાર

ભારતના ઓલરાઉન્ડર ખેલાડી શાર્દુલ ઠાકુરને પણ વર્લ્ડકપ 2023 દરમિયાન ટીમનો ભાગ બનાવવામાં આવ્યો હતો. પરંતુ ખેલાડીઓ પોતાના પ્રદર્શનથી ટીમને પ્રભાવિત કરી શક્યા ન હતા. આ કારણે શાર્દુલનું T20 વર્લ્ડકપ 2024માંથી બહાર રહેવું પણ નિશ્ચિત માનવામાં આવે છે. જો ભારતને ઓલરાઉન્ડર ખેલાડીની જરૂર હોય તો તેના સ્થાને શિવમ દુબેને ટીમમાં સામેલ કરી શકાય છે. આ સિવાય ભારત પાસે હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ અને રવિન્દ્ર જાડેજા જેવા ઓલરાઉન્ડર ખેલાડીઓ તરીકે પણ ઘણા વિકલ્પો છે.

---

# રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સાથે જોડાયો સ્ટાર ખેલાડી

**RCB કેપ્ટન ફાફ ડુ પ્લેસિસ ટીમ સાથે જોડાયો**

નવી દિલ્હી | તા.13

IPL 2024ની પ્રથમ મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે 22 માર્ચે રમાશે. હવે મેચ પહેલા એક સ્ટાર ખેલાડી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના કેમ્પમાં જોડાયો છે. જે બાદ ફેન્સે રાહતનો શ્વાસ લીધો હતો. બીજી તરફ, વિરાટ કોહલીને લઈને હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી કે કિંગ કોહલી ક્યારે RCB કેમ્પમાં જોડાશે. ફેન્સ આતુરતાથી વિરાટ કોહલીની RCB કેમ્પમાં જોડાવા માટે રાહ જોઈ રહ્યા છે.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમે IPL 2024 માટે પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. RCB 22મી માર્ચથી તેનું અભિયાન શરૂ કરવા જઈ રહ્યું છે. આ પહેલા ટીમનો કેપ્ટન ફાફ ડુ પ્લેસિસ RCB કેમ્પમાં જોડાઈ ચૂક્યો છે. જેનો વીડિયો RCBએ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. વીડિયોમાં ફાફ ડુ પ્લેસિસ શાનદાર પોઝ આપતો જોવા મળી રહ્યો છે. આ વીડિયોને શેર કરતી



વખતે RCBએ કેપ્શનમાં લખ્યું, 'કેપ્ટન ફેન્ટાસ્ટિક હોમકમિંગ' આ પછી કેપ્ટન ડુ પ્લેસિસ પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો હતો. ખાસ વાત એ છે કે બે વર્ષ પહેલા આ દિવસે RCBએ ફાફ ડુ પ્લેસિસને RCBનો કેપ્ટન જાહેર કર્યો હતો. વાસ્તવમાં, 2021 IPLના અંતમાં, વિરાટ કોહલીએ RCBની કેપ્ટનશીપ છોડવાનો નિર્ણય લીધો હતો. જે બાદ RCBની કમાન સાઉથ આફ્રિકાના પૂર્વ કેપ્ટન અને ખેલાડી ફાફ ડુ પ્લેસિસ સંભાળી રહ્યા છે. RCBના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી લાંબા સમયથી ક્રિકેટથી દૂર છે. વિરાટ કોહલીએ પણ ઈંગ્લેન્ડ સાથે રમાયેલી ટેસ્ટ સીરિઝમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. વાસ્તવમાં, આ સમયગાળા દરમિયાન, વિરાટ કોહલી બીજી વખત પિતા બન્યો. વિરાટ છેલ્લે અફઘાનિસ્તાન સાથે T20 સિરીઝમાં રમતા જોવા મળ્યો હતો. હવે ફેન્સ વિરાટ કોહલીની વાપસીની રાહ જોઈ રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિરાટ કોહલી 17 માર્ચ સુધી RCB સાથે જોડાઈ શકે છે.

---

# પાકિસ્તાનના નિર્ણયે ભારતનું વધાર્યું ટેન્શન! દિગ્ગજ ખેલાડીઓ છોડી શકે છે IPL

નવી દિલ્હી | તા.13

IPL 2024 પહેલા પાકિસ્તાનની ટીમે એક નિર્ણય લઈને BCCIનું ટેન્શન વધારી દીધું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે એક એવો નિર્ણય લીધો જેનાથી ભારતને મોટું નુકસાન થઈ શકે છે. આ નિર્ણય બાદ IPLમાં ભાગ લેનાર ઘણા વિદેશી ખેલાડીઓ IPL છોડીને પરત ફરી શકે છે. તેનાથી લગભગ તમામ IPL ટીમોનું ટેન્શન વધશે. IPLમાં ફ્રેન્ચાઈઝીસને તેમના વિસ્ફોટક ખેલાડીઓ ગુમાવવા પડી શકે છે. આ બધું પાકિસ્તાનના નિર્ણયને કારણે થઈ રહ્યું છે. જાણો પાકિસ્તાનના કયા નિર્ણયથી ભારત તણાવમાં છે. પાકિસ્તાનનો કોઈ ખેલાડી IPL નહીં રમી શકે. BCCIએ સ્પષ્ટપણે ઈન્કાર કરી દીધો છે કે પાકિસ્તાની ખેલાડીઓ IPLમાં ભાગ નહીં લઈ શકે. જોકે શરૂઆતમાં BCCIએ પાકિસ્તાની ખેલાડીઓ પર IPL રમવા પર કોઈ પ્રતિબંધ લગાવ્યો ન હતો, પરંતુ બાદમાં તેમને ટૂર્નામેન્ટ રમવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. હવે પાકિસ્તાનના નિર્ણયને કારણે એવું લાગે છે કે તેના ખેલાડીઓ ટૂર્નામેન્ટ રમી શકશે નહીં, તેથી તેણે IPLમાં વિક્ષેપ ઊભો કરવાનું મન બનાવી લીધું છે. તમને જણાવી દઈએ કે પાકિસ્તાને ન્યૂઝીલેન્ડ સામે 5 મેચની T20 સીરીઝની જાહેરાત કરી દીધી છે. ખાસ વાત એ છે કે આ સિરીઝ માત્ર IPL વચ્ચે જ રમાશે.




### ફ્રેન્ચાઈઝીઓને મોટો ફટકો પડશે

પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આ T20 સીરીઝ 18 એપ્રિલથી શરૂ થવા જઈ રહી છે. આ સમયગાળા દરમિયાન, IPL 2024 ભારતમાં ચાલુ રહેશે. ન્યૂઝીલેન્ડના ઘણા ખેલાડીઓ પણ IPLમાં ભાગ લે છે. આવી સ્થિતિમાં પાકિસ્તાન વિરૂદ્ધ સિરીઝ શરૂ થયા બાદ ન્યૂઝીલેન્ડના ઘણા દિગ્ગજ ખેલાડીઓ IPL છોડીને પરત ફરી શકે છે. આ સીરિઝ પાકિસ્તાનમાં રમાશે. દરેક દેશના ક્રિકેટ બોર્ડની અપેક્ષા હોય છે કે ખેલાડીઓ પહેલા પોતાના દેશ માટે રમવાને મહત્વ આપે અને પછી અન્ય કોઈ દેશની લીગ રમે. આવી સ્થિતિમાં ન્યૂઝીલેન્ડ પણ પાકિસ્તાન સામે T20 સીરીઝ રમવા માટે પોતાના ખેલાડીઓને પરત બોલાવી શકે છે. જો આવું થાય તો તમામ ટીમોને આંચકો લાગી શકે છે.

### IPLમાં ન્યૂઝીલેન્ડના 14 ખેલાડીઓ

તમને જણાવી દઈએ કે ન્યૂઝીલેન્ડના કુલ 14 ખેલાડીઓ છે, જેમને આઈપીએલ માટે ફ્રેન્ચાઈઝીએ સામેલ કર્યા છે. આ ખેલાડીઓમાં કોલિન મુનરો, લોકી ફર્ગ્યુસન, ટિમ સાઉથી અને રચિન રવિન્દ્ર જેવા ઘણા સ્ટાર્સ સામેલ છે. આવી સ્થિતિમાં ટીમમાં જે ખેલાડીઓના નામ સામેલ થશે તે તમામ ખેલાડીઓએ IPL છોડીને પરત જવું પડશે. પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની સીરિઝ 18 એપ્રિલથી 27 એપ્રિલ સુધી રમાશે. આવી સ્થિતિમાં, ન્યુઝીલેન્ડના ખેલાડીઓ 10 દિવસના આ અંતરાલમાં યોજાનારી તમામ IPL મેચો ચૂકી શકે છે.

---

## રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનું બદલાઈ શકે છે નામ! સોશિયલ મીડિયા પર પોસ્ટ વાયરલ

નવી દિલ્હી | તા.13

IPL 2024 શરૂ થવામાં બહુ ઓછો સમય બાકી છે. પ્રથમ મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાશે. આ પહેલા સોશિયલ મીડિયા પર એક પોસ્ટે ફેન્સને ચોંકાવી દીધા છે. જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનું નામ ટૂંક સમયમાં બદલાઈ શકે છે. જોકે, આ અંગે ફ્રેન્ચાઈઝી દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. હકીકતમાં, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમે હવે IPL 2024ની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પરંતુ તે પહેલા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમનું નામ બદલવાના સમાચાર સામે આવવા લાગ્યા છે. આ અંગેની એક પોસ્ટ સોશિયલ મીડિયા પર આવી છે. જેમાં લખ્યું છે કે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનું નામ બદલીને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આની જાહેરાત 19 માર્ચે RCB અનબોક્સ દરમિયાન કરવામાં આવશે. ફેન્સ પણ આ પોસ્ટ પર કોમેન્ટ કરીને પોતાનો અભિપ્રાય આપી રહ્યા છે. એક પ્રશંસકે કોમેન્ટ કરીને લખ્યું કે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર એક પણ ટ્રોફી જીતી શકી નથી.

---

## મહિલાઓ માટે રાજસ્થાને લોન્ચ કરી ખાસ જર્સી

નવી દિલ્હી | તા.13

રાજસ્થાન રોયલ્સની ગણતરી તે ટીમોમાં થાય છે, જે દરરોજ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક્ટિવ રહે છે. IPL 2024 ની શરૂઆત પહેલા રાજસ્થાને ફરી એકવાર પોતાની નવી પોસ્ટથી ચાહકોનું દિલ જીતી લીધું છે. રાજસ્થાને એક ખાસ જર્સી લોન્ચ કરી છે, જે ટીમે દેશની મહિલાઓને



સમર્પિત કરી છે. રાજસ્થાન રોયલ્સે દેશની મહિલાઓના સન્માન માટે ખાસ ગુલાબી જર્સી લોન્ચ કરી છે. કેપ્ટન સંજુ સેમસન આ ખાસ જર્સી પહેરીને જોવા મળે છે. રાજસ્થાને તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર જણાવ્યું છે કે ટીમ 6 એપ્રિલે આરસીબી સામેની મેચમાં આ જર્સી પહેરશે. રાજસ્થાનની ટીમ 'પિંક પ્રોમિસ' પહેલ દ્વારા દેશની તમામ મજબૂત મહિલાઓનું સન્માન કરવા માટે આ જર્સી પહેરશે.

---

**બેંગ્લોરે ત્રણ વિકેટે 115 રન બનાવીને વિજય મેળવી લીધો**


# એલિસ પેરીની છ વિકેટ, બેંગ્લોરે મુંબઇને હરાવી પ્લે ઓફ માટે ક્વોલિફાય કર્યું





નવી દિલ્હી | તા.13

ઓલરાઉન્ડર એલિસ પેરીએ ઝડપેલી છ વિકેટની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે વિમેન્સ પ્રીમિયર લીગની મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને સાત વિકેટે પરાજય આપીને નોકઆઉટ માટે ક્વોલિફાય કરી લીધું હતું. મુંબઈના 113 રનના જવાબમાં બેંગ્લોરે ત્રણ વિકેટે 115 રન બનાવીને વિજય મેળવી લીધો હતો. એલિસ પેરી 40 તથા રિચા ઘોષ 36 રન બનાવીને અણનમ રહી હતી. ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર બેંગ્લોરની પણ નિરાશાજનક શરૂઆત થઈ હતી અને 39 રનના સ્કોર સુધીમાં ઓપનર મંધાના (11) અને સોફી ડેવિન (12) સહિત ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. મુંબઈ માટે ઓપનર હેલી મેથ્યૂઝ (26) અને સજીવન સજનાએ (30) પ્રથમ વિકેટ માટે 43 રનની ભાગીદારી નોંધાવીને આક્રમક શરૂઆત કરી હતી પરંતુ પેરીએ આ ભાગીદારી તોડયા બાદ મુંબઈના ધબડકાની શરૂઆત થઈ હતી. નેટ સિવર બ્રન્ટ દસ રન બનાવીને આઉટ થઈ હતી. મુંબઈની સાત ખેલાડીઓ બેવડા આંકનો સ્કોર પણ નોંધાવી શકી નહોતી. ઈનિંગના અંત ભાગમાં પ્રિયંકા બાલાએ 18 બોલમાં 19 રન ફટકારીને ટીમનો સ્કોર 100 સુધી પહોંચાડી દીધો હતો. એલિસ પેરીએ ચાર ઓવરમાં 15 રન આપીને છ વિકેટ ઝડપી હતી જે વિમેન્સ ટી20માં અત્યાર સુધીનું બેસ્ટ પ્રદર્શન રહ્યું છે.

## બંને પોતાની પાર્ટીમાંથી રાષ્ટ્રપતિપદના ઉમેદવાર તરીકે ચૂંટાયા : ટ્રમ્પે કહ્યું- જો હું જીતીશ તો હિંસાના આરોપી, મારા સાથીઓને છોડી મૂકીશ



# બાઇડન-ટ્રમ્પ ફરી સામ-સામે



વોશિંગ્ટન | નવેમ્બર 2024માં અમેરિકામાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જો બાઈડન અને ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર આમને- સામને થશે. બંને પોતપોતાની પાર્ટીમાંથી રાષ્ટ્રપતિપદના ઉમેદવાર તરીકે ચૂંટાયા છે. બાઈડન અને ટ્રમ્પને પાર્ટી ડેલિગેટ્સનું સમર્થન મળ્યું છે. રિપબ્લિકન પાર્ટીના પ્રેસિડેન્શિયલ પદના ઉમેદવાર બનવા માટે ટ્રમ્પને 1,215 ડેલિગેટ્સનું સમર્થન જરૂરી હતું તેમજ બાઈડનને ડેમોક્રેટિક પાર્ટી તરફથી ઉમેદવાર બનવા માટે કુલ 1,969 મતની જરૂર હતી. તેમને 2,107 મત મળ્યા હતા.

ન્યૂઝ એજન્સી રોઈટર્સ અનુસાર, ઉમેદવારી જીત્યા બાદ બાઈડને કહ્યું- મતદારો પાસે હવે આ દેશના ભવિષ્ય વિશે નિર્ણય લેવાનો વિકલ્પ છે. અમે લોકશાહીનું રક્ષણ કરીશું. અમે અમારી સ્વતંત્રતાને પસંદ કરવાનો અને બચાવ કરવાનો અધિકાર ફરીથી સ્થાપિત કરીશું. ઉગ્રવાદીઓ આ અધિકાર છીનવી શકશે નહીં.

ઉમેદવાર તરીકે ચૂંટાયાના એક દિવસ પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે જો તેઓ 2024માં ફરીથી રાષ્ટ્રપતિની ચૂંટણી જીતશે તો તેઓ સંસદ પર હુમલાના આરોપી, પોતાના તમામ સમર્થકોને મુક્ત કરશે. જો બાઈડને 6 જાન્યુઆરી, 2021ના રોજ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ટ્રમ્પને હરાવ્યા હતા. આ પછી ટ્રમ્પે ચૂંટણીમાં ગોટાળાના આરોપ લગાવ્યા હતા. ટ્રમ્પના હજારો સમર્થકોએ સંસદ પર હુમલો કર્યો હતો. આ કેસમાં 1358 લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને જેલમાં ધકેલવામાં આવ્યા હતા.

### ટ્રમ્પનું રિપબ્લિકન ઉમેદવાર બનવાનું નક્કી હતું...

રિપબ્લિકન પાર્ટીની નિક્કી હેલી ટ્રમ્પને રાષ્ટ્રપતિપદના ઉમેદવાર બનવા માટે પડકાર કર્યો હતો. ગયા અઠવાડિયે 15 રાજ્યમાં મતદાન થયું હતું. એમાં ડેમોક્રેટિક પાર્ટી તરફથી બાઈડન તમામ 15 બેઠક પર જીત્યા. ટ્રમ્પે રિપબ્લિકન પાર્ટીમાંથી 14 બેઠક જીતી હતી.

ટ્રમ્પે ભારતીય મૂળની નિક્કી હેલીને હરાવ્યા હતા. હેલી માત્ર 1 સીટ જીતી શક્યાં હતાં. આ પછી હવે તેમણે રાષ્ટ્રપતિપદના ઉમેદવારની દાવેદારીમાંથી પોતાનું નામ પાછું ખેંચવાનો નિર્ણય લીધો છે. નિક્કી હેલી એ ભારતીય મૂળનાં બીજાં ઉમેદવાર છે, જે યુએસ રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં ઉમેદવારીની રેસમાંથી બહાર થઈ ગયાં છે. આ પહેલાં રિપબ્લિકન પાર્ટીના વિવેક રામાસ્વામીએ પ્રારંભિક ચૂંટણી હાર્યા બાદ તેમણે ઉમેદવારીમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું.

### અમેરિકામાં રાષ્ટ્રપતિપદની ઉમેદવારી માટે પણ ચૂંટણી યોજાય છે

અમેરિકામાં રાષ્ટ્રપતિપદના ઉમેદવાર બનવા માટે રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટી વચ્ચે ચૂંટણી યોજાય છે. બંને પાર્ટી રાષ્ટ્રપતિપદના ઉમેદવારોની પસંદગી પ્રાથમિક અને કોકસ ચૂંટણી દ્વારા કરે છે. પ્રાથમિક ચૂંટણીઓ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવે છે તેમજ કોકસ પાર્ટીની પોતાની ઈવેન્ટ છે. પ્રાથમિક ચૂંટણી સામાન્ય ચૂંટણી જેવી જ મતદાન પ્રક્રિયા હોય છે. આ દરમિયાન એક પાર્ટીનો કાર્યકર બીજી પાર્ટીની ચૂંટણીમાં પણ મતદાન કરી શકે છે.

# અમેરિકાના સાંસદે કહ્યું- મોદી ફરીથી વડાપ્રધાન બનશે:તેઓ દેશ-વિદેશમાં ખૂબ જ લોકપ્રિય

વોશિંગ્ટન |અમેરિકાના સાંસદ રિચ મેકકોર્મિકનું કહેવું છે કે PM નરેન્દ્ર મોદી ફરી એકવાર ભારતના વડાપ્રધાન બનશે. મોદી ખૂબ જ લોકપ્રિય નેતા છે. તેમની પાર્ટી આગામી લોકસભાની ચૂંટણી જીતશે. હું ભારત ગયો હતો ત્યારે મોદી સાથે લંચ કર્યું હતું. પાર્ટીના સભ્યોમાં પણ તેમની લોકપ્રિયતા જોવા મળી હતી. જો કોઈ 70% લોકપ્રિય છે તો તે મોદી છે.



રિચ મેકકોર્મિકે કહ્યું- અર્થવ્યવસ્થા, વિકાસ, તમામ લોકો પ્રત્યેની સદ્ભાવના પ્રત્યે તેમનો દ્રષ્ટિકોણ વખાણવા લાયક છે. વિશ્વભરના વિદેશી ભારતીયોમાં પણ તેમને ખૂબ પસંદ કરવામાં આવે છે. તેઓ ભારતને જોવાનો વિશ્વનો દ્રષ્ટિકોણ બદલી નાખે છે. ભારતના વ્યૂહાત્મક સંબંધો અને વૈશ્વિક અર્થતંત્ર પર તેમની સકારાત્મક અસર છે. મેકકોર્મિકે કહ્યું- ભારત આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. મોદીના નેતૃત્વમાં ભારતની અર્થવ્યવસ્થા દર વર્ષે 6-8%ની વૃદ્ધિ કરી રહી છે. અન્ય દેશો સાથે કામ કરવાની તેમની તત્પરતાની પ્રશંસા થવી જોઈએ. તેમના નેતૃત્વમાં ભારત ખૂબ જ પ્રમાણિક લાગે છે. તેઓ ટેક્નોલોજીની ચોરી કરવા માટે નહીં પરંતુ તેને શેર કરવા માટે સંમત છે. તેઓ ભરોસો અપાવે છે જે ટેક્નોલોજી શેર કરવાનું સરળ બની જાય છે.

ખરેખરમાં, અમેરિકાને પૂછવામાં આવ્યું હતું કે શા માટે ભારતને 'વિશેષ ચિંતાના દેશો'ની યાદીમાં સામેલ કરવામાં આવ્યું નથી. તેના જવાબમાં યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના તત્કાલીન પ્રવક્તા નેડ પ્રાઈસે કહ્યું હતું કે ભારત ઘણા ધર્મોનું ઘર છે અને ભારતને વિશેષ ચિંતાના દેશો અથવા સ્પેશિયલ વોચ લિસ્ટમાં સામેલ કરી શકાય નહીં. બાઈડન વહીવટીતંત્ર તમામ લોકો માટે ધાર્મિક સ્વતંત્રતાના રક્ષણ માટે ભારતની પ્રતિબદ્ધતાને પ્રોત્સાહિત કરતા રહેશે.

ચીની મીડિયાએ જાહેરમાં ભારતની પ્રશંસા કરી છે અને તેમને શક્તિશાળી દેશ ગણાવ્યો છે. સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સનું કહેવું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની આર્થિક અને વિદેશ નીતિમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. તે ઝડપથી આગળ વધી રહ્યો છે. સાથે જ પાકિસ્તાની મીડિયાએ પણ ભારતને શક્તિશાળી દેશ ગણાવ્યો છે. ત્યાંના મીડિયાએ વર્ષ 2023ની શરૂઆતમાં કહ્યું હતું કે એવા સમયે જ્યારે યુક્રેનના મુદ્દે અમેરિકા અને રશિયા સામસામે છે, ત્યારે આ બંને દેશ ભારતની સાથે ઉભા છે. આ ભારતની શ્રેષ્ઠ ડિપ્લોમેસી છે. ભારત ગ્લોબલ પાવર બની ગયું છે.

## ચીનમાં મહિલાઓને એક કંપનીએ આપેલી ઑફરને લઈ લોકોએ આવી પ્રતિક્રિયા આપી

બેઈજિંગ | માતા બનવું એ દુનિયાની દરેક સ્ત્રી માટે જીવનનો સૌથી વિશેષ અનુભવ છે. તે તેમને શારીરિક, ભાવનાત્મક અને માનસિક રીતે અસર કરે છે. જરા વિચારો, જો આને વ્યાપારી દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો લોકોને ચોક્કસ આશ્ચર્ય થશે. આપણા પાડોશી દેશ ચીનમાં પણ આવું જ વલણ ચાલુ છે. અહીંની મહિલાઓને ખુલ્લેઆમ સરોગેટ માતા બનવાની ઓફર આપવામાં આવી રહી છે, જે દરેકને આશ્ચર્યમાં મૂકી દે છે. ચીનથી મળતી માહિતી અનુસાર, ત્યાંની ઘણી કંપનીઓ મહિલાઓ માટે વિચિત્ર ઑફર્સ આપી રહી છે. તેમના મતે, કોઈપણ મહિલા કે જેની ઉંમર 28 થી 29 વર્ષની વચ્ચે હોય તે બાળકો પેદા કરીને મોટી કમાણી કરી શકે છે. આ એક પ્રકારની કોમર્શિયલ એડ છે.

# આ વ્યક્તિએ પોતાની દાઢી, દાંત અને ગરદનથી તોડ્યા 3 વર્લ્ડ રેકોર્ડ

કિવ | યુક્રેનના એક યુવકે પોતાની તાકાતથી એક નહીં પરંતુ ત્રણ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા છે. તેના અદ્ભુત પરાક્રમથી લોકો દંગ રહી ગયા છે. દિમિત્રો હુન્સકી નામના આ વ્યક્તિએ પોતાની દાઢી, દાંત અને ગરદન દ્વારા 3 ગિનિસ બુક રેકોર્ડ તોડ્યા છે. તેમણે એક જ દિવસમાં ત્રણેય રેકોર્ડ તોડીને તેણે નવા રેકોર્ડ પોતાના નામે કર્યા છે. જાણીએ તેમના આ અદ્ભુત રેકોર્ડ્સ વિશે.

દિમિત્રોએ પોતાની દાઢી વડે 2580 કિલો વજનનું વાહન ખેંચીને રેકોર્ડ બનાવ્યો છે. દાઢી દ્વારા ખેંચાયેલું આ સૌથી ભારે વાહન છે. દિમિત્રોએ 2019માં પહેલીવાર આ રેકોર્ડ બનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે સફળ થયો નહોતો અને તેનીદાઢીના વાળ તેની સ્કીનમાંથી નીકળી ગયા હતા, પરંતુ હવે તેના બીજા પ્રયાસમાં તેણે 1,951 કિલોની મિનિબસ ખેંચીને રેકોર્ડ બનાવ્યો છે.

દિમિત્રોનો બીજો પ્રયાસ ગરદન દ્વારા ટ્રક ખેંચવાનો હતો. તે 7759 કિલો વજનની ટ્રકને લગભગ 5 મીટરના અંતરે ખેંચી અને આ રેકોર્ડ બનાવનાર પ્રથમ વ્યક્તિ બન્યો છે. ગરદનથી ટ્રક ખેંચતી વખતે તેનો ચહેરો લાલ થઇ ગયો હતો. દિમિત્રોએ દાંત વડે ખેંચાયેલી સૌથી વધુ કારનો પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે. અગાઉ તેણે કુલ 6



ટેક્સી કારને દાંત વડે ખેંચી હતી. પોતાનો જ રેકોર્ડ તોડતા આ વખતે દિમિત્રોએ પોતાના દાંતથી 7 ટેક્સી કાર ખેંચી હતી. કાર અને ડ્રાઈવરનું કુલ વજન 8784 કિલો હતું. જો કે, તમામ કાર ન્યુટ્રલ ગિયરમાં હતી અને એન્જિન બંધ હતા. ડ્રાઈવરોએ સુનિશ્ચિત કરવાનું હતું કે કાર સીધી લાઈનમાં રહે. દિમિટ્રોએ આ અન્ય રેકોર્ડ પણ બનાવ્યા છે. તેણે 10 ઓગસ્ટ, 2023ના રોજ 15.63 સેકન્ડ સુધી 30 મીટર સુધી સૌથી ઝડપી કાર દાંત વડે ખેંચીને રેકોર્ડ બનાવ્યો હતો. આ પહેલા વર્ષ 2022માં 10 મેના રોજ તેણે 32,500 કિલોની ટ્રેન ગળાથી ખેંચીને વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું હતું. તે ગરદન દ્વારા ખેંચાયેલી સૌથી ભારે ટ્રેન હતી.

### ન્યૂઝ ટ્રેક

## કરકસર કરો નહિતર અમેરિકાનું દેવાળું ફૂંકાશેઃ એલોન મસ્ક

ન્યૂયોર્ક| વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા અમેરિકા પર કંગાળીનું જોખમ તોળાઈ રહ્યું છે. આ ચોંકાવનારી વાત બીજું કોઈ નહીં પરંતુ ટેસ્લાના CEO એલોન મસ્ક કહી રહ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર (X) પર ટ્વિટ કરીને અમેરિકાની જનતાને ખર્ચ ઓછો કરવા માટે સલાહ આપી છે. વાસ્તવમાં ટ્વિટર પર એક ટ્વિટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ટૂંક સમયમાં અમેરિકન કરદાતાઓના 100 ટકા પૈસાનો ઉપયોગ દેશની લોન પર વ્યાજ ચૂકવવામાં વેડફાઇ જશે. તેનો જવાબ આપતા એલોન મસ્કે કહ્યું હતું કે, અમેરિકાનું ટૂંક સમયમાં દેવાળું ફૂંકાઈ શકે છે. અહીના લોકોએ ઓછો ખર્ચ કરવો જોઈએ નહિ તો ટૂંક સમયમાં કંગાળ થઈ જશે. એક યુઝરે પોસ્ટમાં કહ્યું કે આગામી કેટલાક વર્ષો માટે આ આંકડાઓ જોવા સારા છે. વ્યક્તિગત આયકર સરકારના રાજસ્વનો લગભગ અડધો ભાગ છે. ફેબ્રુઆરીની વાત કરીએ તો યુએસ સરકારે પર્સનલ ઈન્કમ ટેક્સમાંથી 120 બિલિયન ડોલર એકત્ર કર્યા હતા. તેઓને રાષ્ટ્રીય દેવા પર વ્યાજ ચૂકવવા માટે ફેબ્રુઆરીમાં 76 બિલિયન ડોલરનો ખર્ચ કરવો પડ્યો. આપણે એ દિવસથી વધારે દૂર નથી જ્યારે લોન પરના વ્યાજની ચુકવણી કરવા માટે 100 ટકા વ્યક્તિગત આવકવેરો ચૂકવવો પડશે. અમેરિકાના અરબપતિ બેન્કર જેમી ડિમોનનું કહેવું છે કે અમેરિકામાં મંદીની શક્યતા વધારે દૂર નથી. તો, જેપી મોર્ગન ચેજના ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) એ કહ્યું, 'મને લાગે છે કે આગામી એક કે બે વર્ષમાં સોફ્ટ લેન્ડિંગની શક્યતા અડધી છે. સૌથી ખરાબ પરિસ્થિતિ મોંઘવારીને લીધે આવનાર મંદીની સ્થિતિ હશે.

# એક રેસ્ટોરન્ટમાં વિસ્ફોટમાં એકનું મોત, 22થી વધુ ઈજાગ્રસ્ત

બેઈજિંગ | પાડોશી દેશ ચીનના હેબેઈ પ્રાંતના સાન્હે શહેરમાં એક રેસ્ટોરન્ટમાં પ્રચંડ વિસ્ફોટ થતા એક વ્યક્તિનું મોત થયું છે અને 22થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઉલ્લેખનીય છે કે, વિસ્ફોટ એટલો જોરદાર હતો કે આસપાસની અનેક કાર અને ઈમારતોને પણ ભારે નુકસાન થયું હતું. મળતી માહિતી અનુસાર, આ ઘટના ચીનની રાજધાની બેઈજિંગથી લગભગ 80 કિલોમીટર દૂર સાન્હે શહેરમાં સ્થાનિક સમય મુજબ સવારે 8 વાગ્યે બની હતી. તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રાથમિક જાણકારી અનુસાર ગૅસ સિલિન્ડર લીક થયા બાદ વિસ્ફોટ થયો હતો. ચીનના રાહત અને બચાવ વિભાગે જણાવ્યું કે લોકોને બચાવવા માટે 36 વાહનો અને 154 બચાવકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. જે બાદ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, આ વિસ્ફોટ બાદ સ્થાનિકોમાં ભારે નાસભાગ મચી હતી. તેમજ લોકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં વિસ્ફોટ બાદ રેસ્ટોરન્ટમાંથી ધૂમાડો નીકળતો જોઈ શકાય છે. આ ઉપરાંત અનેક વાહનોના કાચ તૂટ્યા અને આસપાસની ઈમારતોનો કાટમાળ પણ પડી ગયો હતો. પોલીસે અને તપાસ એજન્સીએ ઘટનાસ્થળે જઈ તપાસ હાથ ધરી પૂરતા પુરાવા એકઠા કર્યા હતા.

# માલદીવમાં ફરજ પર તહેનાત 25 ભારતીય સૈનિકોની વતન વાપસી, શું મુઈજ્જુનો પ્લાન સફળ થયો?

માલદીવ | માલદીવમાં ફરજ બજાવતા ભારતીય સૈનિકો વતન પાછા ફરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. આ અંગે માલદીવના મીડિયાએ દાવો કર્યો હતો કે વિમાનોનું સંચાલન કરી રહેલા ભારતીય સૈનિકોને પાછા બોલાવી લેવાયા છે. માલદીવના સમાચારપત્ર મિહારુના અહેવાલ મુજબ એડુ એરપોર્ટ પર તૈનાત ૨૫ ભારતીય સૈનિકોએ ૧૦ માર્ચ પહેલા જ ટાપુ છોડી દીધો છે.

રાષ્ટ્રપતિ મુઈજ્જુ માલદીવમાં સમુદ્રી સીમાનું રક્ષણ કરતા ભારતીય સૈનિકોને દૂર કરવાનું વચન આપીને ગત વર્ષ સપ્ટેમ્બર મહિનામાં સત્તા પર આવ્યા હતા. ઉલ્લેખનીય છે માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુએ ચુંટણી પહેલા અને ચુંટણી ઈન્ડિયા આઉટ અભિયાન ચલાવ્યું હતું. મુઈજ્જુ ચીનના સમર્થક રહયા હોવાથી તેમની સરકારના મંત્રીઓ ભારત વિરોધી નિવેદનો



કરીને ચીનને ખૂશ કરતા રહયા છે.

મુઈજ્જુએ માલદીવમાં ફરજ બજાવતા ભારતના સૈનિકોને હટાવી લેવા માટે ૧૫ માર્ચ સુધીની સમય સીમા નકકી કરી હતી.રાષ્ટ્રપતિ બન્યા પછી તેમણે ચીનની મુલાકાત લીધી હતી. ત્યાર પછી ચીનનું એક જહાજ માલદીવ સુધી ખેપ મારવા આવ્યું હતું. માલદીવમાં ભારતીય સેનાની એક નાની ટુકડી જે ટોહી વિમાનોની સાથે એક ટુકડી હિંદ મહાસાગરમાં ચોકી સંભાળતી હતી. એક અહેવાલ મુજબ માલદીવમાં ભારતના ૮૮ જેટલા સૈનિકો છે. ભારતીય નૌકા સેનાનું એક ડોર્નિયર વિમાન અને બે હેલિકોપ્ટર માલદીવમાં ગોઠવેલા છે જે આસપાસના નાના મોટા ૨૦૦ ટાપુઓના દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચાડવની સેવા કરે છે. આ ઉપરાંત ભારતીય વિમાનો માલદીવના ઈકોનોમિક ઝોનમાં ગેર કાયદેસર માછલી પકડવાની પ્રવૃતિઓ પર નજર રાખે છે. માલદીવના નેશનલ ડિફેન્સ ફોર્સ (એમએનડીએફ) એ પણ ભારતીય સૈનિકોની વાપસીની પુષ્ઠી કરી છે જો કે માલદીવ કે ભારતીય અધિકારીઓએ આ અંગે કોઈ જ અધિકૃત માહિતી આપી નથી.

# ચૂંટણીમાં ચેડાંના ડરથી ગભરાયેલું અમેરિકા ભારતના નક્શેકદમ પર! ચાઈનીઝ એપ પર મૂકશે પ્રતિબંધ...

ન્યૂયોર્ક | ભારત બાદ હવે અમેરિકામાં પણ ચાઈનીઝ એપ TikTok માટે ખરાબ દિવસો શરૂ થવાના છે. કારણ કે, તેના પર પ્રતિબંધ મૂકવામાં આવી શકે છે. આ અંગે એક બિલ થોડા દિવસ પહેલા રજૂ કરવામાં આવ્યું હતું જેના પર હવે મતદાન કરાશે. આ એપ્લિકેશનને લઈને અમેરિકન ઈન્ટેલિજન્સ એજન્સીના રિપોર્ટમાં એક ચોંકાવનારી વાત સામે આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ચાઈનીઝ એપનો ઉપયોગ અમેરિકામાં ચૂંટણીને પ્રભાવિત કરવા માટે થઈ શકે છે. યુએસ નેશનલ ઈન્ટેલિજન્સ એજન્સીના ડાયરેક્ટર એવરિલ હેન્સે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની ઈન્ટેલિજન્સ કમિટી સમક્ષ કહ્યું કે ચીન 2024ની અમેરિકાની ચૂંટણીને પ્રભાવિત કરવા માટે સોશિયલ મીડિયા એપ TikTokનો ઉપયોગ કરી શકે છે.

આ ચાઈનીઝ એપ્સ સામે ઘણીવાર યુઝર્સના ડેટાને ચીન સાથે શેર કરવાનો આરોપ લાગ્યો છે. આ જ કારણ હતું કે ભારતમાં



તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ડેમોક્રેટિક સાંસદ રાજા કૃષ્ણમૂર્તિ એ સવાલ કર્યો હતો કે શું ચીનની સત્તારૂઢ કમ્યુનિસ્ટ પાર્ટી (CCP) ચૂંટણીને પ્રભાવિત કરવા માટે TikTokનો ઉપયોગ કરશે? તેના જવાબમાં હેન્સે કહ્યું, 'અમે એ વાતને નકારી શકીએ નહીં કે CCP તેનો ઉપયોગ કરશે.' કૃષ્ણમૂર્તિ ચીન મુદ્દે બનાવાયેલી ગૃહની પસંદગી સમિતિમાં રેન્કિંગ ડેમોક્રેટ પણ છે, જેમણે ગત અઠવાડિયે તેમના રિપબ્લિકન અધ્યક્ષ માઈક ગેલાઘર સાથે એક બિલ રજૂ કર્યું હતું. આ મુજબ એપ્લિકેશનના ચાઈનીઝ માલિક ByteDanceને TikTok એપ વેચવા માટે લગભગ છ મહિનાનો સમય આપવામાં આવ્યો છે જેનો ઉપયોગ 170 મિલિયન અમેરિકનો કરે છે. તેનો અર્થ એ છે કે તેણે કાં તો ચીન સાથેના સંબંધો તોડી નાખવા પડશે અથવા અમેરિકામાં એપ બંધ કરવી પડશે.

# ખાનગી કંપનીનું રોકેટ લોંચ થયા બાદ બ્લાસ્ટમાં ખાખ

ટોકિયો | જાપાનમાં પ્રથમ વખત ખાનગી ક્ષેત્રની કંપનીએ રોકેટ બનાવ્યું હતું. પરંતુ રોકેટ લોન્ચ થયાના થોડા સમય બાદ જ વિસ્ફોટથી તૂટી પડ્યું હતું. જાપાનમાં આ પહેલીવાર બન્યું હતું કે જ્યારે કોઈ ખાનગી કંપનીએ રોકેટ બનાવીને તેને અવકાશ ભ્રમણકક્ષામાં છોડ્યું હતું, પરંતુ લોન્ચિંગના થોડા જ સમયમાં તે વિસ્ફોટ થયો હતો. મળતી માહિતી અનુસાર, ઓનલાઈન વીડિયોમાં જોવા મળે છે કે 'કાઈરોસ' નામનું રોકેટ મધ્ય જાપાનના વાકાયામા પ્રીફેક્ચરના ઓફશોર વિસ્તારમાંથી લોન્ચ કરવામાં આવ્યું છે, પરંતુ તે ટેકઓફ કર્યાની થોડી જ સેકન્ડોમાં વિસ્ફોટ થઈ જાય છે. આ વિસ્તારમાં ભારે ધૂમાડો જોવા મળ્યો હતો અને કેટલીક જગ્યાએ આગની જ્વાળાઓ ઉભરાવા લાગી હતી.

વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે આગ ઓલવવાના પ્રયાસમાં તે જગ્યાએ પાણી રેડવામાં આવી રહ્યું છે. આ રોકેટ જાપાનની રાજધાની ટોક્યો સ્થિત સ્ટાર્ટ-અપ 'સ્પેસ વન'નું હતું અને તેણે તરત જ કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. જાપાની મીડિયાના અહેવાલો અનુસાર, પ્રક્ષેપણ પહેલાથી જ ઘણી વખત વિલંબિત થઈ ચૂક્યું હતું અને છેલ્લીવાર શનિવારે એક જહાજ જોખમી ક્ષેત્રમાં જોવા મળ્યા પછી તેને મોકૂફ રાખવામાં આવ્યું હતું. જો તે સફળ થયું હોત, તો 'સ્પેસ વન' અવકાશ ભ્રમણકક્ષામાં રોકેટ મોકલનાર પ્રથમ ખાનગી કંપની બની હોત.

આ પહેલા અમેરિકાની એક ખાનગી કંપનીએ ચંદ્ર પર અવકાશયાન ઉતાર્યું હતું. આ પહેલીવાર હતું જ્યારે કોઈ ખાનગી કંપનીનું અવકાશયાન ચંદ્ર પર ઉતર્યું હોય. જોકે, આ અવકાશયાન ચંદ્રની સપાટી પર ઉતર્યા બાદ પલટી ગયું હતું. જેના કારણે ચિંતા વધી હતી. લગભગ 50 વર્ષ પછી એક અમેરિકન અવકાશયાન ચંદ્ર પર ઉતર્યું હતું. તે પણ એક ખાનગી કંપનીનું ચંદ્રયાન, જેનું નામ ઓડીસિયસ લેન્ડર છે.

## વ્યક્તિના મગજમાં સૌથી વધુ મહત્ત્વ કઈ ભાષાને, જેને સાંભળતા જ કરે છે રિએક્ટ?

ન્યૂયોર્ક | માણસ પોતાની કારકિર્દીમાં એક કરતા અનેક ભાષાઓ શિખતો હોય છે પરંતુ માતૃભાષા એક જ હોય છે, માતૃભાષાના શબ્દો સાંભળે છે ત્યારે તેનું મગજ ખાસ પ્રકારની પ્રતિક્રિયા વ્યકત કરે છે એવું એક સ્ટડીમાં બહાર આવ્યું છે. આ અંગે એક કરતા વધુ ભાષા જાણતા લોકોના મસ્તિષ્ક પર વૈજ્ઞાનિકોએ પ્રયોગ કર્યો હતો. મસ્તિષ્કમાં ભાષાઓ કેવી રીતે વિકસે છે તેને લાગતી જાણકારી મેળવવા પ્રયાસ કરાયો હતો. ફંકશનલ મેગ્નેટિક રેઝોનેંસ ઈમેજિંગ નામની આ પ્રક્રિયા દ્વારા વૈજ્ઞાનિકોએ બહુભાષીઓના મગજની પ્રતિક્રિયા સમજવા પ્રયત્ન કર્યો હતો. આના માટે જુદી જુદી ભાષાની લેખિત સામગ્રી વંચાવવામાં આવી હતી. આ અંગેના સ્ટડી માટે ૩૪ લોકોની પસંદગી કરવામાં આવી હતી જેમાં ૨૦ પુરુષો અને ૧૪ મહિલાઓ હતી. જેમની ઉંમર ૧૯ થી લઈને ૭૧ વર્ષ સુધીની હતી.

સ્ટડીમાં ભાગ લેનારા ૨૧ની માતૃભાષા અંગ્રેજી હતી જયારે બાકીનાની ફ્રાંસીસી, રશિયન, સ્પેનિશ, ડચ, જર્મન, હંગેરિયન અને મેંન્ડેરિન હતી. વૈજ્ઞાનિકોએ બે સમૂહોની સરખામણી કરી હતી. જેમાં એક સમૂહ વધારે ભાષાઓનો જાણકાર હતો. જયારે બીજો વર્ગ પ્રમાણમાં ઓછી ભાષાઓ જાણતો હતો. વૈજ્ઞાનિકોના ધ્યાનમાં આવ્યું હતું કે જુદી જુદી ભાષાઓ સમજતા હતા ત્યારે મસ્તિષ્કના ભાગ સીરિબ્રલ કૉર્ટેકસ સક્રિય થઈ જાય છે. સંશોધન સાથે સંકળાયેલ ઈવલીના ફેડરેંકોઓના જણાવ્યા અનુસાર જે ભાષાને નાનપણથી જ સારી રીતે જાણો છો તે સાંભળવાથી મગજનો એક ચોકકસ ભાગ અત્યંત સક્રિય થઈ જાય છે. તમામ શબ્દોના અર્થ યાદદાશ્તના આધારે જ જાણી શકો છો.

# રાષ્ટ્રપતિએ ઉત્તરાખંડની પુષ્કરસિંહ ધામી સરકારના UCC બિલને મંજૂરી આપી

- **મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના સૌથી મોટા નિર્ણય પર રાષ્ટ્રપતિની મંજૂરીની મહોર**
- **UCC વડાપ્રધાનની સબકા સાથ સબકાની માન્યતાને અનુરૂપ છે: મુખ્યમંત્રી**
- **UCC બિલ 7 ફેબ્રુઆરીએ વિધાનસભામાં અવાજ મત દ્વારા પસાર કરવામાં આવ્યું હતું**

દેહરાદૂન. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના સૌથી મોટા યુનિફોર્મ સિવિલ કોડ (UCC) બિલને રાષ્ટ્રપતિએ મંજૂરી આપી દીધી છે. સરકારને રાષ્ટ્રપતિ ભવન તરફથી આ માહિતી મળી છે. રાજ્ય સરકાર દ્વારા તેનું જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે. નિયમો બનતાની સાથે જ તેનું અલગ નોટિફિકેશન બહાર પાડવામાં આવશે, જેના પછી ઉત્તરાખંડ UCC કાયદો લાગુ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બની જશે. અહીં, મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ બિલને મંજૂરી આપવા બદલ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો આભાર વ્યક્ત કર્યો છે. કહ્યું કે ટૂંક સમયમાં આ કાયદો રાજ્યમાં અસરકારક રીતે લાગુ કરવામાં આવશે.

દેશના સૌથી કડક UCC કાયદાને લાવવાના બિલને 7 ફેબ્રુઆરીએ રાજ્યની વિધાનસભામાં મંજૂરી આપવામાં આવી હતી. આ બિલ બંધારણની કલમ 44 હેઠળ હોવાથી આ બિલને કાયદા તરીકે લાગુ કરવા માટે રાષ્ટ્રપતિની મંજૂરી જરૂરી હતી. સરકારે આ બિલ રાજ્યપાલને મોકલ્યું અને રાજ્યપાલે બંધારણની જોગવાઈઓને કારણે રાષ્ટ્રપતિને મંજૂરી માટે મોકલ્યું. આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઉત્તરાખંડ સરકારના આ મહત્વપૂર્ણ બિલને કાયદાના રૂપમાં લાગુ કરવાની મંજૂરી આપી દીધી છે. આ માહિતી મળતાં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું, 'રાજ્યના તમામ લોકો માટે આ ખૂબ જ આનંદ અને ગર્વની ક્ષણ છે કે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીએ અમારી સરકાર દ્વારા પસાર કરાયેલ સમાન નાગરિક સંહિતા બિલને તેમની મંજૂરી આપી છે. ઉત્તરાખંડ વિધાનસભામાં. ચોક્કસપણે, રાજ્યમાં સમાન નાગરિક



સંહિતા કાયદાના અમલીકરણ સાથે, તમામ નાગરિકોને સમાન અધિકારો પ્રદાન કરવા સાથે, મહિલાઓ પર થતા અત્યાચારને પણ અંકુશમાં આવશે. યુસીસી કાયદો સંવાદિતાને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. રાજ્યમાં સામાજિક સમાનતાનું મહત્વ સાબિત કરીને ભૂમિકા ભજવશે.મુખ્યમંત્રી ધામીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન મુજબ અમારી સરકાર નાગરિકોના હિતોનું રક્ષણ કરવા અને ઉત્તરાખંડના મૂળ સ્વભાવને જાળવવા સંકલ્પબદ્ધ છે. તેમણે કહ્યું કે ટૂંક સમયમાં જ નિયમો અને કાયદાઓને મંજૂર કરીને કાયદો અમલમાં મુકવામાં આવશે.રાજ્યમાં કડકાઈથી અમલ કરવામાં આવશે.મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ દોઢ વર્ષ પહેલા વિધાનસભાની ચૂંટણી દરમિયાન જનતાને વચન આપ્યું હતું કે જો સરકાર બનશે તો રાજ્યમાં યુસીસી (યુનિફોર્મ સિવિલ કોડ) લાગુ કરવામાં આવશે. જ્યારે સરકારની રચના થઈ ત્યારે મુખ્ય પ્રધાન ધામી સૌપ્રથમ કેબિનેટમાં UCCનો પ્રસ્તાવ લાવ્યા હતા. આ પછી, કાયદાના નિષ્ણાતોની એક સમિતિની રચના કરવામાં આવી હતી અને 7 ફેબ્રુઆરીએ વિધાનસભામાં ચર્ચા કર્યા પછી, UCC પર નિયમિત બેઠકો યોજીને, જનતાના સૂચનો લીધા પછી બિલને મંજૂરી આપવામાં આવી હતી. વિધાનસભાની મંજૂરી બાદ બિલને રાષ્ટ્રપતિ પાસે મંજૂરી માટે મોકલવામાં આવ્યું હતું. આજે રાષ્ટ્રપતિએ બિલ પર પોતાની મંજૂરીની મહોર લગાવી દીધી છે. આ સાથે રાજ્ય સરકારે રાજ્યમાં ફરીથી ઠરાવથી સિદ્ધિ સુધીનો સંદેશ આપ્યો છે.

---

**SHABD પચાસ કેટેગરીમાં તમામ મુખ્ય ભારતીય ભાષાઓમાં સમાચારો પ્રદાન કરશે**

## કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે પ્રસાર ભારતી-શેર્ડ ઓડિયો વિઝ્યુઅલ્સ ફોર બ્રોડકાસ્ટ એન્ડ ડિસેમિનેશનનો શુભારંભ કરાવ્યો

નવી દિલ્હી : કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અનુરાગ સિંહ ઠાકુરે આજે નવી દિલ્હીનાં નેશનલ મીડિયા સેન્ટરમાં આયોજિત એક કાર્યક્રમમાં પ્રસાર ભારતીની ન્યૂઝ શેરિંગ સર્વિસ પીબી- SHABD તથા ડીડી ન્યૂઝ અને આકાશવાણી ન્યૂઝની વેબસાઇટ તેમજ અપડેટેડ ન્યૂઝ ઓન એર મોબાઇલ એપનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે બોલતા શ્રી ઠાકુરે જણાવ્યું હતું કે, આજનો દિવસ દેશના માહિતી અને પ્રસારણ ક્ષેત્ર માટે ઐતિહાસિક દિવસ હતો. 'વર્ષોથી, પ્રસાર ભારતીએ દરેક પ્રાદેશિક ભાષામાં દેશના દરેક ખૂણામાંથી સમાચારો એકત્રિત કરવા તેમજ સમાચાર પહોંચાડવાનું વિસ્તૃત નેટવર્ક વિકસાવ્યું છે. હવે અમે આ સચોટ અને અર્થપૂર્ણ કન્ટેન્ટને ભારતના બાકીના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક




મીડિયા ઉદ્યોગ સાથે શેર કરવાનો ઈરાદો ધરાવીએ છીએ.' મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, સમાચાર સંસ્થાઓને સ્વચ્છ ફીડ આપવામાં આવશે અને દૂરદર્શનનો લોગો નહીં હોય. આ ફીડ વિવિધ ભાષાઓમાં દેશના તમામ ખૂણાઓમાંથી સામગ્રીને ક્યુરેટ કરશે. આ સમાચાર ઉદ્યોગમાં ક્રાંતિ લાવશે અને નાના સમાચાર સંગઠનોને મોટા પાયે ટેકો આપશે જેમને સામગ્રી એકત્રિત કરવા માટે વિસ્તૃત નેટવર્કનો લાભ નથી. તેમણે કહ્યું હતું કે, PB- SHABD આ પ્રકારની તમામ સંસ્થાઓ માટે સમાચાર સામગ્રીનો સિંગલ પોઈન્ટ સોર્સ હશે. મંત્રીએ વધુમાં માહિતી આપી હતી કે, શબ્દ સેવા પ્રારંભિક ઓફર સ્વરૂપે પ્રથમ વર્ષ માટે નિઃશુલ્ક ઓફર કરવામાં આવી રહી છે અને તે તમામ મુખ્ય ભારતીય ભાષાઓમાં 50 કેટેગરીમાં સમાચારો પ્રદાન કરશે. દૂરદર્શન ન્યૂઝ અને ઓલ ઈન્ડિયા રેડિયો તથા ન્યૂઝઓનએર એપની સંશોધિત વેબસાઇટ વિશે બોલતાં શ્રી ઠાકુરે કહ્યું હતું કે, ઓલ ઈન્ડિયા રેડિયો વિસ્તૃત મોબાઈલ કનેક્ટિવિટીનાં યુગમાં પણ મહત્ત્વપૂર્ણ છે તથા હજુ પણ સરકારી યોજનાઓ અને નીતિઓ વિશે ચોક્કસ માહિતીનો સ્ત્રોત છે. એપ્લિકેશનમાં પર્સનલાઈઝ્ડ ન્યૂઝ ફીડ્સ, બ્રેકિંગ ન્યૂઝ માટે પુશ નોટિફિકેશન, મલ્ટિમીડિયા કન્ટેન્ટ ઈન્ટિગ્રેશન, ઓફલાઈન વાંચન ક્ષમતા, રિયલ-ટાઈમ કવરેજ માટે લાઈવ સ્ટ્રીમિંગ, સરળ સોશિયલ મીડિયા શેરિંગ, લોકેશન-આધારિત ન્યૂઝ ડિલિવરી, આર્ટિકલ્સ સાચવવા માટે બુકમાર્કિંગ અને સર્ચની શક્તિશાળી કાર્યક્ષમતા જેવી ઘણી નવી સુવિધાઓ હશે.

---

## મેમુ ટ્રેન હવે યાવરપુરા સ્ટેશન પર રોકાશે

ગાંધીનગર : મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વેએ 14 માર્ચ 2024 થી વડોદરા ડિવિઝનના યાવરપુરા સ્ટેશન પર મેમુ ટ્રેનોના વધારાના સ્ટોપેજ પ્રદાન કર્યા છે. તદનુસાર, ટ્રેન નંબર 69222 (09368) ખંભાત - આનંદ મેમુ અને ટ્રેન નંબર 69224 (09374) ખંભાત - આણંદ મેમુને યાવરપુરા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. જે આના જેવું છે:

1. ટ્રેન નંબર 69222 (09368) ખંભાત - આનંદ મેમુ 14.03.2024 થી શરૂ થશે યાવરપુરા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેન 05:05 વાગ્યે યાવરપુરા સ્ટેશન પર પહોંચશે અને 05:06 વાગ્યે રવાના થશે.
2. ટ્રેન નંબર 69224 (09374) ખંભાત - આનંદ મેમુ 14.03.2024 થી શરૂ થશે યાવરપુરા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેન 20:09 વાગ્યે યાવરપુરા સ્ટેશન પર પહોંચશે અને 20:10 વાગ્યે રવાના થશે.

---

## નેફ્રોપ્લસએ વિશ્વ કીડની દિન નિમીત્તે વાઘોડીયામાં પ્રેરણાત્મક ઈવેન્ટનું આયોજન કર્યુ



**વાઘોડીયા, તા. 13**

કીડની સંભાળ ક્ષેત્રે નિષ્ણાત અગ્રણી નેફ્રોપ્લસએ વિશ્વ કીડની દિવસ નિમિત્તે એક યાદગાર ઉજવણીની ઘોષણા કરતા આનંદ અનુભવે છે. આ ઈવેન્ટ વાઘોડીયા ક્લિનીકમાં યોજાઈ હતી

જેમાં પ્રેરણા, જાગૃત્તિ અને મનોરંજનથી ભરપૂર ઈવેન્ટનું આયોજન કર્યુ હતું, જેમાં 80થી વધુ મહેમાનોએ હાજરી આપી હતી. ઈવેન્ટના અનેક મુખ્ય આકર્ષણોમાંથી એક આકર્ષણ એ હતું કે 21 વર્ષીય અસહ્ય સ્થિતિ ધરાવનાર યુવતી દ્વારા નોંધપાત્ર સંબોધન કરવામાં આવ્યુ હતું. આ યુવતી ડાયાલિસીસ લેતી હોવા છતાં આશાવાદ અને મક્કમતા દર્શાવી છે. તેણીની ખુમારીવાળી યાત્રા અને ઉદાહરણરૂપ વર્તણૂકે તમામ મહેમાનોને પ્રેરણા આપી હતી, તેમજ કીડની સંબંધિત અંતરાયોની સ્થિતિમાં પણ મક્કમ મનોબળ રાખી શકાય છે તેવું દર્શાવ્યું હતુ. આ ઉજવણીનો હેતુ સમુદાય અને મજબૂતાઈની સમજ ઊભી કરવાનો તેમજ જાગૃત્તિ ઊભી કરવાનો હતો. આ આ ઈવેન્ટમાં મહેમાનોને વિવિધ પ્રકારના પર્ફોમન્સ દર્શાવવામાં આવ્યા હતા. તેમાં ઊંડી લાગણી દર્શાવતુ ગાયન, વ્યસ્ત રાખતી પ્રવૃત્તિઓ અને એવી વ્યક્તિઓની સ્પર્શતી વાર્તાઓ જેમણે ડાયાલિસીસની શરૂઆતથી આજના દિવસ સુધી પોતાનો માર્ગ પસંદ કર્યો છે વગેરેનો સમાવેશ થાય છે. આ વ્યક્તિગત અનુભવોએ કીડની હેલ્થ કોમ્યુનિટીની શક્તિ અને સ્થિતિસ્થાપકતા પર ભાર મુક્યો હતો. આ ઈવેન્ટમાં માનવંતા મહેમાનોના પ્રેરણા આપતા સંબોધનો તેમજ અમારા વરિષ્ઠ નેફ્રોલોજીસ્ટ દ્વારા વિગતવાર સતર્કતા ચર્ચાને પણ આવરી લેવામાં આવી હતી. તેમણે દરેક માટે કીડનીના સ્વાસ્થયની અગત્યતા પર ભાર મુક્યો હતો. આ કાર્યક્રમમાં મહેમાનોને જાણકારી સાથે તેમની કીડનીના સ્વાસ્થ્યને રક્ષવા માટેના સક્રિય માર્ગોને પ્રોત્સાહન આપવાનો પણ હેતુ સેવવામાં આવ્યો હતો.

---

## રાજ્યમાં શહેરી જનજીવન સુખાકારીના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મહત્વપૂર્ણ નિર્ણયો

**ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ**




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરોના સુઆયોજિત વિકાસને વેગ આપવા સાથે ભવિષ્યની વિકાસ સંભાવનાઓ ધ્યાને લઈને શહેરી જનજીવન સુખાકારી માટે બે મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. મુખ્યમંત્રીએ મોરબી જિલ્લાની ટંકારા ગ્રામ પંચાયત સાથે બે ગ્રામ પંચાયતોને એકત્રિત કરીને ટંકારા નગરપાલિકા બનાવવાની મંજૂરી આપી છે. આર્ય સમાજના સ્થાપક અને ક્રાંતિકારી સમાજ સુધારક મહર્ષિ દયાનંદ સરસ્વતીજીનું જન્મ સ્થળ ટંકારા આજે ૨૨ હજાર જેટલી જનસંખ્યા ધરાવતું ગામ બની ગયું છે. ટંકારાના ઔદ્યોગિક વિકાસને ધ્યાનમાં રાખવા સાથે મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની જન્મ જયંતીને ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે ટંકારાને ગ્રામ પંચાયતમાંથી નગરપાલિકાનો દરજ્જો આપવાનો નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે. ટંકારા ગ્રામ પંચાયત સાથે મોરબી જિલ્લાની અન્ય બે ગ્રામ પંચાયતો આર્યનગર અને કલ્યાણપરને એકત્રિત કરીને આ નવી ટંકારા નગરપાલિકા કાર્યરત થશે. ટંકારાને નગરપાલિકાનો દરજ્જો મળવાથી જાહેર આરોગ્ય અને સ્વચ્છતા, રોડ-રસ્તાની જાળવણી, પીવાનું શુદ્ધ પાણી, જાહેર સ્ટ્રીટ લાઈટ તેમજ ભૂગર્ભ ગટર સહિતની પ્રાથમિક સુવિધા સુખાકારીના કામોને વેગ મળશે. એટલું જ નહીં, હિંમતનગર ખાતે આવેલી સિવિલ હોસ્પિટલ પણ હિંમતનગર નગરપાલિકામાં ભળતા આ હોસ્પિટલને વધારે સારી નાગરિક સુવિધાઓ મળશે જે સરવાળે પ્રજાજનોની સુખાકારીના વધારામાં પરિવર્તિત થશે.

---

## અમદાવાદ મંડળ પર કલ્યાણ વિભાગની ટીમને ઉત્કૃષ્ટ કાર્ય માટે કરવામાં આવ્યા સન્માનિત



અમદાવાદ : અમદાવાદ મંડળ પર આયોજિત અમૃત ભારત સ્ટેશન હેઠળ 9 સ્ટેશન અમદાવાદ, મણીનગર, મહેસાણા, ઉંઝા, સિદ્ધપુર, સામાખ્યાળી, વટવા, ચાંદલોડિયા અને ભીલડીના પુનઃવિકાસ કાર્યક્રમમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે સિનિયર મંડળ કાર્મિક અધિકારી શ્રી જિતેશ અગ્રવાલે કાર્મિક વિભાગના 9 કર્મચારીઓને મેડલ અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કર્યા. આ કાર્યક્રમમાં કાર્મિક વિભાગની વેલફેર ટીમ દ્વારા કરવામાં આવેલા પ્રશંસનીય કામ માટે સન્માન પ્રાપ્ત કરનાર કર્મચારીઓમાં સર્વે શ્રી રાજેશ ઠાકુર, લલિત કુમાર ઝા, જિતેન્દ્ર દેવડા, સચિન વર્મા, જગન પ્રસાદ, રામકેશ મીણા, સુરેશ લખારા, વિનોદ જેઠવા અને સૌરભ ચૌક્સે સામેલ છે. સિનિયર મંડળ કાર્મિક અધિકારી શ્રી જિતેશ અગ્રવાલ દ્વારા કલ્યાણ નિરીક્ષકો અને કાર્યાલય અધિક્ષકને મેડલ અને રૂ. 1000 રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા.

---

## નડિયાદ સ્ટેશન ઉપર ટ્રેનોને આપવામાં આવ્યા વધારાના સ્ટોપેજ

**નડિયાદ, તા. 13**

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના નડિયાદ રેલવે સ્ટેશન ઉપર ટ્રેનોને વધારાના સ્ટોપેજ આપવામાં આવ્યા છે. યાત્રીઓની સુવિધા માટે ટ્રેન નંબર 20935 ગાંધીધામ - ઈન્દૌર સુપરફાસ્ટ, 19483/19484 અમદાવાદ - બરૌની એક્સપ્રેસ, 19435/19436 અમદાવાદ - આસનસોલ એક્સપ્રેસ અને 16733/16734 રામેશ્વરમ - ઓખા એક્સપ્રેસ, 12215 દિલ્લી સરાય રોહિલ્લા - બાન્દ્રા(ટી) ગરીબ રથ એક્સપ્રેસ, 69116(09274) અમદાવાદ - આણંદ મેમૂને નડિયાદ સ્ટેશન ઉપર વધારાના સ્ટોપેજ આપવામાં આવ્યા છે. દિલ્લી સરાય રોહિલ્લા થી 14.03.2024 થી યાત્રા શરૂ કરનારી 12215 દિલ્લી સરાય રોહિલ્લા-બાન્દ્રા(ટી) ગરીબ રથ એક્સપ્રેસને નડિયાદ સ્ટેશન ઉપર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેન 15.03.2024 થી રાત્રે 01:29 કલાકે નડિયાદ સ્ટેશન પહોંચશે અને 01:31 કલાકે પ્રસ્થાન કરશે.

---

**ઉત્તર મધ્ય રેલવે**

ટેન્ડર નોટિસ નં. 05/2024/RS/JHS તારીખ. 06.03.2024

**ઈ-ટેન્ડર સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી, Sr. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (રોલિંગ સ્ટોક) નોર્થ સેન્ટ્રલ રેલ્વે, ઝાંસી નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છેઃ-

| ટેન્ડર નંબર:JHS-RS-WC-T25-2023-24 | ટેન્ડર મૂલ્ય | અર્નેસ્ટ મની |
|---|---|---|
| વર્ણનઃ- ભેલનું સમારકામ, પુનર્વસન અને ઓવરહોલિંગ | રૂ. 5360570.56 | રૂ. 107200.00 |
| WAG-5 (BHELmake) ટેપ ચેન્જર લોકોમોટિવમાં રિવર્સ ફીટ કરે છે. | | |
| ટેન્ડર નં. :JHS-RS-WC-T26-2023-24 | રૂ. 16465654.00 | રૂ. 232300.00 |
| વર્ણનઃ- કોમ્પ્રેસર મોટર (3 ફેઝ ઈન્ડક્શન મોટર) સાથે TRC 100 MN &TRC 1000 MN UG ELGI મેકનું ઓવરહોલિંગ. | | |

**ટેન્ડરની અંતિમ તારીખઃ તમામ ઈ-ટેન્ડર માટે નં.** : 02.04.2024, **LOA જારી કર્યાની તારીખથી પૂર્ણ થવાની અવધિઃ તમામ ટેન્ડર નં.** : 24 મહિના. • ટેન્ડરર 02.04.2024 (15.00 કલાક) સુધી ટેન્ડર ઓનલાઈન સબમિટ કરશે અને ટેન્ડર સબમિટ કરવા માટે ભારતીય રેલ્વે વેબસાઇટ http.//www.ireps.gov.in પર જોઈ શકાય છે.

400/24 (D)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**

નોટિસ નંબર :- 24-27_કોઈલિંગ લાઈનનું એએમસી તારીખ :- 04-03-2024

**ઈ-ટેન્ડર સૂચના**

મુખ્ય વર્કશોપ મેનેજર રેલ સ્પ્રિંગ કારખાના સિથૌલી, ગ્વાલિયર, ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી, નીચેના કામ માટે નીચેના ઈ-ટેન્ડરને આમંત્રણ આપે છે.

**કાર્યનું વર્ણન:** RSK/STLI/GWL પર ત્રણ વર્ષ માટે નવી કોઈલિંગ લાઈનનું AMC.

**અંદાજિત ખર્ચ (રૂ.માં):** રૂ. 21,67,61,704.00 (રૂ. એકવીસ કરોડ, સાઠ લાખ, 61 હજાર, સાતસો ચાર માત્ર), **પૂર્ણતાનો સમયગાળો:** કામ શરૂ થયાની તારીખથી 36 મહિનો, **બાનાની રકમ (રૂ.માં):** માત્ર રૂ. 12,33,900.00 (રૂ. બાર લાખ, તેત્રીસ હજાર નવસો માત્ર). 1. ઈ-ટેન્ડર 02.04.2024 ના રોજ 15.00 કલાકે બંધ કરવામાં આવશે .ઈ-ટેન્ડર નોટિસ ભારતીય રેલવે ઈ-ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in પર પણ ઉપલબ્ધ છે. 2. વિગતવાર માહિતી માટે કૃપા કરીને ભારતીય રેલવે ઈ-ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 3. પાત્રતાના માપદંડો :- લઘુત્તમ પાત્રતા માપદંડો અને અન્ય શરતો માટે ટેન્ડરની શરતમાં વ્યાખ્યાયિત અને દર્શાવ્યા મુજબ સમાન કામ વગેરેનો અનુભવ ટેન્ડર દસ્તાવેજોમાં અને રેલવેની ઈ-ટેન્ડરિંગ વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. 4. વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલ ટેન્ડર દસ્તાવેજનો ઉપયોગ કરીને ટેન્ડર કરનારાઓએ NIT/E-ટેન્ડર દસ્તાવેજ, જો કોઈ હોય તો, જો કોઈ હોય, તો તેના માટે કોઈ અલગ સંદેશાવ્યવહાર હશે નહીં. **નોંધ :-** ટેન્ડરરે ઉપરોક્ત તમામ પાત્રતા માપદંડોને પરિપૂર્ણ કરવા સંદર્ભે દસ્તાવેજી પુરાવો સબમિટ કરવો પડશે અને તે ઓફરની સાથે NITની પ્રકાશન તારીખ પહેલાં તેમના દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. ઉપર જણાવ્યા મુજબ પાત્રતાના માપદંડોને પૂર્ણ કરતા ન હોય તેવા ટેન્ડરોની ઓફર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

407/24(K)

@northcentralrailway North central railways www.ncr.indianrailways.gov.in @CPRONCR

---

**ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ**

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગાંધીનગરમાં ફિલ્મ 'આર્ટિકલ 370' નિહાળી

**ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ**

'આર્ટિકલ ૩૭૦' ફિલ્મમાં જમ્મુ-કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ ને કારણે લોકોને કેટલીય પરેશાની ભોગવવી પડી છે તેનો તાદ્રશ્ય અને વાસ્તવિક



ચિતાર પ્રસ્તુત કરવામાં આવ્યો છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ મંગળવારે રાત્રે ગાંધીનગરના સિટીપલ્સ સિનેમા મગૃહમાં ફિલ્મ 'આર્ટિકલ ૩૭૦' નિહાળી હતી. ફિલ્મથી તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા. અનુચ્છેદ ૩૭૦ની અસરોને તોડી-મરોડીને દર્શાવવામાં આવી રહી હતી, જે વાસ્તવિકતાથી વિપરીત હતું. વર્તમાન સરકારે કાયદા અને કાનૂનના આધારે વિધિવત આર્ટીકલ ૩૭૦ સમાપ્ત કરીને જમ્મુ-કાશ્મીરના એવા લોકો કે જે અત્યાર સુધી ભારતીયોને મળતી સુવિધાઓથી વંચિત રહ્યા હતા; તેમને તેમના અધિકારો આપવાનું કામ કર્યું છે.

---

## મનમંદિર ફાઉન્ડેશન દ્વારા સેક્ટર 1 ખાતે નિર્માણ પામનાર 'નાદ બ્રહ્મ' કલા કેન્દ્રનું ખાતમુહુર્ત કરતા મુખ્યમંત્રી અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ

**ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ**

ભારતીય સંગીત કળાની તમામ વિદ્યાનું જ્ઞાન એક છત નીચે મળી રહે તેવા ઉમદા હેતુથી ગાંધીનગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી મનમંદિર ફાઉન્ડેશન દ્વારા સેક્ટર ૧ ખાતે ભવ્યાતિભવ્ય 'નાદ બ્રહ્મ' કલા કેન્દ્રનું નિર્માણ કરવામાં આવનાર છે જેનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ સી. આર. પાટીલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમનો પ્લોટ મનમંદિર ફાઉન્ડેશનને ભેટ સ્વરૂપે આપેલ હતો જ્યાં ભવ્ય



'નાદ બ્રહ્મ' કલા કેન્દ્રનું નિર્માણ થશે. આ અવસરે મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી જણાવ્યું હતું કે આ સંસ્થાથી ભારતીય સંસ્કૃતિના અભિન્ન અંગ સમાન સંગીત કળાની તમામ વિદ્યાનું જ્ઞાન એક સ્થળે મળી રહેશે.દિવ્યાંગો માટે વિશેષ સેન્સોરિયલ ગાર્ડન, આઉટડોર મ્યુઝિકલ ગાર્ડન, આધુનિક લાયબ્રેરી, સંગીત ઈતિહાસને પ્રદર્શિત કરતું સંગ્રહાલયનો સમાવેશ થાય છે. આગામી સમયમાં 'નાદ બ્રહ્મ' કલા કેન્દ્ર સંગીત કલા ક્ષેત્રની ગતિવિધિ માટેનું વિશિષ્ટ કેન્દ્ર બની રહેશે.

---

## 'કેદીને જામીન મળી જાય તો 48 કલાકમાં મુક્ત કરો...' હાઈકોર્ટે SOP તૈયાર કરવા આપ્યો નિર્દેશ

નવી દિલ્હી | જેલના સત્તાધીશો દ્વારા જામીન બોન્ડ સ્વીકારવામાં વારંવાર વિલંબ જેવી ફરિયાદો પર સુઓ મોટો હાથ ધરતાં એક પીઆઈએલ પર દિલ્હી હાઈકોર્ટે સુનાવણી કરી હતી. તેમાં સંબંધિત અધિકારીઓને SOP તૈયાર કરવા નિર્દેશ આપી દીધો હતો. કોર્ટે કહ્યું કે જે કેદીઓને જામીન આપવામાં આવ્યા છે તેઓને 48 કલાકની અંદર જેલમાંથી મુક્ત કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા એસઓપી તૈયાર કરી દેવામાં આવે.

**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-ટેન્ડર સૂચના નંબર :- 13/2023-24 તારીખ :- 07-03-2024

**ઈ-ટેન્ડર સૂચના નંબર**

ભારતના રાષ્ટ્રપતિ વતી, સિનિયર ડિવિઝનલ મટિરિયલ મેનેજર, નોર્થ સેન્ટ્રલ રેલવે, ઝાંસી દ્વારા નીચેની પોસ્ટ માટે ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમ નં | ટેન્ડર નંબર | વિવરણ | માત્રા | ટેન્ડર ખુલવાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | 92245275 | લાઈટ વેઈટ વ્હીલ ટોઈંગ ટ્રોલી સેટ | 02 સેટ | 05-04-2024 |

નોંધ :- ઉપર આપેલા ઈ-ટેન્ડર નું પુર્ણ વિવરણ IREPSની વેબસાઈટ http://www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડરમા કોઈપણ પ્રકારની ફેરબદલ /સુધારા માટે કૃપા કરીને વેબસાઈટ ને નિયમિત રૂપે જુઓ. વર્તમાનપત્રોમાં કોઈપણ પ્રકારની અલગથી સુધારો /પરીવર્તન પ્રકાશિત કરવામાં નહીં આવે. 421/24(A)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**

**ઇ-ટેન્ડરીંગ ટેન્ડર સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેના માટે, ડિવિઝનલ રેલ્વે મેનેજર/વર્કસ/ઝાંસીએ નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કર્યા છે.

ઈ-ટેન્ડર સૂચના નંબર :- ઝાંસી -ઈન્જી.-ઈ-2024-37 | કાર્યનું નામ :- ઘાટમપુર સ્ટેશનના ક્વાર્ટર્સની ખરાબ હાલતનું ભારે સમારકામ.

અંદાજીત ખર્ચ રૂ :- 6793371.73 | અનામત રકમ :- 135900.00

સ્વીકૃતિ પત્ર જારી કર્યાના સમયથી કામ પૂર્ણ થવાની તારીખ/અવધિઃ- 06 માસ

ટેન્ડર બંધ થવાની તારીખ :- 05-04-2024 એ 15:00 કલાક • ટેન્ડર 05-04-2024 એ 15:00 વાગ્યા સુધી ઓનલાઈન જમા કરાવી શકાશે. • સંપૂર્ણ વિગતો અને ટેન્ડર સબમિટ કરવા માટે ભારતીય રેલ્વેની વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો.

406/24(P)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @CPRONCR

**कार्यपालक अभियंता का कार्यालय**
**ग्रामीण विकास विशेष प्रमंडल, गुमला।**
mail-rdsdgumla123@gmail.com

अति अल्पकालीन पुर्ननिविदा ई–निविदा आमंत्रण सूचना
ई– निविदा सूचना संख्या – RDD/SD/GUMLA/25/2023-24

1. कार्य की विस्तृत विवरणी:

| क्र०सं० | कार्य का नाम | प्राक्कलित राशि | अग्रधन की राशि | परिमाण विपत्र का मूल्य | कार्य पूर्ण करने की अवधि |
|---|---|---|---|---|---|
| 1 | गुमला जिला के भरनो प्रखण्ड में तुरिअम्बा पंचायत के ग्राम खरतंगा (लोधमा) से कमलपुर (हेठटोली) को जोड़ने वाली (भाग–2) कंष नदी पर पुल निर्माण। | 3,68,97,600.00 | 7,40,000.00 | 10,000.00 | 18 माह |

2. वेबसाइट में निविदा प्रकाशन की तिथि – 21.03.2024
3. ई–निविदा प्राप्ति की तिथि एवं समय – दिनांक 21.03.2024 से दिनांक 27.03..2024 को अपराह्न 5:00 बजे तक
4. ई–निविदा खोलने का स्थान – कार्यपालक अभियंता का कार्यालय, ग्रामीण विकास विशेष प्रमण्डल, गुमला।
5. ई–निविदा खोलने की तिथि एवं समय – 02.04.2024 अपराह्न 2:00 बजे
6. ई–निविदा आमंत्रित करने वाले पदाधिकारी का नाम एवं पत :– कार्यपालक अभियंता, ग्रामीण विकास विशेष प्रमंडल, गुमला।
7. ई–निविदा प्रकोष्ठ का दूरभाष सं० – 8709875092 (संबंधित कार्यपालक अभियंता का दूरभाष नम्बर)
8. परिमाण विपत्र की राशि घट–बढ़ सकती है तद्नुसार अग्रधन की राशि देय होगी।
9. निविदा शुल्क एवं अग्रधन की राशि केवल Online Mode द्वारा स्वीकार्य होगी।
10. निविदा शुल्क एवं अग्रधन की राशि का ई–भुगतान जिस खाता से किया जायेगा, उसी खाते में अग्रधन की राशि वापस होगी। अगर खाता को बंद कर दिया जाता है तो उसकी सारी जवाबदेही सम्बंधित निविदादाता की होगी।

विस्तृत जानकारी के लिये वेबसाईट www.jharkhandtenders.gov.in एवं कार्यालय की सूचना पट्ट पर देखा जा सकता है।

कार्यपालक अभियंता
ग्रामीण विकास विशेष प्रमंडल, गुमला। .

PR.NO.322503 Rural Development(23-24):D

સિટી એક્સપ્રેસ
THURSDAY 14 MARCH-2024
AHMEDABAD

### અમદાવાદ કોર્ટના ટાઈપિસ્ટે નફાના ચક્કરમાં રૂપિયા 1.50 લાખ ગુમાવ્યા

અમદાવાદ | અમદાવાદમાં રહેતો અને કોર્ટમાં ખાનગી ટાઈપિસ્ટ તરીકે કામગીરી કરતા યુવકનો પરિચય અમરેલીના યુવક સાથે થયો હતો. ત્યારબાદ બંને વચ્ચે ટૂંકા સમયની મિત્રતામાં યુવકે 4 લાખ રૂપિયા આપ્યા હતા. તે રૂપિયાથી કરેલા ધંધાનો નફો લેવા કલોલ લેવા બોલાવ્યો હતો. ટાઈપિસ્ટ અને તેની પત્ની નફો આપવા આવેલો યુવક એક જ રૂમમાં રોકાયા હતા. જ્યારે સવારે હુ અમદાવાદ કામ અર્થે પરત આવુ છુ કહીને નિકળી ગયો હતો. ત્યારબાદ રૂમમાંથી 1.50 લાખ રૂપિયાની ચોરી કરી ફરાર થઈ જતા કલોલ શહેર પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

### RTOને પસંદગીના નંબરોની હરાજીમાં 92 લાખની આવક

અમદાવાદ | તાજેતરમાં જ ગાંધીનગર આરટીઓ દ્વારા GJ 18 EC સીરીઝ ખુલ્લી મૂકીને ગોલ્ડન અને સિલ્વર શ્રેણી સહિતના નંબરોની ઓનલાઈન હરાજી કરવામાં આવી હતી. જિલ્લાના વાહનચાલકોએ પસંદગીના નંબરો મેળવવા માટે લાખોમાં બોલી લગાવી હતી. એમજી ગ્લોસ્ટર કારના માલિક દ્વારા 0001 નંબર મેળવવા માટે 10.50 લાખ રૂપિયાની બોલી લગાવીને નંબર ખરીદ્યો હતો. બીએમડબલ્યુની એક કારનો 0111 નંબર 5.22 લાખની કિંમતે વહેચાયો હતો.

# ભાજપની બીજી યાદીમાં ગુજરાતના 7 ઉમેદવારો જાહેર થયા, 2 ઉમેદવારો રિપીટ, 4 હજી બાકી

**દર્શના જરદોશ-ભારતી શિયાળનું પત્તું કપાયું, 11 મહિના પહેલા પક્ષ છોડી ફરી આવેલા જસુ રાઠવાને ટિકિટ**

અમદાવાદ | તા.13

ભાજપે લોકસભા ચૂંટણી માટે 72 ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં ગુજરાતની 7 બેઠક પરથી ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં વડોદરા બેઠક પરથી રંજનબેનને રિપિટ કરવામાં આવ્યા છે. જ્યારે સુરત બેઠક પરથી કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોષને હટાવવામાં આવ્યા છે. આ સાથે જ ભાજપે ગુજરાતની 22 બેઠકોના ઉમેદવાર જાહેર કર્યા.

આ વચ્ચે સુરતથી મુકેશ દલાલને ટિકિટ આપવામાં આવી છે. જ્યારે અમદાવાદ પૂર્વથી હસમુખ પટેલને રિપિટ કરાયા છે. આ સાથે જ સાબરકાંઠાથી ભીખાજી ઠાકોર ચૂંટણી લડશે. તેમજ અમદાવાદ પૂર્વથી હસમુખ પટેલને રિપિટ કરવામાં આવ્યા છે.

જ્યારે ભાવનગરથી નીમુબેન બાંભણિયા ચૂંટણી લડશે. તેમજ છોટા ઉદેપુરથી જશુભાઈ રાઠવાને ટિકિટ આપવામાં આવી છે. જ્યારે વડોદરાથી રંજનબેન ભટ્ટને રિપિટ કરવામાં આવ્યા છે. તેમજ વલસાડથી ધવલ પટેલને ટિકિટ આપવામાં આવી છે.

### 7 ઉમેદવારોના નામ

- સાબરકાંઠાથી ભીખાજી દુધાજી ઠાકોર
- અમદાવાદ પૂર્વથી હસમુખ પટેલ
- ભાવનગરથી નિમુબેન બાંભણિયા
- વડોદરાથી રંજનબેન ભટ્ટ
- છોટા ઉદેપુરથી જશુભાઈ રાઠવા
- સુરતથી મુકેશ ચંદ્રકાંત દલાલ
- વલસાડથી ધવલ પટેલ

### કોણ છે ભાજપના ઉમેદવાર ધવલ પટેલ?

ધવલ પટેલ વલસાડ જિલ્લા પંચાયતની ન્યાય સમિતિના પૂર્વ અધ્યક્ષ છે અને હાલમાં જિલ્લા પંચાયતના સભ્ય છે.

### ભાજપે 10 સાંસદોની કાપી દીધી ટિકિટ

ગુજરાતમાં 26માંથી 22 સાંસદોના નામ જાહેર થઈ ગયા અને 4 બેઠકો પર કોંકડું ગૂચવાયું છે. હજુ પણ કેટલાક ઉમેદવારો રીપિટ ના થાય તેવી સંભાવના વચ્ચે ભાજપે 26માંથી 10 સાંસદોના પત્તાં કાપી દીધા છે. ગુજરાતમાં 26માંથી 26 બેઠકો ભાજપ પાસે હોવા છતાં ભાજપે કદાવર નેતાઓના પત્તા કાપી નવા ઉમેદવારો જાહેર કર્યા છે. જેઓના માથે હવે 5 લાખની લીડથી જીતવાનો ટાર્ગેટ છે.



### કેન્દ્રીય મંત્રી દર્શના જરદોશનું પત્તું કપાયું

ભાજપે સુરતના સાંસદ અને વર્તમાન કેન્દ્રીય મંત્રી દર્શના જરદોશની ટિકિટ કાપી તેમના સ્થાને મુકેશ દલાલને ટિકિટ આપી છે. મુકેશ દલાલ સુરત શહેર ભાજપના મહામંત્રી છે. તેઓ અલગ અલગ સંગઠનના હોદ્દા ઉપર રહી ચૂક્યા છે. ભૂતકાળમાં તેઓ સુરત મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હતા. તેઓ ધ સુરત પીપલ્સ બેંકના ચેરમેન પણ રહી ચૂક્યા છે. સુરત ક્રિકેટ બોર્ડમાં પણ તેઓ મહત્વની ભૂમિકામાં છે.

**સામાન્ય જનતાને મળી રાહત**


# અમૂલ અને સાબર બ્રાન્ડના ઘીના ભાવમાં એક કિલોએ રૂા.25નો ઘટાડો

અમદાવાદ | તા.13

રાજ્યની જનતાને મોટી રાહત આપવામાં આવી છે. જેમાં અમૂલ અને સાબર બ્રાન્ડના ઘીના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ માટે સાબર ડેરી દ્વારા અમૂલ અને સાબર બ્રાન્ડના ઘીમાં રૂ.25 નો ઘટાડો કર્યો છે. જે સાથે જ 15 કિલોના ડબ્બાના ભાવમાં રૂ. 375નો ઘટાડો કરવામાં આવ્યો છે.

સાબરડેરીના સાબર શુદ્ધ ઘીમાં પ્રતિ કિલોએ રૂપિયા 25 નો ઘટાડો કર્યો છે. સાબર ડેરીના શુદ્ધ ઘીના 15 કિલોના ડબ્બામાં રૂ 375 નો ઘટાડો કરાયો છે. હવેથી હવે 15 કિલોનો સાબર શુદ્ધ ઘીનો ડબ્બો 9000 રૂપિયા આસપાસ મળશે. તો હવે 1 કિલો સાબર શુદ્ધ લુઝ ઘી 600 રૂપિયામાં મળશે.

આ સાથે જ ઘીનો નવો ભાવ આવતીકાલથી અમલવારી લાગુ કરવામાં આવશે. અમૂલ અને સાબર બ્રાન્ડના કિલો પર ઘી ના ભાવ માં 25 રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ સાથે જ ઘીના ભાવમાં ઘટાડો થતા ગૃહિણીમાં ખુશી જોવા મળી રહી છે.




**અગાઉ સાબર ડેરીએ ભાવમાં કર્યો હતો ઘટાડો :** આ પહેલા પણ જાન્યુઆરી અને નવેમ્બર મહિનામાં સાબર ડેરીએ ઘીના ભાવ ઘટાડ્યા હતા. ગત જાન્યુઆરીમાં 15 રૂપિયા તો નવેમ્બર મહિનામાં સાબરડેરી દ્વારા ઘીના ભાવમાં પ્રતિ કિલો એ 29 રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આ સાથે જ માત્ર ત્રણ મહિનાના ગાળામાં સાબર ડેરીએ બીજીવાર ઘીના ભાવમાં ઘટાડો કર્યો છે.

**Quick Read**

### ગુડાના 1208 આવાસમાંથી 300થી વધુના પઝેશન બાકી

અમદાવાદ | તાજેતરમાં જ સરગાસણ ખાતે કરવામાં આવેલ 1208 EWS આવાસના લોકાર્પણ બાદ લાભાર્થીને આવાસનું પઝેશન આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. જેમાં શરૂઆતના તબક્કે 600થી વધારે લોકોએ દસ્તાવેજ કરાવીને આવાસનો કબજો પણ મેળવી લીધો છે. જ્યારે નિયત રકમ ભરી દિધેલાં લાભાર્થીઓના પઝેશન લેટર પણ તંત્ર દ્વારા બનાવી દેવામાં આવ્યાં છે. પંરતુ અંદાજીત 300 જેટલાં લાભાર્થીઓ દ્વારા હજું સુધી નિયત કરેલ રકમની ફી ભરેલ ના હોવાથી આવાસનું પઝેશન મેળવી શક્યાં નથી. સરગાસણ ખાતે બનાવવામાં આવેલાં EWS 1208 આવાસોનો ડ્રો વર્ષ 2022માં કરવામાં આવ્યો હતો. જેના દસ્તાવેજ ચકાસણીથી નિયત કરેલ આવાસની રકમ 6.05 લાખ રૂપિયા 7 હપ્તામાં લાભાર્થીને ભરવાના હોય છે. પરંતુ 300 થી વધુ લાભાર્થીઓ દ્વારા રકમ ભરી ના હોવાથી આવાસનો કબજો મેળવી શક્યા નથી.

### પતિનું લફરું હોવાની શંકા રાખી 2 મહિલાઓની વાળ પકડી મારામારી

લગ્નેત્તર સંબંધોને લઈ થતાં વિવાદો સંસાર તૂટવા સુધી પહોંચી જતા હોય છે. અમદાવાદ શહેરમાં એક મહિલાના પતિનું પાડોશમાં રહેતી મહિલા સાથે લફરૂં હોવાની શંકા રાખીને બબાલ થઈ હતી. જેમાં બે મહિલાઓએ એકબીજાના વાળ પકડીને મારામારી કરતાં મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. બંને મહિલાએ સામસામે ફરિયાદ કરી હતી. જ્યારે શંકાશીલ પતિએ પણ પાડોશમાં રહેતી મહિલાને થપ્પડો મારી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં જમનાદાસની ચાલીમાં રહેતી સનમ પડોશમાં રહેતી નગમા વિરૂદ્ધ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં હુમલાની ફરિયાદ કરી છે, તો બીજી તરફ સલમાએ પણ સનમ અને તેનો પતિ સુલેમાન, બખ્તાવર, મીના અને હિના વિરૂદ્ધ હુમલાની ક્રોસ ફરિયાદ કરી છે. (ઓળખ છુપાવવા પાત્રોના નામ બદલવામાં આવ્યા છે) સનમ તેના પતિ અને બાળકો સાથે રહે છે. સનમને તેના પતિ સુલેમાનનું પડોશમાં રહેતી નગમા સાથે લફરું હોવાની જાણ થઈ હતી.

**નવા મતદારોને ચૂંટણી કાર્ડ મળી રહે તેને લઈ ઝડપી કામગીરી**

# ચૂંટણીને લઈ જામનગરમાં તંત્ર પોસ્ટ દ્વારા મોકલી રહ્યું છે ચૂંટણી કાર્ડ

અમદાવાદ | તા.13

વર્ષ 2024 લોકસભાની ચૂંટણીને હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી છે, ત્યારે જામનગર જિલ્લામાં ચૂંટણી અંગેની કાર્યવાહી વહીવટી તંત્ર દ્વારા શરુ કરવામાં આવી છે.જામનગર જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા નવા ઉમેરાયેલા ચૂંટણી કાર્ડ ઘરે-ઘરે પહોંચી જાય અને મતદાન પ્રત્યે જાગૃતિ આવે તે અંતર્ગત કાર્યવાહી કરાઈ રહી છે. લોકસભાની ચૂંટણી ગમે ત્યારે જાહેર કરાય તેવી સ્થિતિ વચ્ચે જામનગર જિલ્લા વહીવટી તંત્રમાં ચૂંટણી સબંધિત કામગીરીનો ધમધમાટ દિવસ-રાત ચાલુ થઈ ચૂક્યો છે. સવારે કચેરીમાં આવેલા કર્મચારીઓ રાત્રે ઘરે જાય છે. એજન્સી દ્વારા બનાવવામાં આવેલા હજારો નવા મતદારોને ચૂંટણી કાર્ડ રીટર્નિંગ અધિકારીની કચેરી મતદારોને ચૂંટણીકાર્ડ મોકલવાની કામગીરી હાલ ચાલુ છે. ફેબ્રુઆરી માસના અંત સુધીમાં 55,644 મતદારોને તેમના નવા ચૂંટણીકાર્ડ કાર્ડ મોકલાઈ ગયા છે. બીજી તરફ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા જામનગર જિલ્લામાં નવા ઉમેરાયેલા અને સુધારો કરાયેલા સાથેના ચૂંટણી કાર્ડ મતદારોને મોકલવાની કામગીરી કરવામાં આવી છે. તંત્ર દ્વારા જે તે વિધાનસભા ક્ષેત્રના રીટર્નીંગ અધિકારીઓ એટલે કે, પ્રાંત અધિકારીની કચેરીને તેના મત વિસ્તારના અથવા તાલુકાના નવા ચૂંટણી કાર્ડ મોકલી આપવામાં આવે છે. જે બાય પોસ્ટ જે તે મતદારે દર્શાવેલા સરનામા પર મોકલવામાં આવે છે. સરનામું ન મળે કે અન્ય કોઈ કારણસર પોસ્ટ પાછી જાય તો જે તે કચેરી દ્વારા કાર્ડ બીએલઓને સોંપીને તેના વિસ્તારમાં ફરીથી રૂબરૂ પહોંચાડવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે.



### નવા મતદારો નોંધાયાં

ફેબ્રુઆરી માસના અંત સુધીમાં હાલ જામનગર જિલ્લામાં કુલ 12 લાખ 14,516 મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૨ લાખ ૭૩,૮૧૧ મતદારો ૧૮ થી ૨૯ વર્ષની વચ્ચેની ઉંમરના છે. જિલ્લામાં આવેલી પાંચ વિધાનસભા બેઠકોના વિસ્તારોના મતદાન મથકો અને મતદારોની વાત કરીએ તો 76-કાલાવડ વિધાનસભા ક્ષેત્રમાં 280 બુથ અને 2,31,070 મતદારો, 77-જામગનર ગ્રામ્યમાં 270 મતદાન મથકો અને 2,57,087 મતદારો, 78-જામનગર (ઉત્તર) બેઠક વિસ્તારમાં 226 મતદાન મથકો અને 2,70,219 મતદારો, 79-જામનગર (દક્ષિણ) બેઠક વિસ્તારમાં 197 મતદાન મથકો અને 2,28,867 મતદારો,80-જામજોધપુર બેઠકના વિસ્તારમાં 268 મતદાન મથકો અને 2,27,012મતદારો નોંધાયેલા છે.

# અમદાવાદનાં વટવામાં રખડતા શ્વાને એક જ અઠવાડિયામાં સાત લોકોને ભર્યા બચકાં

અમદાવાદ | તા.13

અમદાવાદના વટવા વિસ્તારમાં આવેલા દેવ માણેક ફ્લેટના સ્થાનિકોમાં રખડતા કૂતરાને લઈ ભયનો માહોલ ફેલાઈ ગયો છે. સ્થાનિકોનું કહેવું છે કે,એક જ અઠવાડિયામાં રખડતા શ્વાને સાતથી આઠ લોકોને બચકા ભર્યા,આ બાબતને લઈ AMCમાં લેખિતમાં જાણ કરવામાં આવી છે પણ હજી સુધી કોઈ પગલાં ભરવામાં આવ્યાં નથી,શ્વાનો હજી પણ રખડી રહ્યાં છે. ફ્લેટના સ્થાનિકોમાં ભય છે કે હમણાં નીચે જઈશું તો શ્વાન બચકું ભરશે,આ બીકના કારણે સ્થાનિકોન નીચે ઉતરતાં ડરી રહ્યાં છે,ફ્લેટના સ્થાનિકોઓ ભેગા મળીને AMC વિભાગમાં આ બાબતને લઈ અરજી કરી છે,તેમ છત્તા હજી કોઈ નિરાકરણ આવ્યું નથી,તો સ્થાનિકોનો આક્ષેપ છે કે,સ્થાનિક કોર્પોરેટરો પણ આ બાબતને લઈ કોઈ નિરાકરણ લાવતાં નથી અને આંખ આડા કાન કરી રહ્યાં છે. શેરીઓમાંથી કૂતરાઓને હટાવવું ગેરકાયદેસર છે અને કૂતરાઓને ભગાડી શકાતા નથી. તેથી એકવાર કૂતરો શેરીઓમાં આવી જાય, જ્યાં સુધી તેને દત્તક લેવામાં ન આવે ત્યાં સુધી તેને ત્યાં રહેવાનો અધિકાર છે. ભારતમાં 2001થી કૂતરાને મારવા પર પણ પ્રતિબંધ છે. ભારતની સર્વોચ્ચ અદાલતે 2008 માં મુંબઈ હાઈકોર્ટના નિર્ણયને સ્થગિત કર્યો હતો જેમાં નગરપાલિકાઓને ઉપદ્રવી કૂતરાઓને મારવાની મંજૂરી આપવામાં આવી હતી.ભારતીય બંધારણના આર્ટિકલ 51A(G) મુજબ વન્યજીવોનું રક્ષણ કરવું અને તમામ જીવો પ્રત્યે કરુણા રાખવી એ ભારતના દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે.

### સોલા, ઘાટલોડિયા, રાણીપમાં ગેસની તીવ્ર વાસ ફેલાતાં ફાયરને 200 કોલ

અમદાવાદ |સોલા, ઘાટલોડીયા, રાણીપમાં સોમવારે રાત્રે ગેસની તીવ્ર વાસ ફેલાઈ હોવાની લોકોની ફરિયાદ કરી હતી. રાત્રે 10.30ની આસપાસ રહીશોએ ગેસની દુર્ગંધ આવતી હોવા મુદ્દે ફાયરબ્રિગેડ અને અદાણી ગેસની હેલ્પલાઈન પર 200થી વધુ કોલ કર્યા હતા. ફાયરબ્રિગેડને ઘાટલોડિયા, સતાધાર ચાર રસ્તા બીઆરટીએસ બસ્ટેન્ડ, રાણીપમાંથી કોલ થયા હોવાનું જાણવા મળે છે. ગેસની તીવ્ર વાસને કારણે લોકો ઘરમાંથી બહાર આવી ગયા હતા. ફાયરબ્રિગેડની ટીમોએ સંખ્યાબંધ સ્થળે પ્રાથમિક તપાસ કરી હતી. આ ઉપરાંત અદાણી ગેસના કર્મચારીઓ પણ તપાસમાં જોડાયા હતા. અનેક ગેસની પાઈપલાઈનમાં તપાસ કરવામાં આવી હતી. પરંતુ ક્યાંયથી કશું લીકેજ થયું હોવાનું પકડાયું ન હતું. આખરે લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. મોડી રાત્રે 1 વાગ્યા સુધી તીવ્ર વાસ ચાલુ રહી હતી. પરંતુ એ પછી પરિસ્થિતિ થાળે પડી ગઈ હતી. તીવ્ર વાસ શેના કારણે આવતી હતી તેની હજુ પણ તપાસ કરવામાં આવી રહી છે.

**તમામ જિલ્લા શિક્ષણાધિકારીને શિક્ષણ વિભાગનો પરિપત્ર**

# હવે સ્કૂલમાં પાનમસાલા ખાતા શિક્ષક સામે પગલાં લેવા આદેશ

અમદાવાદ | તા.13

સ્કૂલોમાં પાનમસાલા મસળતા શિક્ષકો સામે પગલાં લેવા શિક્ષણ વિભાગે દરેક જિલ્લા શિક્ષણાધિકારીને સૂચના આપી છે. આ પહેલાં મુખ્યમંત્રી કાર્યાલય તરફથી વિભાગને સૂચના અપાઈ હતી કે, ગુજરાતની શાળાઓમાં શિક્ષકોનાં વ્યસન સામે તકેદારીપૂર્વક પગલાં લેવામાં આવે, જેના આધારે વિભાગે દરેક જિલ્લા શિક્ષણાધિકારીને પરિપત્ર કરીને આ શિક્ષકોના વ્યસન પર પ્રતિબંધ લગાવવા માટેનો આદેશ આપ્યો છે. સ્કૂલોમાં શિક્ષકો દ્વારા કરાતા વ્યસન બાબતે મુખ્યમંત્રીને ફરિયાદ કરાઈ હતી, જેને પગલે વિદ્યાના ધામમાં કોઈ પણ પ્રકારનું વ્યસન ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવા મુખ્યમંત્રીએ નિર્દેશ આપ્યો હતો. વિભાગે પરિપત્રમાં જણાવ્યું છે કે, સ્કૂલોમાં શિક્ષકો કે આચાર્ય ખુલ્લેઆમ બાળકોની સમક્ષ તમાકુ કે મસાલા મસળીને ખાતા જોવા મળે છે, જેથી શિક્ષણના મદિરમાં બાળકોને જીવન ઘડતરના પાઠ શીખવવાના હોય છે ત્યાં વ્યસન કરવાના પાઠ ભણીને જાય છે, જે શિક્ષણ જગત માટે લાંછનીય બાબત છે.

### સ્કૂલની આસપાસ જ તમાકુ ઉત્પાદનોનું વેચાણ થાય છે

શાળાની આસપાસના ચોક્કસ અંતરમાં તમાકુના વેચાણ પર પ્રતિબંધ છે છતાં સ્કૂલોની આસપાસ જ પાનની દુકાનો હોય છે. આ મુદ્દે ભૂતકાળમાં સ્વૈચ્છિક સંગઠનોએ સ્થાનિક કક્ષાએ રજૂઆતો કરી હતી. સંસ્થાએ સ્કૂલની દીવાલની નજીકમાં જ પાનની દુકાન હોય તેવા ફોટો સાથે અમદાવાદના સ્થાનિક અધિકારીઓને ફરિયાદ કરી હતી, પરંતુ હજુ આવી દુકાનો સામે કોઈ પણ પગલાં લેવાયાં નથી.



### મીઠાખળી પાસે બે યુવકે એક્ટિવા પર સ્ટંટ કરી આતંક મચાવ્યો



અમદાવાદ | સોશિયલ મીડિયા પર મીઠાખળી ચાર રસ્તાથી નેહરુબ્રિજ સુધીના રોડ પર એક્ટિવા પર સ્ટંટ કરતા બે યુવકનો વીડિયો ફરતો થયો હતો. વીડિયોમાં એક યુવક બેફામ એક્ટિવા હંકારી રહ્યો છે, જ્યારે જ્યારે તેની પાછળ બેઠેલો યુવક સ્ટેન્ડ રસ્તા પર ઘસડાવીને તણખા કરી રહ્યો છે. આ વીડિયો ટ્રાફિક પોલીસને મળતા જ બંને યુવકની શોધખોળ શરૂ કરવામાં આવી છે. મીઠાખળી ચાર રસ્તાથી નેહરુબ્રિજ સુધીના રોડ પર ટુવ્હીલર પર કેટલાક મિત્રો રાત્રીના સમયે જઈ રહ્યા હતા, જે પૈકી એક એક્ટિવાચાલક બેફામ એક્ટિવા ચલાવી રહ્યો હતો અને તેની પાછળ બેઠેલો યુવક એક્ટિવાના સ્ટેન્ડથી તણખા કરી રહ્યો હતો. જોકે કેટલાક રાહદારીઓએ આ વીડિયો બનાવ્યો હતો, જે ટ્રાફિક પોલીસ પાસે પહોંચતા તપાસ શરૂ કરાઈ છે.

### બગોદરાના ઈસમે શિયાળ ચોકડી પાસે બસના કાચ તોડી ડ્રાઈવરને માર માર્યો

અમદાવાદ | ધંધુકા એસ.ટી.ડેપોની મીની બસના ડ્રાઈવરે બગોદરામાં પેસેન્જર ઉતારવા બસ ઉભી રાખતાં રોંગ સાઈડે બાઈક ચાલકે બસના આગળના ભાગે બાઈક અથડાતા બાઈક ચાલકનું ઉપરાણું લઈને આવેલી વ્યક્તિએ બસના ડ્રાઈવરની સરકારી ફરજમાં રૂકાવટ કરી તેમના ઉપર હુમલો કરી લાકડી આંખ ઉપર ગંભીર ઈજા કરી બસને નુકશાન કરી બચાવવા પડેલા પેસેન્જરને લાફા મારી બસને નુકસાન કરતાં બગોદરા પોલીસમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ધંધુકા એસ.ટી. ડેપોમાં કંડક્ટર તરીકે નોકરી કરતાં કોમલબેન વિપુલભાઈ પરમારે બગોદરા પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે તે અને ડ્રાઈવર ઈમરાનભાઈ કરીમભાઈ સંઘરીયાત ધંધુકા ડેપોમાં મીની બસ નંબર GJ-18-Z-9088 લઈ ગાંધીગ્રામ અમદાવાદ ગયા હતાં અને સાંજના પરત આવતા 8 વાગે બગોદરામાં શિયાળ ચોકડી પાસે પેસેન્જરોને ઉત્તરવા ડ્રાઈવરે બસ ઉભી રાખી હતી. ત્યારે રોંગ સાઈડથી એક ભાઈ બાઈક લઈને આવીને બસનાં આગળના ભાગે અથડાતા તે ભાઈ બાઈક સાથે રોડ ઉપર પડી ગયો હતો.

**CIDના વિઝા કન્સલ્ટન્ટની 18 ઓફિસમાં દરોડા**

# અસલી ડિગ્રી પડાવી નકલી દસ્તાવેજ પર ઓસ્ટ્રેલિયા મોકલવાનું કૌભાંડ

અમદાવાદ | તા.13

સ્ટુડન્ટ વિઝા પર ઓસ્ટ્રેલિયા ગયેલા બે વિદ્યાર્થીએ વિઝા કન્સલ્ટન્ટને ધોરણ 10, 12ની માર્કશીટ, ડિગ્રી સર્ટિફિકેટ સહિતના અસલી ડોક્યુમેન્ટ્સ આપ્યા હતા, પરંતુ સીઆઈડી ક્રાઈમની તપાસમાં બંને વિદ્યાર્થી નકલી ડોક્યુમેન્ટ્સના આધારે સ્ટુડન્ટ વિઝા પર ઓસ્ટ્રેલિયા ગયા હોવાનો ઘટસ્ફોટ થયો હતો, જેથી પોલીસે વિઝા કન્સલ્ટન્ટ સામે ગુનો નોંધી અસલી અને નકલી ડોક્યુમેન્ટ્સના વધુ એક કૌભાંડની તપાસ શરૂ કરી હતી. ફરિયાદો મળતાં સીઆઈડી ક્રાઈમે અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં એકસાથે 18 વિઝા કન્સલ્ટન્ટની ઓફિસમાં દરોડા પાડ્યા હતા, જેમાં આંબાવાડીના નેપ્ચ્યુન એજ્યુકેશન કન્સલ્ટન્ટન્સ ફોર ગ્લોબલ એસ્પિરન્ટ્સની ઓફિસમાં પણ દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાંથી પોલીસને 3571 વિદ્યાર્થીના વિઝાના ડોક્યુમેન્ટ્સ અને ફાઈલ મળ્યાં હતાં. આ ડોક્યુમેન્ટ્સ ખરાઈ માટે એફએસએલ, ગુજરાત બોર્ડ અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં મોકલી અપાયા હતા, જેમાં સચિનકુમાર ચૌધરી અને મિહિર રામી નામના વિદ્યાર્થીના ડોક્યુમેન્ટ્સ ખોટા હોવાનું જાણવા મળ્યું હતું. બંનેએ કુડાસણની ઉમિયા ઓવરસીઝના માલિક વિશાલ પટેલ પાસે કામ કરાવ્યું હોવાનું બંનેના વાલીઓએ જણાવતાં સીઆઈડી ક્રાઈમે વિશાલ પટેલ સામે ગુનો નોંધ્યો છે.




### બંને વિદ્યાર્થીઓએ વિશાલ પટેલને અસલી ડોક્યુમેન્ટ્સ જ આપ્યા હતા

સચિનની ધોરણ 10, 12ની માર્કશીટ, ઉદયપુરની યુનિ.નું ડિપ્લોમા સર્ટિ, એસબીઆઈનો લોન સેન્ક્શન લેટર, નોટરી રીટા ડી. ગાંધીનું સ્પોન્સરશિપ અંગેનું સોગંદનામું, મકાનનો વેલ્યૂ રિપોર્ટ જ્યારે મિહિર રામીની 10, 12ની માર્કશીટ, સૌરાષ્ટ્ર યુનિ.ની ડિગ્રી, લોન સેન્ક્શન લેટર, નોટરી રીટા ડી. ગાંધીનું સોગંદનામું મળ્યાં હતાં. બંનેના ડોક્યુમેન્ટ્સ ખોટા હોવાનું જાણવા મળ્યું હતું. જોકે બંનેએ વિશાલને અસલી ડોક્યુમેન્ટ્સ જ આપ્યા હતા.

**ઢંગધડા વગરનું સોગંદનામું કરતાં ઝાટકણી**

# સોગંદનામું કરતાં ન આવડતું હોય તો સરકાર વતી દલીલો બંધ કરો : HC

અમદાવાદ | તા.13

હાઈકોર્ટમાં કોઇ કેસમાં સરકારી અધિકારીએ કરેલા સોગંદનામા મુદ્દે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂદ્ધ માયીની ખંડપીઠે સરકારની ટીકા કરી હતી. ખંડપીઠે ટકોર કરી હતી કે,સરકારી અધિકારીઓને સોગંદનામું કરતા ના આવડતું હોય તો સરકાર તરફે દલીલો બંધ કરી યોગ્ય ફોર્મેટમાં સાચી અને યોગ્ય માહિતી રજૂ કરો. સોગંદનામું કોઈપણ કેસનું હૃદય અને આત્મા છે તેને હળવાશથી લેવાની ભૂલ ના કરશો. ખંડપીઠે રજિસ્ટ્રીને યોગ્ય ફોર્મેટ વગરના સોગંદનામા ન સ્વીકારવા આદેશ કર્યો છે. ખંડપીઠનો મિજાજ પારખીને એડિશનલ એડવોકેટ જનરલ મનિષા લવકુમારે બાંયધરી આપી હતી કે હવે પછી સોગંદનામામાં આવી ભૂલો થશે નહીં. સરકારી અધિકારીએ કોઈ કેસમાં કરેલા સોગંદનામામાં હાઈકોર્ટે માંગેલી વિગતો રજૂ ન કરતા ચીફ જસ્ટિસે ઝાટકણી કાઢી હતી.

કોર્ટે ટકોર કરી હતી કે, મોટાભાગના સરકારી સોગંદનામામાં ક્યાં અધિકારીએ કર્યું છે? તેનો હોદ્દો શું છે? કોર્ટે શું માહિતી માંગી અને પોતે શું રજૂ કરે છે? તેનો પણ તેમને કોઈ અર્થ સમજાતો નથી. માત્ર કરવા ખાતર સોગંદનામું કરી દેવાની અધિકારીઓને ટેવ પડી ગઈ છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...